[illegible]

[illegible]

[illegible]

દારેસલામવાળા મનજીભાઇ લાલજીના સદ્દગત પુત્ર
હુસેનભાઈની સ્મારક ગ્રંથમાળા નં. ૧ લો.

દ્રષ્ટાંત સંગ્રહ.

સંગ્રહ કરનાર અને પ્રકાશક
મહમદ અમરસી માસ્તર ચીત્તલવાલા
કચ્છ મુંદ્રા.

ઇ. સ. ૧૯૨૧.

કીમત રૂા. ૧ા. સવા.

પ્રસિદ્ધ કર્તા

ખોજા મહમદ અમરશી માસ્તર.

ખોજા ઇસ્માઇલીઆ આગાખાન સ્કુલ

કચ્છ-મુંદ્રા.

આ પુસ્તક નં. ૯૩, ચીંચપોકલી
પરેલ રોડ મુંબઇ, લેડી નોર્થકોટ
હિંદુ ઓર્ફનેજ કે. એન. સેલર
પ્રેસમાં લાડકજી પીતાંબર ઠાકરે
છાપ્યું છે.

સદ્‌ગત ભાઈ હુસેનભાઈ મનજીભાઈ લાલજી—
દારેસલામવાળા ઇ. આફ્રીકા.



જન્મ: જંગબાર
તા. ૨૨-૫-૧૮૮૨ સોમવાર.

અવસાન: જંગબાર
તા. ૧૦-૭ ૧૯૧૪ શુક્રવાર.

અર્પણ પત્રિકા.

મર્હુમ હુસેનભાઈ મનજી લાલજી અંજારવાલા.

આપણા પાક મુરશીદ હજરત મોલાના સરકાર આગા સુલતાન
મહમદશાહ સાહેબ ઇ. સ. ૧૯૧૪ ની સાલમાં આફ્રીકાની
ત્રીજી મુસાફરીએ પધાર્યા ત્યારે તમો દારસલામથી
જહાજ સાથે તેઓ નામદારની કદમબોસી કરવા
જંગબાર આવતાં દુષ્ટ પ્લેગના ભોગ થઇ
જન્નતનશીન થયા તે પ્રસંગના એ-
વજ નામદારના ફરમાન મુજબ
નુરેગંજમાં વસલ પામેલા
આપના પવિત્રાત્માને
૧૦૧ પુષ્પોની બના-
વેલી પુષ્પમાળા
પ્રેમપૂર્વક
અર્પણ.

સંગ્રહ કર્ત્તા.

આફ્રિકા ખાતેની ત્રીજી મુસાફરીની ફરમાન બુક પાને ૨૫ મે સિંધિ ભાષામાં, મહુ‍ંમ હુસેનભાઇ મનજી-ના આત્માની શાન્તિ માટે લખાણ નજરે પડે છે તેની વિગતઃ—

"બાદ દારસલામવાળા મનજી લાલજીની ઘરવાળી તથા
" છોકરો હુસેન અત્રે મેળામાં આવીને ગુજરી જવાની અરજ હજુ-
" રમાં કરવામાં આવી ત્યારે સાહેબે ફરમાવ્યું જે, તેઓ સીધા
" મારી હજુરમાં પહોંચ્યા છે. કારણ કે તેઓ મારી ઉમેદ કરીને
" અત્રે આવ્યા હતા, જેથી તેઓનાં સઘળાં કામ હું કબુલ કરૂં છું,
" અને તેઓ મારા નુરમાં પહોંચ્યા છે. અગર તેઓ દુનીઆમાં હયા-
" ત રહેતે અને મારી હજુરમાં કામ કરતે તો પણ કદાચ ફરી
" તેઓથી ગુન્હા પણ થતે અને વળી માફી માગતે. વળી ગુનાહ
" એમ થયા કરત, પણ એ તો નિર્દોષ, સિધા મારી હજુરમાંજ
" પહોંચ્યા છે. અને તેઓને ઘણીજ દોઆ આશિષ ફરમાવી તેમજ
" મનજી લાલજીને પણ હિમ્મત ને ધિરજ રાખવાને ફરમાવ્યું.
" બાદ સર્વે જમાતને દોઆ આશીષ તેમજ ખાના આબાદાન
" ફરમાવીને રવાના થયા હતા.

મનજીભાઈ લાલજી નાઈઆણી.



શ્રી. દારેસ્સલામ-ઈ. આફ્રીકા

પ્રસ્તાવના.

ભક્તિ, જ્ઞાન અને સત્કર્માદિ પરમાર્થિક વિષયોના બોધક પુરૂષો પોતાના વ્યાખ્યાનોમાં પ્રસંગોપાત દૃષ્ટાંતોનો છુટથી ઉપયોગ કરતા હોવાથી એ દૃષ્ટાંતમિશ્ર ઉપદેશ શ્રોતાઓના મનપર સચોટ ઉતરી જઇ ધારેલી અસર કરે છે એટલુંજ નહિ પણ વિષય ગમે તેવો અઘરો હોય તે દૃષ્ટાંતના યોગે સમજવામાં સહેલો અને આનંદકારક થઇ પડે છે. પરંતુ એવા ઉપદેશકો ઇચ્છિત સ્થળે અને સમયે મળી આવવા સુલભ નથી, જેથી તેવાં દૃષ્ટાંતોનો સંગ્રહ પુસ્તકાકારે બહાર પડે તો તેનો લાભ લોકો સહેલાઇથી ઘર બેઠે લઇ શકે એ નિર્વિવાદ છે.

ઉક્તપ્રકારનાં અનેક ઉપદેશકોના સંગ્રહરૂપ દૃષ્ટાંતોનાં કેટલાંક પુસ્તકો અત્યાર પહેલાં બહાર પડી ચુકેલાં છે તો પણ નીતિનો બોધ આપનારાં ઉપયોગી દૃષ્ટાંતોની સંખ્યા એટલી તો બહોળી નીકળી આવે તેમ છે કે જો તે સર્વ શોધીને સંગ્રહવામાં આવે તો બીજાં ઘણાં પુસ્તકો ભરાય તો પણ તેનો પાર આવે તેમ નથી. આ પુસ્તકમાં સંગ્રહવામાં આવેલાં દૃષ્ટાંતો નીતિથી ભરપુર, ધાર્મિક તત્વવાળાં અને બોધપ્રદ હોઇ તે આ બાળ વૃદ્ધ સર્વને વાંચવા યોગ્ય અને સારગૃહણ કરવા યોગ્ય છે, છતાં આમાંનું કોઇ પણ દૃષ્ટાંત મત ફેરવાળું કે અપૂર્ણ જણાય તો પણ મુળ આશયપર લક્ષ રાખી સુજ્ઞ જનો સાર ગ્રહણ કરી દોષ માટે દરગુજર કરશે એમ સવિનય યાચના છે.

આ પુસ્તક માંહેનાં દૃષ્ટાંતોમાંથી કેટલાંક સત્સંગ મંડળના મેળાવડાઓમાં સત્પુરૂષોના ભાષણ દ્વારા સાંભળેલાં અને કેટલાંક ભક્તિ જ્ઞાનના પુસ્તકો, વર્તમાનપત્રો, માસીકો વગેરેમાંથી લઇ સંગ્રહવામાં આવ્યાં છે જેથી હું મને પુસ્તકકર્ત્તા નહિ પણ સંગ્રહકર્તા તરીકે માનું છું.

આ પુસ્તક જેને અર્પણ કરવામાં આવેલ છે તે મરહુમ હુસેનભાઇના પિતા શેઠ મનજીભાઇ લાલજી નાઇઆણી કચ્છ અંજારવાલા હાલ દારસલામમાં વસે છે. તેઓ સાહિત્યના હિમાયતી હોઇ વિદ્વાન પુરૂષ છે. પોતાના જવાન પુત્રના અકાળ મૃત્યુથી તેઓના દીલમાં સખ્ત આઘાત થાય એ સંભવિત છે. પરંતુ ઇસ્માઇલી ધર્મ પ્રત્યેની પોતાની અચળ શ્રદ્ધાને લીધે પોતાના પાક મુરશીદના આશ્વાસન આપનારા અમૃતરૂપ શબ્દોથી તેઓ ધીરજ ધરી રહ્યા છે. આ પુસ્તક બહાર પાડવામાં મને તેઓ શ્રી તરફની મદદ મલી છે તે માટે અંતઃકરણથી ઉપકારી છું.

અંતમાં સર્વ સજ્જનો પાસે નમ્રતાપુર્વક અરજ કે આ મારો પહેલોજ પ્રયાસ હોતાં આ પુસ્તકની રચના અને લખાણમાં જે જે ખામીઓ જોવામાં આવે તેપર ટીકાકારની નજરે નહિ જોતાં ઉદાર દીલે સુચના કરવામાં આવશે તો ઇશ્વરેચ્છાએ બીજી આવૃત્તિ બહાર પાડવાનો યોગ થયે તેનો યોગ્ય વિચાર કરવામાં આવશે.

તા. ૧-૩-૨૧ }
કચ્છમુંદ્રા. }

મહમદ અમરસી માસ્તર
સંગ્રહકર્તા.

સાંકળીયું.

દૃષ્ટાંત સંગ્રહ.

૧ ઇશ્વરની અકળગતિ.

પરેશા વિશ્વેશા અકળીત ત્હારી કૃતિ ગતિ;
રચ્યું સર્વે આતં જનસુખ હિતાર્થે જગપતિ.

ઘણુંજ શાસ્ત્ર શીખેલો એક પંડિત હતો. તે સર્વને ધર્મનો ઉપદેશ કરતો હતો. બીજાની અનેક શંકાઓનું તે નિવારણ કરતો પણ તેના પોતાના મનમાં એક શંકા સદા રહ્યા કરતી તેનું સમાધાન થતું નહિ. " શાસ્ત્રમાં ઈશ્વરને ન્યાયી કહેલો છે પરંતુ દુનિયામાં સઘળે જોતાં ધર્મને ઘરે ધાડ અધર્મિઓને ઘેર આનંદ, ભક્તજનો પીડાય અને નાસ્તીકો મોઝમજા કરે, પુન્યશાળીઓ દુઃખી જોવામાં આવે છે અને પાપીઓ સુખ ભોગવે છે. " આ શંકા પંડિતજીને બહુ મુંજાવતી હંમેશા તે એ વિષય પરજ વિચાર કર્યા કરતો.

એક દિવસ પંડિતજી ફરતા ફરતા બગીચામાં જઇ ચઢયા અને લીમડાના એક ઝાડ તળે પડેલા બાંક ઉપર બેઠા. ત્યાં બગીચાની રચનાનું અવલોકન કરતાં તેને પોતાની નીત્યની શંકા સ્ફુરી આવી. તેને વિચાર થયો કે " આ લીમડાના ઝાડ ઉપર નાની

નાની લીંબોળીઓ અને આ નાના વેલા ઉપર મોટાં મોટાં કોળાં, આ વડના ઝાડ ઉપર નાના નાના ટેટા અને આ દુધીના વેલા ઉપર મોટાં મોટાં તુંબડાં. આ તે ઇશ્વરનો ન્યાય કે અન્યાય. આમાં આપણે શી રીતે કહી શકીયે કે ઇશ્વર જે કરે છે તે સારાનેજ માટે!" આમ વિચાર કરતાં કરતાં ઠંડા પવનની લ્હેરથી તે નિદ્રાવશ થઇ ગયા. થોડી વાર થઇ એટલે પવનના ઝપાટાને લીધે ચાર છ લીંબોળીઓ પંડિતજીના ઉઘાડા માથા ઉપર ટપો ટપ ખરી પડી એટલે તે જાગી ઉઠયા અને જરા વાર વિચાર કરી એકદમ હસવા મંડી ગયા પછી આનંદમાં આવી જઇ બોલી ઉઠયા કેઃ—" અહો પ્રભુ ! તારી અકળકળાને અમો પામર પ્રાણીઓ શી રીતે કળી શકીએ. જો તેં આ મોટાં મોટાં ઝાડો પર મોટાં ફળો કર્યાં હોત તો હું અત્યારે કયારનોએ મરી ગયો હોત કારણ કે લીંબોળીઓને બદલે મારા માથા ઉપર મોટાં કોળાં પડયાં હોત. માટે હે ઇશ્વર ! તેં જે કર્યું છે તે સર્વ સારાનેજ માટે કર્યું છે."

સાર—કુદરતની કૃતિ સંબંધિ વિચારો કરતાં મહાત્માઓ પણ તેનો પાર પામી શકયા નથી. માટે સમજવું કે ઇશ્વર જે કરે છે તે સર્વ સારાને માટેજ છે.

૨ સત્સંગ મહાત્મ.

એકઘડી આધી ઘડી આધીમેં પુનિ આધ;
તુળસી સંગત સાધકી કટે ક્રોડ અપરાધ.

એક ગૃહસ્થ હતો તે યોગ્ય રીતે ધર્મનું પાલન કરતો. સર્વ વાતે સદ્‌ગુણી ને લાયક હતો, પણ તેનામાં એક ખોડ એ હતી કે તે ઘણો ઉંઘણસી હતો. કામકાજથી જરા નવરો પડે કે તરતજ નિંદ્રા-દેવીના પંજામાં પકડાઇ જતો.

એક દિવસ તે સ્વારનો નાસ્તો લઇ દુકાને જવા તૈયાર થયો ત્યારે તેની સ્ત્રીએ કહ્યું:— કે આપણા આચાર્યજી પધાર્યા છે તે આજે સાંજના નગર શેઠને ત્યાં " મનુષ્ય કર્તવ્ય "એ વિષયપર વ્યાખ્યાન આપવાના છે તેની આમંત્રણપત્રીકા આવી છે. એ સત્સંગની સભાનો લાભ લેવો હોય તો આજ આખો દિવસ તમે સૂઇ રહો કારણ કે તમારી ટેવ નિંદ્રાળુ છે. આ પરથી શેઠ દુકાને જવાનું માંડી વાળી ઘરમાં સુઇ રહ્યા.

આખા દિવસનો ભોગ આપવાથી નિંદ્રા સંતુષ્ટ થઇ હશે ને આજે હું સત્સંગ સભાનો લાભ મેળવી શકીશ એવી ઇચ્છાથી સાંજના તે મેલાવડામાં જવા નીકળ્યો.

નગરશેઠને ત્યાં સભાની ઘટતી વ્યવસ્થા કરવામાં આવી હતી. મુખ્ય દ્વારપર એક માણસને ઉભો રાખવામાં આવ્યો હતો તે દરેકને " આવો " કહી સત્કાર કરતો. આગળ ચાલતાં સભા મંડપમાં એક માણસ " બેસો " કહી દરેકને યોગ્ય જગાએ બેસાડતો.

શેઠે એક ખુણામાં બેસવાનું પસંદ કર્યું હતું, અને બેસતાં વારજ તે બિચારો નિદ્રાવશ થઇ ગયો. તેથી ત્યાં શું બન્યું કે ઉપદેશકે શું બોધ કર્યો તે કંઇ તેણે જાણ્યુંજ નહિ. સભાનું કામ પુરૂં થતાં બધાં માણસો ચાલ્યાં ગયાં ત્યારે ઘરધણીએ તેને ઉઠાડયો અને સભ્યતાથી " આવજો " કહી વિદાય કર્યો.

શેઠ ઘેર આવી સુઇ રહ્યા. સત્સંગ સભામાં જઇ તેણે ઉપદેશનો એકે બોલ સાંભળ્યો ન હતો. તેણે સાંભળ્યું હોય તો માત્ર આટલુંજ કે " આવો, બેસો અને આવજો." અર્ધ રાત્રી જવા પછી તેના ઘરમાં એક ચોર દાખલ થયો જેવો તે ઘરમાં આવ્યો કે શેઠ નીંદ્રામાં બોલ્યો " આવો " ચોરે વિચાર્યું રખે ઘરધણીએ મને દીઠો હોય તેથી તે એક બાજુ બેસી ગયો. ફરી શેઠ નિદ્રાવસ્થામાં બોલ્યા " બેસો " ચોરને ખાત્રી થઇ કે ઘરનો માલીક જાગૃત છે માટે નાસી જાઉં નહિ તો કાંઇ પકડાઇ જઇશ, એમ ધારી પાછો વળ્યો કે શેઠ ત્રીજી વાર બોલ્યા " આવજો " જે સાંભળતાંજ ચોર નાસી ગયો.

સાર—સત્સંગની સભાના માત્ર સાદા ત્રણ શબ્દો સાંભળેલા જેનો અનાયાસે ઉચ્ચાર થતાં એટલો લાભ થયો. ત્યારે જે લોકો હંમેશાં ઉત્સાહથી શાસ્ત્ર શ્રવણ અને સત્સંગ કરે તેના લાભનો હીસાબજ કેમ થાય. માટે દરેક મનુષ્યે અવશ્ય સત્સંગ કરવો. સત્સંગ એજ સર્વ સાધનનું મૂળ, વૈરાગનો માર્ગ, ભગવત પ્રાપ્તિનું કારણ અને મોક્ષની સીડી છે.

---

૩ સંકટનો સાથી.

મદદગાર સબ કાહુકો હૈ સાહેબ હજુર;
સમઝે સાર કરે સદા ગાફલ કે મન દૂર.

હજરત પેગમ્બર મહુમદ સાહેબ એક વખત બની સલાબાની સાથે લડવા ગયા હતા ત્યાંથી પાછા ફરતાં રસ્તામાં એક જગાએ ઝાડ નીચે આરામ લેવા બેઠા. હથીયારો ઝાડપર લટકાવ્યા હતા અને સઘળા સોબતીઓ જંગલમાં થોડે થોડે છેટે આમ તેમ ફરતા હતા. એટલામાં એક અરબ જે હજરતનો વીરોધી હતો. તે આવી ચઢયો અને તરવાર ખેંચીને બોલ્યો કે "મહુમદ, અત્યારે તને મારી નાંખતાં મને અટકાવનાર કોણ છે?" હજરતે તરતજ જવાબ આપ્યો કે "ખુદા" તેજ વખતે એક ફીરસ્તાએ આવી તે અરબના મોઢા પર એક તમાચો એવા જોરથી માર્યો કે હાથમાંની તરવાર દુર જઈ પડી ને પોતે પણ જમીન માપવા પડયો. હજરતે તેની તરવાર ઉપાડી લીધી અને તે અરબને તેનો તેજ સવાલ પૂછયો કે "હવે તને મારી નાખતાં મને કોણ અટકાવનાર છે." પેલાએ જવાબ આપ્યો કે "કોઇ નહિ." અને તરતજ તેણે હજરતની તાબેદારી કબુલ કરી, આજીજી સાથે ક્ષમા ચાહી. દયાળુ અંતઃકરણના પેગમ્બર સાહેબે તેને માફી આપી પોતાનો શિષ્ય બનાવ્યો.

સાર—ઇશ્વર પર શ્રદ્ધા રાખનાર હંમેશાં નિર્ભય છે, કેમકે હર વખત તેની સહાય કરનાર તેના પાસે હાજર છે એમ તે

જાણે છે. પાપી માણસો દુઃખના વખતે મુંજાયા કરે પણ ઇશ્વરને યાદ કરી તેની સહાય તે માગી શકે નહિ. કારણ કે તેની શક્તિ પર તેને વિશ્વાસ નથી અથવા કહો કે તેને ઇશ્વર સાથે કાંઇ સંબંધજ નથી. ઇશ્વર પર દૃઢ શ્રદ્ધા રાખવી અને સંકટ સમયે તેનીજ મદદના વલખગાર રહેવું.

૪ સહૃદયતા.

ભૂભૂષણ એ તીન હે, ઉપજત ઓર અનત;
પ્રબળ ક્ષમા અગર્વધની કોમળ વિદ્યાવંત.

એક દહાડો હજરતઅલી હંમેશના નિયમ મુજબ મોટા મળસકામાં ઉઠી પ્રભાતની બંદગી કરવા મસજીદમાં જવા નીકળ્યા કે જે વખતે જનાબ રસુલે ખુદાસ૦ નિમાજ શરૂ કરવાની લગભગ તૈયારીમાં હતા. મસજીદે જવાનો રસ્તો સાંકડો ખાડા ખાઓચીંયાંવાળો ને વરસાદના પાણીને લીધે કાદવવાળો હતો.

હજરતઅલી નિમાજમાં પહોંચી જવાના ઇરાદાથી ઉતાવળા ચાલતા હતા પણ આગળ જુએ છે તો હળવે હળવે થાકેલ તથા દરદી પગલે લાકડીના ટેકાથી ચાલતો એક વૃધ્ધ યહુદી પોતાના સીનેગાગ (ધર્મનું મકાન) તરફ બંદગી કરવા જતો દીઠો. હજરતઅલી એ ડોસાને ઓળખતા હતા ને તે શું કામ માટે જતો હતો તે પણ જાણતા હતા. વળી પોતે અમીરી સ્વભાવના અને દયાવાળા હોવાથી ધીરજ ધરી રહ્યા હતા અને જોતા હતા કે સૂર્ય દર ઘડી ઉગવાની તૈયારીમાં છે. આથી તેઓને ધાસ્તી હતી કે રખે નિમાજ શરૂ થઇ હોય. તે વૃદ્ધ યહુદી ધીમેથી લંગડાતો આખો રસ્તો રોકી ચાલતો હતો, જયારે મહાન હજરતઅલી નમ્ર રીતે પણ બેચેનપણે તેની પાછળ જતા હતા. એટલું છતાંએ તેમણે જરાએ ધામધુમ કે ગભરાટ ભરેલી બૂમ, હુકમ કે બાજુ ખસી જવા માટે કડવા બોલો કાઢયા નહિ. કારણ કે એમ કરવું એ સભ્યતાના નિયમથી તેઓ ઉલટું સમજતા હતા.

એટલામાં " અલ્લાહો અકબર, " ની બાગ સંભળાઇ. મસજીદમાં પેગમ્બર મહમદ સાહેબ નિમાજ માટે ઉભા થયા હતા અને જેવા એમના હોઠો કલમો પડવા ઉઘડયા કે કોઇ મજબુત અને અણીદીઠ હાથ એમના હોઠો પર જણાયા. જેથી ત્રણ વાર કોશીશ કરવા છતાં એક પણ શબ્દ તેઓ બોલી શકયા નહિ. નજર કરતાં હજરત જબરઇલને અટકાવ કરતા દીઠા. રસુલે ફરમાવ્યું " જબરઇલ મને શું કામ અટકાવો છો ? " જબરઇલે જરા હસી મસજીદના દરવાજામાં દાખલ થઇ અંદર આવતા હજરતઅલીને દેખાડી કહયું–" પ્રભાતની બંદગી એ મુલ્ય છે. મેં તમને એટલા માટે અટકાવ્યા કે, હજરતઅલી રસ્તામાં સહન કરતા આવતા હતા. તેઓ પોતાના તે ભલા કામને લીધે પ્રભાતની બંદગીનો આનંદ ખોઇદે એ ઠીક નહિ, " એમ કહી હજરત જબરઇલ ગુમ થઇ ગયા અને પેગમબરે નિમાજ પડવી શરૂ કરી.

સાર—ક્ષમા, ધીરજ અને સભ્યતાના ગુણોથી અલંકૃત હોય તેઓજ ખરા મહા પુરૂષો કહેવડાવવાને લાયક છે. હજરતઅલીએ કેટલી હદ સુધી સભ્યતાના નિયમનું પાલન કર્યું તે ઉપરના દાખલામાં ચોકખું જણાઇ આવે છે.

૫ વાસના ત્યાગ.

વિષ વાસના જ્યારે ટલે, ત્યારે મન સ્થિર થાય;
પીર સદરદીન એમ કહે, પછે નુરે નુર સમાય.

એક વખત એવું બન્યું કે એક ઠેકાણે કેટલાક માછી લોકો માછલાં પકડતા હતા. એવામાં એક સમડીએ આવીને એક માછલી ઉપર ઝડપ મારી અને તેને પંજામાં પકડી લઇ ઉડી ગઇ. તેની પાસે માછલી જોઇને હજારો કાગડા તેની પાછળ પડયા અને તેને ચારે બાજુએથી ઘેરી લીધી, તથા "કા કા" કરીને ભારે ઘોંઘાટ મચાવી મૂકયો. જે બાજુએ માછલી લઇને સમડી જાય તે બાજુએ કાગડા પણ તેમની પાછળ પડે. સમડી ચોતરફ ફરી વળી પણ કાગડાઓએ તેની પુઠ છોડી નહિ. આખરે તે સમડી બ્હાવરી બની ગઇ અને ગભરાટને લીધે તેના પંજામાંથી માછલી પડી ગઇ. એમ થતાં તુરતજ કાગડા તે સમડીને છોડી દઇને માછલી ભણી ઉડી ગયા. ત્યારપછી તે સમડી નિશ્ચિંત થઇ એક ઝાડ ઉપર બેસીને વિચારવા લાગી કે:— " આ માછલીએ મને આટલો સંતાપ કરાવ્યો! હમણાં તે મારી પાસે નથી તો કેવી નીરાંતે બેઠી છું.

એક અવધુત આ તમાસો જોઇ રહ્યો હતો તેણે આ બનાવ ઉપરથી ઉપદેશ ગ્રહણ કર્યો કે:— " વાસના છે ત્યાં સુધી કર્મ કેડો મુકશે નહિ અને કર્મને લીધે ચિંત્તા, સંતાપ, અશાંતી આદિ અનેક જંજાળો સહન કરવી પડે છે. માટે વાસનાનો ત્યાગ થાય ત્યારેજ કર્મનો ક્ષય અને ત્યારેજ શાંતિ મળે. "

સાર—સકામ અને નિષ્કામ એવા કર્મના બે પ્રકાર છે. નિષ્કામ કર્મ કરવાં સારાં છે; તેનાથી ચિત્તની શાંતિનો ભંગ થતો નથી. પણ ખરેખરાં નિષ્કામ કર્મ કરવા બહુ મુશ્કેલ છે. આપણે મનમાં એમ સમજીએ કે અમે નિષ્કામ કર્મજ કરીએ, પણ કોણ જાણે ક્યાંથી કામના આવીને ઉભી રહે છે, તેની ખબરજ પડતી નથી. સકામ કર્મ દુ:ખદાયી છે. નિષ્કામ કર્મજ ઉત્તમ છે. પ્રથમથી જો પુષ્કળ સાધન કર્યું હોય તો એ સાધનના બળથી કેટલાક લોક કેવળ નિષ્કામ કર્મ કરી શકે છે. ઇશ્વર દર્શન થયા પછી તો નિષ્કામ કર્મ એની મેળેજ થઇ જાય છે.

---

૬ પરસ્પરની ઈર્ષા.

પરમુખ સંપત્તિ દેખિસુ સુનિ જરહી જડ બિન આગ;
તુલસી તિનકે ભાગતેં ચલે ભલાઈ ભાગ.

એક બ્રાહ્મણે આખો મહિનો શ્રધ્ધાપુર્વક શ્રી મહાદેવજીની ઉપાસના કરી. તેથી દેવે પ્રસન્ન થઈ તેને વરદાન માગવા કહ્યું. બ્રાહ્મણ વિચાર કરી બોલ્યો કે "મહારાજ, જે વખતે હું જે વસ્તુ મેળવવાની ઇચ્છા કરૂં તે વસ્તુ મને તુર્ત મળે એવું આપો." મહાદેવજીએ કહ્યું-"ભલે, એમજ થશે." બ્રાહ્મણ ખુશી થઇ ઘેર આવ્યો. પછી તે જે ચીજનું ચિંત્તવન કરતો તે ચીજ તેના પાસે હાજર થતી, આથી તે સંપતિવાન ને સુખી થયો.

તે બ્રાહ્મણનો નાનો ભાઇ જે તેની પાડોશમાં રહેતો હતો તેને જ્યારે આ વાતની ખબર પડી ત્યારે તેને ઘણી અદેખાઇ આવી અને તે પણ મહાદેવજીને મંદિરે જઈ તપશ્ચર્યા કરવા બેઠો. તેના તપથી પ્રસન્ન થઇ દેવે તેને પણ મન ગમતું માંગી લેવા આજ્ઞા કરી ત્યારે તે બોલ્યો કે "મહારાજ, મારો મોટો ભાઇ જે વસ્તુ મેળવવા ચિંત્તવન કરે ને તેને મળે તેનાથી બમણું મને આપો આપ મળી જાય, એવું આપો." મહાદેવે કહ્યું-"તથાસ્તુ."

મોટા ભાઇએ સાત માળનાં મકાનની ઇચ્છા કરી, તે તેને મળ્યાં પણ પેલા નાના ભાઇને ત્યાં તો એથી બમણો એટલે ચૌદ મજલાનો આલીશાન મહેલ થઇ રહ્યો. મોટા ભાઇએ પંદર

ગાયો માગી તો નાના ને ત્યાં ત્રીશ ગાયો બંધાઇ ગઈ. એ રીતે હાથી, ઘોડા પાલખી ઇત્યાદિ મોટો ભાઇ માગે તેથી નાનાને બમણું મળવા લાગ્યું. તેઓ બંન્ને વચ્ચે સંપ બીલકુલ ન હતો એટલે મોટા ભાઇને હવે ઇર્ષા થવા લાગી કે મારા નાના ભાઇને મારાથી બમણો વૈભવ શા માટે મળે. તેથી તેણે તેને નુકસાન કરવાના ઇરાદાથી પ્રભુ પાસે માંગ્યું કે-"હે શંકર મહારાજ, મારૂં અર્ધું ઘર બળી જાઓ." તેનું અર્ધું બળ્યું પણ પેલાનું તો ચૌદ માળનું આખું મકાન બળી ભસ્મ થઇ ગયું વળી મોટાએ ઇચ્છા કરીકે "મારા ઘરનાં બધાં માણુસોની એકેક આંખ ફુટી જાય.' એમ થતાં તેના ઘરનાં સર્વ કાણાં થયાં અને નાના ભાઇનાં ઘરનાં બધાં માણુસો આંધળાં થઇ ગયાં. એ રીતે પરસ્પરના દ્વેષ ભાવના કારણે ઇશ્વરની સંપૂર્ણ મહેરબાની છતાં તે બંન્ને ભાઇઓ ઓછાવત્તા દુઃખી થયા.

સાર—અદેખાઇ કરનાર માણુસ હંમેશાં પોતાના મનમાં બળ્યા કરે છે. તેથી તે પોતા પર નાહક દુઃખ વહોરી લે છે. માટે કોઇની ઇર્ષા નહિ કરતાં "સંસારના સર્વ માણુસો સુખી થાઓ." એમ ઇશ્વર પાસે સતત માગણી કરવી.

૭ સભ્યતા.

સભ્યતાના સદ્ ગુણે શોભે સભ્ય સદાય;
સદ્દવર્તને ચાલતાં રીજે જન સમુદાય.

વિવેકી માણુસો જગતમાં એટલા માટે માનવંતા ગણાય છે કે તેમના બોલવા ચાલવા અને રીતભાતથી કોઇ કચવાઇ જતું નથી, એટલુંજ નહિ પણ તેઓ પોતાની જબાન ઘણી સંભાળથી બોલે છે. તેની મીઠી વાણીથી તેના સંબંધમાં આવનાર મનુષ્યોનાં દીલ તેના પ્રતિ સ્વભાવિક આકર્ષાઇ છે અને માનની લાગણી ઉત્પન્ન કરે છે, તેથીજ લોકો તેને ચહાય છે. ભદ્ર પુરૂષો કોઇનું પણ મન નહિ દુ:ખાવવાની કેટલી સંભાળ રાખેછે તે નીચેની વાત પરથી જણાશે.

મહૂર્મ શહેનશાહ સાતમા એડવર્ડ જ્યારે પ્રિન્સ ઓફ વેલ્સ હતા ત્યારે તેને ત્યાં એક પરદેશી પરોણાને મીજબાની આપવામાં આવી હતી, જમી રહયા બાદ જયારે કોફી આપવામાં આવી ત્યારે પેલો પરોણો જે એ દેશના રિવાજથી અજાણ્યો હતો તેણે કપમાંથી સાસરમાં ઠાલવી કોફી પીવા માંડી, કે જે ત્યાંની રીત મુજબ પરબારી કપથીજ પીવી જોઇએ. આ જોઇ સુફરાપરના બીજા કુટુંબીઓ વગેરે સઘળાઓ એક બીજા સામું જોવા લાગ્યા અને જાણે હમણાજ હસાહસ થઇ પડશે એવો દેખાવ થઇ રહ્યો. શાહજાદાએ વિચાર્યું કે સુફરાપર બીરાજેલાઓની આ વર્તણુંકથી મહેમાનનું દીલ દુખાશે તેથી તેણે

પણ પોતાનું કપ સાસરમાં ઠાલવી કોહી પીવા માંડી. આ છુપા ઢપકાથી સમજી જઇ બધા કુટુમ્બીઓએ પણ તેમ કીધું, અને પરોણાએ આ વિષે કાંઇ જાણ્યુંજ નહિ.

સાર—સર્વ મનુષ્યોએ સભ્યતાનો ગુણ ગ્રહણ કરવો જોઇએ તથા પોતાની ઔલાદને એ ટેવ શીખાવવી જોઇએ. મહાન હજરત-અલી કહે છે કે "જે માણસ પોતાનાં છોકરાંને વારસામાં અદબ સભ્યતા આપી જાય છે તેણે જાણે તેને બેશુમાર દોલત આપી એમ સમજવું.

---

૮ મીઠી વાણી.

તુલસી વશિકરણ મંત્ર હૈ તજીએ વચન કઠોર,
મીઠી મીઠી બાતસેં વશિકરણ નહિ ઔર.

થોડા વર્ષની વાત પર એક બળદના ગાડામાં બેસીને ચાર બાઇઓ પોતાને ગામથી નીકળી બીજે ગામ પોતાના સગામાં લગ્ન પ્રસંગે જતી હતી. તેઓને રસ્તામાં એક ઉજડ જગામાં કેટલાક ચોર મળ્યા. ગાડાવાળો વયોવૃદ્ધ હોતાં તે ચોરોને ખાળી શકે તેમ નહતું તેમજ બીચારી બાઇઓથી પણ શું થઇ શકે ? ચોરોએ કહયું કે તમોએ પહેરેલાં ઘરેણાં અમને ઉતારી આપો તો તમને બીજી હરકત કાંઇ કરશું નહિ. આથી પોતાની સ્થિતિનો વિચાર કરી બાઇઓ પોતાના દાગીના કાઢી ફેંકવા લાગી. બૈરાંઓને કોઇ વહાલામાં વહાલી ચીજ હોય તો તે પોતાના દાગીના છે તે આપી દેતાં તેઓની લાગણી કેટલી દુઃખાય એ સમજવું સહેલું છે. દાગીના ઉતારવાં તેઓમાંની ત્રણ જણીઓ તો ચોર પ્રાત શબ્દ પ્રહારો કરવા લાગી કે " મુઆ ઠાકરો તમારૂં નખોદ જાય, તમને કાળો સાપ ખાય, તમારૂં અંતરીયાળ મોત થાય અમો અબળાઓને લુટવા કયાં આવ્યા પીટયા વાંઝીયાઓ લો તમારૂં કાળું મોઢું કરો વિગેરે કહેતાં તે ત્રણ બાઇઓએ પોતાનું સર્વસ્વ ચોરોને સ્વાધીન કરી દીધું ચોથી બીજે આટલી વાર પોતાનાં નાનાં બાળકને સ્તનપાન કરાવતી હતી તેને પોતાનાં ઘરેણાં ઉતારવાનો વારો આવ્યો, ત્યારે તેણે બાળકને ખોળામાંથી નીચે ઉતારતાં કહ્યું-" બેટા જરાવાર આઘલું મુક, હું મામાને ઘરેણાં ઉતારી

આપું " પેલી ત્રણ બાઇઓના અસહ્ય વચનો ખમી ચોરો તપા ગયા હતા. પોતાનો સ્વાર્થ સાધી લઇ તરત ચાલ્યા જવું અને ઓઓ જાણી વિશેષ દુ:ખ દેવું નહિ, એમ સમજી તેઓ સામા થયા ન હતા પણ કટુવચનોથી તે વીંધાઇ ગયા તો હતાજ તેમાં આ બાઇની મીઠી વાણીથી તે ઘણા રાજી થયા અને બોલ્યા કે " બાઇ તું ખરેખરી અમારી બ્હેન છો, માટે તારા દાગીના અમે લેશું નહિ, એ ભલે પહેર્યા અમે તને પસલીમાં આપીએ છીએ એમ કહી તે ચાલ્યા ગયા.

સાર–મીઠીવાણીની અસર ક્રુર માણુસો ઉપર પણ થાય છે. જેની વાણી મીઠી હોય છે તેનું જગતમાં કોઇ વેરી નથી તે સુખ રૂપ જીંદગી ગુજારે છે. કહ્યું છે કે " જબાંશીરી મુલકગીરી અને જબાં ઝેરી મુલક વેરી," માટે સૌએ પોતાની વાણી મીઠી રાખવા પ્રયત્ન કરવો.

૯ કુદરતનું કાર્ય કર્મ.

કુદરતની કરણી તણો પારન પામે કોય;
મોટા મોટા મહાત્મા રહે વિમાસી સોય.

પૂર્વે દ્વાપર યુગમાં મહાભારતના નામે ઓળખાતી પાંડવ કૌરવની મોટી લડાઇ થઇ હતી. મહાત્મા ભિષ્મ પાંડવો અને કૌરવોના પિતામહ હતા અને કૌરવોના પક્ષના મોટા યોદ્ધા હતા. સૈન્યના અગ્રણિય તરીકે કેટલાક દિવસ લડયા પછી તે પડયા. પણ અમુક કારણસર પોતાના યોગ બળથી તેણે પોતાનો દેહ કેટલોક વખત સુધી ટકાવી રાખ્યો હતો અને બાણ શય્યા પર સૂતા હતા. તે જ્યારે દેહ છોડવાની તૈયારી કરતા હતા. ત્યારે પાંડવો અને શ્રી કૃષ્ણ પોતે તેમની પાસે ઉભા હતા. તે વખતે સૌએ જોયુ કે તેમની આંખમાંથી આંસુ પડતાં હતાં. અર્જુને કૃષ્ણને પૂછયું:— "મહારાજ, આ કેવું આશ્ચર્ય! પિતામહ જે સ્વયં ભિષ્મદેવ, સત્યવાદી, જિતેન્દ્રિય, મહાજ્ઞાની તેઓ દેહ ત્યાગ સમયે માયા મુગ્ધ જીવની માફક શા માટે રડતા હશે?" શ્રી કૃષ્ણે ભિષ્મદેવને કહ્યું કે "અર્જુન શંકા કરે છે એ પ્રશ્નનો ઉત્તર અપો." ત્યારે તેમણે કહ્યું:—"હે કૃષ્ણ, હું શા કારણથી રડું છું તે આપ સારી રીતે જાણો છો, પાંડવો કે જેમના તમે ભગવાન પોતે સારથી છો, છતાં તેમની વિપત્તિનો અંત આવતો નથી, એ વિચાર જ્યારે મારા મનમાં આવે છે ત્યારે મારાથી રડી દેવાય છે અને એમ થાય છે કે ઇશ્વરના કાર્ય કર્મની મને કશી સમજ પડતી નથી.

સાર— ઇશ્વરની યોજના આપણે અલ્પ બુદ્ધિવાળા મનુષ્યો સમજી શકીએ નહી. માટે પોતાનું ડહાપણ ન ડોળતાં સદ્‌ગુરૂ અને સત શાસ્ત્રના વચનોમાં હંમેશાં શ્રદ્ધા રાખવી જોઇએ.

૧૦. અસંતોષી આલમ.

જીસ લાલચ ઘણી સો ન સંતોષે કીસી હાલ;
જ્હોત દૌલત એતી પાવે જો સારી દુનિયાકા બીપાવે માલ.

એક રાજા રાત્રિના વખતે છુપા વેષે પોતાના શહેરમાં નગરચર્ચા જોવા નીકળ્યો હતો. એક કાપડીઆના ઘર પાસેથી પસાર થતાં તે ઘરધણીને પોતાની સ્ત્રી સાથે વાતો કરતો સાંભળી રાજા ત્યાં ક્ષણભર ઉભો રહ્યો. રાજાએ કહ્યું:–"વહાલી, હમણાં વેપારની વહન મંદી છે, ચાલુ શીયાળામાં વેચાણ થશે એવી આશાથી કાશ્મીરી શાલોનો મોટો જથ્થો મેં મંગાવી રાખ્યો છે, પણ કોઈ ગ્રાહક તેની પુછાએ કરતું નથી. ખરેખર, હમણાં કિસ્મતજ ફરેલું છે."

વેપારીના આવા ચિંતયુક્ત ઉદ્ગારો સાંભળી દયાળુ રાજા તેનું દુઃખ મટાડવાનો મન સાથે નિશ્ચય કરી ત્યાંથી ચાલ્યો ગયો.

બીજે દિવસ સવારના તેણે પોતાના તમામ દરબારીઓ અને સભાજનોને હુકમ કર્યો કે "મારી હજુરમાં આવનાર દરેક માણસે પોતાના આંગપર કાશ્મીરી શાલ જરૂર રાખવી, શાલ વગરનાની સલામ હું સ્વીકારીશ નહિ."

રાજાનો ઉક્ત હુકમ થતાં સઘળા શાલો ખરીદવા નીકળી પડયા. શહેરમાં શાલો પેલા એકજ વેપારીને ત્યાં હતી તેથી તેની દુકાનપર ગ્રાહકોની ધમાલ પડી, અને સાંજ સુધીમાં બધી શાલોનું સારા નફાથી વેચાણ થઈ ગયું.

બીજી રાતના રાજા એજ વેપારીના ઘર પાસે જઈ ઉભો રહ્યો. તે ધારતો હતો કે આજે થએલા મોટા લાભથી વેપારી

પોતાની સ્ત્રી સાથે તેના ચડતા નશીબની વાતો કરતા હશે. પણ ત્યાં તો તેણે પોતાની ધારણાથી ઉલટુંજ સાંભળ્યું. કાપડીઓ પોતાની સ્ત્રીને કહેતો હતો કે "આજે તો શાલોનાં એટલાં બધાં ગ્રાહકો અને વળી તે મોટા સદ્‌ગૃહસ્થો આવ્યા હતા કે જો હું જરા મન દૃઢ રાખીને મોંઘે ભાવે વેચાણ કરતે તો હમણાં કરતાં બમણો નફો મેળવી શકતે. પણ હું એવો હિણભાગી કે તે બધી શાલો નજીવા નફાથી વેચી નાખી.

આ સાંભળી રાજા દીલગીર થયો ને મનમાં બોલ્યો કે "ખરેખર, માણસો ઘણુંએ મળ્યા છતાં સંતોષ વગર સદા દુ:ખીજ રહેવાના."

સાર—દુનિયાના લોકો ધન પ્રાપ્તીને સુખનું સાધન સમજે છે. પરંતુ શાસ્ત્રો ખરૂં કહે છે કે અઢળક સંપત્તિ છતાં પણ સંતોષ પ્રાપ્તિ સિવાય સુખ નથી. માટે સૌએ પોતાની સ્થિતિપર સંતુષ્ટ રહી આનંદ માનવો.

૧૧ મહાજન મહિમા.

બાળક ખેંચે વાળ પણુ કદી ચડે નહિં કાળ;
આળ કરે અજ્ઞાની જન દીલમાં થવું દયાળ.

એક નવાબ પોતાના હાથી પર સ્વાર થઇ ફરવા નીકળ્યો હતો. રસ્તામાં એક દારૂડીયો નીશામાં ચકચુર થઇ એક બાજુએ પડયો હતો તે બોલ્યો:-" અરે ઓ હાથીવાલા, તારો હાથી વેચીશ? કેટલાક પૈસા લઇશ બોલ?"

નવાબ સાહેબ સમજી ગયા કે એ છાકટો છે અને દારૂની ધુનમાં ભાન ભુલી જઇ આમ બોલે છે. તેથી તેના પર ગુસ્સો ન લાવતાં પોતાના નોકરોને હુકમ કર્યો કે "તેને ઉંચકી ચોકી પર પહોંચાડો અને ત્યાં તેના પર ખુબ પાણી રેડજો. રાતની રાત ચોકીમાં રહેવા દઇને સવારે કચેરીમાં મારી પાસે હાજર કરજો." હુકમ મુજબ અમલ થયો.

જ્યારે નિત્યના નિયમ મુજબ નવાબ સાહેબ કચેરીમાં બીરાજ્યા ત્યારે પેલા દારૂડીઆને હજુરમાં રજુ કીધો. નવાબે તેમને પુછ્યું કે "શું ગઇ કાલે તમે મારો હાથી ખરીદ કરવા હતા?" પેલાએ હાથ જોડી કહ્યું સાહેબ, "મારી શું ગુંજાસ કે આપનો હાથી ખરીદી શકું, ખરીદનાર તો બીજોજ (કેફ) હતો, અને તે પાણી માથે પડયું તેવોજ ચાલ્યો ગયો. હું તો માત્ર દલાલ હતો. હવે આપ માલિક છો, ચાહો તો સજા કરી

શકો છો." નવાબ સાહેબે તેને સાચું બોલતો જોઇ, કાંઇપણ સજા કર્યા સિવાય શીખામણના ઘટતા બોલો કહી છોડી મૂકયો.

સાર—મહા પુરૂષો અજ્ઞાનીઓની અસભ્ય વર્તણુંક પર ક્રોધ નહિ કરતાં તેના પ્રતિ ઉદાર દીલનો ઉપયોગ કરે છે. અગર તેમ ન કરે તો પછી જાણુ અને અજાણ વચ્ચેનો તફાવત શું રહે.

———

૧૨ સ્વર્ગ નર્કની સાક્ષિ.

જ્યારે જન્મ ધર્યો ત્યારે તું રડયો જન તો હસ્યા;
ઉત્તમ કૃત્તિ કરી ચાલ્યો તું હસ્યો જન બહુ રડયા.

એક બ્રાહ્મણ વિદ્યા અભ્યાસ કરી પોતાને ગામ પાછો જતો હતો. એક સાંજના તે કોઇ મોટા શહેરમાં આવી પહોંચ્યો અને સરિયામ રસ્તા પર આવેલી એક હવેલી જોઇ ત્યાં રાત વાસો રહેવાની ઇચ્છાથી અંદર ગયો. તે ઘર એક તવંગર વિધવાનું હતું. અતિથિ ધર્મને જાણનારી તે બાઇએ પેલા બ્રાહ્મણનું સન્માન કરી ઘરના એક ભાગમાં તેને ઉતારો આપ્યો ને તેની ઘટતી બરદાસ કરવા ચાકરોને હુકમ કર્યો.

સવાર થતાં એ ઘર પાસે થઇને એક મુડદાંને લઇ જતું જોઇ તે ઘરવાળી શેઠાણીએ એક નોકરને બોલાવી કહ્યું "એ મરનાર સ્વર્ગમાં ગયો કે નર્કમાં તેની તપાસ કરી આવો." નોકરે અર્ધો પોણો કલાક ગામમાં ફરી આવી જવાબ આપ્યો કે "બાઇ, એ તો સ્વર્ગમાં ગયો છે." વળી થોડી વારે કોઇ બીજુ મડદું નીકળ્યું ત્યારે પણ ઉપર પ્રમાણે હુકમ થતાં, નોકરે તપાસ કરી આવી કહ્યું, "એ મરનાર નર્કમાં ગયો છે."

પેલો વિદ્વાન બ્રાહ્મણ તો આ હકીકતથી આશ્ચર્યમાં ગરક થઇ ગયો અને વિચારવા લાગ્યો કે "સ્વર્ગે ગયો કે નર્કે ગયો તે જાણવું દુર્લભ છે છતાં આ લોકો કઇ વિદ્યાના આધારે આમ કહી શકતા હશે!" પછી તેણે તે બાઇને પુછ્યું કે અમુક માણસ

સ્વર્ગે કે નર્કે ગયો તે શા આધારે જાણી શકાય છે? એ જો હરકત ન હોય તો મને પણ કહો. મને તે જાણવાની ઘણી જીજ્ઞાસા છે." ત્યારે તે બાઇએ જવાબ આપ્યો કે એ જાણવું તો સહેલું છે.

મુવા પછી જે જનતણી થાય પ્રસંશા અપાર;
પુરો પુરાવો એજ છે ગયો સ્વર્ગ મોજાર.
મુવા પછી ફૂટ ફૂટ કરે સૌ જેને સંસાર;
પુરો પુરાવો એજ છે ગયો નર્ક મોજાર.

આ જવાબથી બ્રાહ્મણની ખાતરી થઇ કે નોકર તપાસ કરી આવી પોતાની શેઠાણીને ખબર આપે છે તે તેનું અનુમાન ખરૂં છે.

સાર—દયા અને નીતિ વગેરે ઉત્તમ ગુણોથી અલંકૃત માણસ ગમે તે ધર્મ કે પંથનો હોય પણ તેના માટે લોકવાયકા સારીજ નીકળશે અને એજ ખરો ધર્મિષ્ટ કહેવાય. મૃત્યુ બાદ જે માણસના માટે લોકો સારૂં બોલે તે સારી ગતિએ અને જેના માટે લોકો ખરાબ બોલે તે નઠારી ગતિએ પહોંચે છે એમ જે લોકમાન્યતા છે તે પણ ખરી છે. માટે દરેક મનુષ્યે સદ્વર્તન રાખી પ્રજા પ્રીતિ મેળવવા સતત પ્રયાસ કરવો.

૧૩ સત્ય જ્ઞાન.

ગુરૂ ગમ થાઇ જ્ઞાનને ધરીએ દીલ દુવાર
તુલસી ભીતર બાહેરે જો ચાહો ઉજીયાર.

એક રાજાને પોતાના નવા બનાવેલા રાજમહેલની અંદરની દિવાલો પર ચિત્રો ચિત્રાવવાં હતાં. તે કાર્ય માટે ઘણામાંથી બે ચિતારાઓને પસંદ કરવામાં આવ્યા. તે બેમાંથી પણ જેનાં ચિત્રો ઉત્તમ જણાય તેને ઇનામ આપવાનું ઠરાવી સામ સામી બે ભીંતો પર ચિત્રો કાઢવા તેઓને બતાવ્યું. એક બીજા પોતાનું કરેલું કામ જોઇ ન શકે તે માટે બન્ને ભીંતોની પાસે પડદા નાખવામાં આવ્યા હતા.

પંદર દિવસમાં કામ પુરૂં થયું એટલે રાજા પોતાના સરદારો સહીત ચિત્રો જોવા પધાર્યા. પહેલાં એક ચિતારાનાં સુંદર ચિત્રો જોતાં સર્વે આશ્ચર્યચકિત થઇ ગયા અને સૌ બોલી ઊઠયા કે "કેવું સુંદર કામ કર્યું છે? આનેજ ઇનામ મળવું જોઇએ. આવું અદ્‌ભૂત કાર્ય કોઇ કરી શકેજ નહિ."

ત્યાર પછી રાજાની સ્વારી બીજી દિવાલ પાસે ગઇ ને બીજા ચિતારાને પડદો ઉંચકવાની આજ્ઞા કરી. પડદો ઉપડતાંજ પ્રેક્ષકો પત્થરની મૂર્તિ જેવા સ્તબ્ધ થઇ ગયા. ત્યાં તો ચમત્કારજ જણાયો. કોઇના મુખમાંથી શબ્દજ ન નીકળી શકયો. ત્યારે બીજા ચિતારાએ એવાં તે શાં ચિત્રો ચિતર્યાં. હશે વારૂ? પ્રથમ જોએલાં સર્વ ચિત્રો આ બીજી ભીંત પર હતાં. પરંતુ તફાવત એટલો કે પેલી ભીંતના

કરતાં સુઘડ, લીસાં અને પ્રકાશિત માલુમ પડતાં હતાં. વધારે આશ્ચર્ય કારક તો એ હતું કે આ દિવાલનાં ચિત્રો ભીંતમાં ઉંડા ચિતર્યાં હોય એવાં જણાતાં હતાં. આ ચિતારાનું આવું ચોકખું કામ શાથી થયું હતું? તેણે દિવાલને પંદર દિવસ સુધી ઘસ્યાજ કરી હતી. એમ કરવાથી તે એટલી તો પારદર્શક અને આરસા જેવી થઇ હતી કે પડદો ખસેડતાંજ બીજી દિવાલ પરનાં બધાં ચિત્રો એમાં પ્રતિબિંબિત થઈ ગયાં હતાં.

સાર— આવી રીતે જ્ઞાન પ્રાપ્ત કરવાના બે માર્ગ છે. તેમાંનો એક તો ઉપરના દ્રષ્ટાંતમાં કહ્યા પ્રમાણે પહેલી ભીંત પરનાં ચિત્રો જેવો, એટલે ધર્મ શાસ્ત્રનું અધ્યયન કરી જ્ઞાન પ્રાપ્ત કરવું, તથા બીજો માર્ગ અંતઃકરણના મળને દૂર કરી હૃદય સ્વચ્છ કરી પરમાત્મામાં લીન થવું, સર્વ સાથે ઐક્ય અનુભવવું. એ શ્રેષ્ઠ જ્ઞાન અથવા આત્મજ્ઞાન છે.

---

૧૪ અધુરો ઘડો છલકાય.

ભર્યા સો છીલે નહિ છીલે સો આધા;
તેજી સો ભૂકે નહિ ભૂકે સો ગધા.

એક વિશાળ વડ વૃક્ષ તળે અનાયાસે ભીંડાનું એક બીજ પડેલું, તેથી ચોમાસાના દિવસો થતાં ત્યાં ભીંડાનો છોડ ઉગી નીકળ્યો અને ભાદરવા માસના રમણિય લીલા દિવસો આવતાં તો મોટાં મોટાં પાંદડા ફેલાવી તે ખાસો સવા ગજ ઊંચો વધી ગયો ક્ષુદ્ર માણસ જેમ સંપત્તિવાન થતાં ફુલાઇ જાય, તેમ પોતાની ખરી સ્થિતિની અજ્ઞાનતાથી તે ભીંડો ગર્વિષ્ટ બની વડ પ્રત્યે કહેવા લાગ્યો કે " અરે વડ, તું જોતો નથી કે હું દિવસે દિવસે કેટલો વધું છું થોડા વખતમાં તો હું તારા કરતાં પણ ઉંચો થઇ આ વનમાં નમુનેદાર વૃક્ષ થઇ પડીશ માટે તું અત્રેથી ચાલી જઇ બીજી જગાએ નિવાસ કર. "

આ સાંભળી ગંભીર અને બુદ્ધિવાન વડે કહ્યું કે " ભીંડાભાઇ, તમારૂં જોર ઘણું છે એ હું તથા વનનાં બીજાં ઝાડો જોઇ શકીએ છીએ. અમો સૌ સમજીએ છીએ કે થોડા વખતમાં તમે વનસ્પતિના સર્વોપરી રાજા થશો. માટે હું કાંઇ તમારા સાથે લડાઇ કરવા માગતો નથી, પણ માગી લઉં છું કે મહેરબાની કરી મને અમારા જુના સ્થળમાં માત્ર એક મહિનો રહેવા દો. ચોમાસા બાદ હું બીજી જગા શોધી લઇશ. ભીંડા ભાઇએ કૃપાવંત થઇને વડની માગણી કબુલ કરી.

આસો મહિનો આવતાં ભીંડાનો છોડ દુર્બળ થવા લાગ્યો. પાંદડા પીળાં થવા લાગ્યાં અને તેમાં કાણાં પડી ગયાં. છેવટ થોડા દહાડામાં આખો છોડ સુકાઇ જઇ ઉડી ગયો અને એ જગાએ ભીંડાનું નામ નિશાન પણ રહ્યું નહિ.

સાર—મુર્ખ માણસને થોડી ધન સંપત્તિ પ્રાપ્ત થતાં મગરૂર બની કોઇને ગણકારે નહિ ને કુલાયા કરે તેમજ સત્તા મદમાં આંધળા બનીને ઉન્મત્તપણે વર્તનાર ગર્વિષ્ટ માણસો પણ ઘણાને દબાવે છે. પરંતુ આખરે શ્રી હરિ તેવાઓનું અભિમાન નષ્ટ કરે છે.

૧૫ ક્ષણભંગુર દેહ.

કાયા કાચો કુંભ છે જીવ મુસાફર પાસ;
ત્યાં લગી તારો જાણજે જ્યાં લગી શ્વાસો શ્વાસ.

આપણા દેશના પશ્ચિમ છેડા પર આવેલા કચ્છ પ્રાંતમાં લાખો કુલાણી નામે એક મહા પ્રતાપી રાજા થઈ ગયો છે. તે ઘણો બહાદુર અને બુદ્ધિશાળી હતો. એક વખત કચેરી ભરી રાજ્યાસન પર બેઠો હતો ને જુદા જુદા વિષયો પર વાતો ચાલતી હતી તેટલામાં "મનુષ્ય દેહ અસ્થિર ને ક્ષણભંગુર છે." એવો ખ્યાલ આવતાં તે બોલી ઉઠયો કેઃ—

હુંદો જીનીન વાવર્યો સેમાડુ કીથ
લખ્યા લભન દહાડલા ડો બારો ને અઠ

અર્થ—જેના પાસે છે છતાં નથી વાપરતા અર્થાત તન મન ધનનો રૂડો ઉપયોગ નથી કરતા તે કાંઇ માણસ કહેવાય નહિં. દસ બાર ને આઠ એટલે મહિના દિવસમાં લખ્યા દહાડા ભરાઇ રહેતાં મૃત્યુ આવી પહોંચે છે.

રાજાના આ ઉદ્‌ગારો સાંભળી એક હજુરી નોકર બોલ્યોઃ—

ડો બારો ને અઠ મં ભેડ કુલાણી ફેર ઘણો;
ઘડીમાં ઘડીયાળાં ઘડીમાં ઘુમટ ઘોર.

અર્થ—દસ બારને આઠ મળી માસ એકનો મેળ ન કરો, હે રાજા, એ તો ઘણો ફેર છે. જેને ત્યાં નોબત ગડગડે છે તે પણ ઘડીવારમાં કબરવાસ થઇ જાય છે.

અજલનો ભરોંસો એક ઘડીનો પણ રાખી ન શકાય એમ જાણી નોકરનું ઉપર મુજબ બોલવું સાંભળી એક સરદારે કહ્યું કે:-

લાખો ભૂલ્યો લખપતિ ભૂલ્રી ગોલાની મત;
આંખા ફેરે ફરકલે ભઇ અનેરી ગત.

અર્થ—લાખોનું પાલન કરનાર લાખો ભુલ ભરેલું બોલ્યો, તેમજ નોકરનું કથન પણ મિથ્યા છે. આંખના એક પળકારામાં કાંઇનું કાંઇ થઇ જાય.

જીંદગીનો વિશ્વાસ એક ક્ષણનો પણ નથી એમ જાણનાર એક વિદ્વાને કહ્યું કે:—

ખણી મીંજાનુંસા લબેંથી નીચું થીએ;
તેં જો કેડો વેસા વાવરો વરે કે ન વરે

અર્થ—શ્વાસો શ્વાસની આવજા થાય છે તે પ્રાણ વાયુ હોઠથી બ્હાર નીકળ્યા પછી પાછો ન વળે તો તુર્ત મૃત્યુ થાય એ દેહનો કેવો વિશ્વાસ. અર્થાત એક દમમાં પ્રાણ નીકળી જાય છે.

આ વિવાદથી રાજા ખુશી થયો કે મારા દરબારમાં એક એકથી અધીક બુદ્ધિવાળા ને બારીક વિચાર કરનારા વિદ્વાનો છે.

સાર—દરેક મનુષ્યે પોતાના મનમાં આ વિચાર નિરંતર રાખવો જોઇએ કે ક્ષણભંગુર દેહનો એકદમનો ભરોંસો નથી માટે કુડ કપટાદિ દુર્ગુણોનો ત્યાગ કરી હંમેશાં ધર્મ પર ધ્યાન રાખી સદાચરણથી ચાલવું.

૧૬. યુક્તિસર ઉપદેશ.

ઉદય કેતુ અનહિત સબહીકે;
કુંભ કરણસમ સોવતનીકે.

એક જુલમી બાદશાહે એક પરહેઝગાર પુરૂષને પૂછયું કે :— "કેવા પ્રકારની બંદગી કરવાથી પરવરદેગારની હજુરમાં વધારે મોટાઇ અને મરતબો મળે." પરહેઝગાર પુરૂષે જવાબ આપ્યો કે:- "સવારથી બપોર સુધી દરરોજ અર્ધો દીવસ તમે સૂઇ રહેશો તો ખુદા તમારાપર રાજી થશે." બાદશાહે અજબ થઇ કહ્યું કે "સુઇ રહેવાથી ખુદા પ્રસન્ન થાય એ કેમ બને ? તમે આવો ઉપદેશ કરો છો તેનું કારણ સમજાતું નથી." પેલાએ કહ્યું કારણ એ કે :— "તેથી એટલો વખત તમારી પ્રજા તમારા જુલમથી બચશે ને તમારાપર તેટલા ઓછા ગુનાહ ચડશે. એક ભકતે કહ્યું છે કે "પાપ ન કરીએ તો જાણે ધર્મજ કર્યું. માટે તમોને હું ઉપદેશ કરૂં છું."

આ ચાનક સાથેના બોધની બાદશાહને આબાદ અસર થઇ અને ત્યારથી તેણે પોતાની જુલ્મી આદત છોડી દીધી.

સાર—ગુનાહ કરનારની ભક્તિ ઇશ્વર કબુલ કરતો નથી માટે પ્રથમ તો પોતાની કુટેવો સુધારવી. નીતિ પંથે ચલવું તે પછી કરેલી બંદગી ફલદાયી થાય છે.

૧૭. સખાવતનું ફળ.

કરો પરોપકાર પ્રેમથી, લ્યો લક્ષ્મિનો લ્હાવ;
અનંત ગણું ફળ પામશો, મન ઇચ્છા હે મ્હાવ.

એક વખત હજરતઅલ્લી પાસે કંઇ ન હતું ને બે દહાડાના અપવાસી હતા. ખોરાકની તલાબથી પોતે ફરમાવ્યું કે ફાતેમા! કાંઇ ખાવાનું હોય નો લાવો. હજરત ફાતેમાએ જવાબ દીધો કે એક સુકી ખજુર પણ ઘરમાં નથી. મારા પાસે ફક્ત છ દીરહમો છે તે લો અને બજારમાંથી ખોરાક વેચાતો લાવો. થોડો મેવો પણ ફરજંદો માટે લાવજો.

છ દીરહમો લઇ હજરતઅલ્લી ઘેરથી નીકલ્યા. રસ્તે જતાં બે મુસલમાનોને દીઠા જેમાંનો એક લાલચોળ થઇ બીજાને ખેંચતો હતો અને કહેતો હતો કે:—"મારૂં લ્હેણું આપ નહિ તો કેદખાનામાં ચાલ, કોટવાલ ચાબુક લઇ વાટ જોતો બેઠો છે." પેલો બિચારો રોતો રોતો નિશ્વાસ નાખી કહેતો હતો કે:—"આખર શું દહાડો આવ્યો." હજરતઅલી આ બધું જોતા હવા તેઓએ પેલા કરજદાર માણુસને પુછયું:-"ભાઇ તારૂં કરજ કેટલું છે?" તે કહે "અરે સાહેબ છ દીરહમ કે જે માટે મારે સાંકળથી બંધાવું પડશે." હજરતે ફરમાવ્યું "નહિ બંધાવું પડે. આ રહ્યાં છ દીરહમો તે લે ને તારા માગનારને આપી સુખથી તારે ઘેર જા."

એ પ્રમાણે ગરીબનું દુઃખ મટાડી હજરતઅલી ઠાલે હાથે પોતાને ઘેર પાછા આવ્યા. દરવાજા ઉપર હજરત ફાતેમાં તથા

શાહજાદા હસન અને હુસેન તેઓને આવતા જોઇ ખુશ ચહેરે ઉભાં હતાં. શાહજાદા કહેવા લાગ્યા કે "ચાલો હવે રૂતબ, ગોસ્ત અને તાજું દુધ આપણે તુરત ખાશું." પણ જ્યારે તેઓએ હજરત-અલીના મ્હોડેથી સાંભળ્યું કે "છ દીરહમો દુઃખી માણસને મદદ કરવામાં ખરચી નાખ્યા છે અને હું તમારા માટે કશુંએ લાવી શકયો નથી." ત્યારે તેઓ જરા ઉદાસ થયા પણ હજરત ફાતેમા હસ્યાં અને બોલ્યાં કે "યાઅલી તમે એ બહુ ઠીક કીધું." પછી પોતાના ફરજંદોને કહ્યું "તમે દીલગીર ન થજો. કદી આપણને અપવાસ કરવો પડે તો પણ શું! જે અલ્લાહના ફરજંદોને મદદ કરે છે તેને અલ્લાહ અવશ્ય મદદ કરે છે."

હજરતઅલીએ જોયું તો ફાતેમાની કોમળ આંખોમાં ભૂખથી ખાડા પડી ગયા હતા. બચ્ચાંઓને મેવો અને ગોસ્ત જોઇતું હતું. પોતે વિચાર્યું કે હું પેગંબર પાસે જાઉં. કારણ કે જો કોઇનાપર હજારો દુઃખોનો ભાર હોય તો તે ખુદાના નબીના શબ્દોની મીઠાશથી ટળી જાય છે. આવો વિચાર કરી રસુલ્લાહને મળવા ચાલ્યા.

રસ્તામાં એક ઉમદા પોષાકવાળો તેજી ઘોડાપર સ્વાર થએલો આરબ મળ્યો. તેના હાથમાં એક કિમતી ઉંટની લગામ હતી. હજરતઅલીને તે કહેવા લાગ્યો કે "આ મારા રણના ગુલાબને ખરીદો, એકસો દીરહમ આપેથી એ તમારો થશે. અને હીજાઝ કે બીજા શહેરમાં તેને વેચશો તો તમને બેવડી કરતાં પણ વધારે કિમત મળશે." આપે ફરમાવ્યું "ખરેજ જાનવર તો ઉમદા છે. હું તે ખરીદતે પણ તેં માગેલા દામ મારી પાસે નથી." પેલાએ

કહ્યું; "તેની ફીકર નહિ. આ ઉંટ લઇ જાઓ અને જયારે અલ્લાહની મહેરબાની થાય ત્યારે મગરીબના દરવાજા પાસે આવી મને પૈસા આપી જજો. હું ત્યાં તમને મળીશ.

હજરતઅલી કબુલ થયા અને ઉંટની લગામ પોતાના હાથમાં લઈ ડાબા હાથ તરફ વાળ્યા કે, જ્યાં જનાવરોના વહેચાણનું બજાર હતું. બજારમાં દાખલ થતાંજ એક રણવાસી જેવો પોષાક પહેરેલો અરબ મળ્યો અને સલામ કરી બોલ્યો:-"હંમેશાં તું સલામતીમાં રહે, અલ્લાહ તને બરકત આપો. આ મોટી મોટી આંખોવાળો સ્વારીનો ઉંટ મને વેચાતો આપીશ ? એની કિંમત ત્રણસો દીરહમ આપવા હું ખુશી છું. દામ સારા છે. આવો એક ઉંટ મેળવવાની તજવીજમાં હું હતો, પણ આના સિવાય મને કોઇ જડયો નથી." હજરતે ફરમાવ્યું "તારી ખરીદવાની ઇચ્છા હોય તો ભલે, હું વેચવાજ લાવ્યો છું." મુસાફર પૈસા આપી ઉંટ લઇ ચાલતો થયો. હજરત મળેલા પૈસામાંથી ખોરાક, મેવો વગેરે પુષ્કળ સામાન ખરીદી ઘરે પધાર્યા, અને બચ્ચાંઓની પાસે રૂતબો, કેરબાના રંગની દ્રાક્ષ અને સુફના ઢગલા કરી દીધા. સૌ ખુશી થયાં અને જમ્યાં.

ઉપલું સઘળું થઇ રહેતાં હજરતઅલી શહેરના મગરીબ તરફના દરવાજે ઉંટના માલીકને પૈસા આપવા જવા નીકળ્યા. રસ્તામાં હજરત રસુલે ખુદા સ૦ સામા મળ્યા. હસતાં હસતાં આપે ફરમાવ્યું:-"ઓ અલી ! તમને સ્વારીનો ઉંટ કોણે વેચાતો આપ્યો અને પાછો તમે એ ઉંટ કોને આપ્યો ?" હજરતઅલીએ જવાબ આપ્યો કે "ત્યારે એ હકીકત તમે જાણતા હો એમ લાગે છે." આપે ફરમાવ્યું :-"ખરેખર હું જાણું છું. તે અલ્લાહનો વહી

લાવનાર જબ્રાઇલ હતો. જેની પાસેથી તમે ઉંટ વેચાતો લીધો, અને જેને તમે આપ્યો તે હજરત ઇસરાફિલ હતો. તે ઉંટ સ્વર્ગના બાગમાંથી અહિં આવ્યો હતો અને પાછો ત્યાંજ ગયો. અલ્લાહના ફરજંદ–એક રડતા કરજદારને તેના કરજમાંથી મુક્ત કરવા ખરચેલ રકમને અલ્લાહ પાકે પચાસઘણી પાછી વાળી આપી છે.

સાર—મહાત્મા પુરૂષો પોતે દુઃખ ખમીને પણ પરોપકાર કરી બીજાને સુખી કરે છે. એવા મહા પુરૂષોને ઇશ્વર આ દુનિયામાં ને પેલી દુનિયામાં તેનો અનંતગણો બદલો આપે છે, માટે હંમેશાં પરોપકારવૃત્તિ રાખવી.

૧૮ સંસાર ભ્રમ.

સસ શૃંગનું વહાણજ કર્યું મૃગ તૃષ્ણામાં લઇને ધર્યું,
વંઝા સુત બે વહાણે ચડયા ખ પુષ્પનાં વસાણાં ભર્યાં,
અખા શેખચલ્લીની જેવી કથા હમણાં આગળ તેવા હતા.

કોઇ એક નાની ઉમરના અજ્ઞાન બાળકે પોતાની ધાવ માતાને કહ્યું કે હે ધાત્રિ, વિનોદ આપવાવાળી કોઇ વાર્તા કહે. ત્યારે તે ધાવે એ બાળકના વિનોદ માટે સુંદર તથા ગંભીર અર્થવાળી બાળવાર્તા કહેવા માંડી.

હે પુત્ર, અત્યંત અસત નામના નગરમાં ત્રણ રાજકુમારો રહેતા હતા. તેમાંના બે કુમારો તો ન થએલા હતા, ને ત્રીજો ગર્ભમાંજ નહોતો રહ્યો. દૈવયોગે માતાપિતા આદિ કુટુમ્બીઓ મરણ પામવાથી ને દુષ્કાળાદિથી ખિન્ન થએલા તેઓ ઉત્તમ નગરના લાભ માટે પોતાના શુન્ય નગરમાંથી નીકળ્યા. ઘણે દુર જતાં ત્રણ વૃક્ષ આવ્યાં જે પુષ્પ ફળ તથા પલ્લવથી શોભતાં હતાં. એ ત્રણ વૃક્ષમાંથી બે તો થયાં જ નહતાં ને ત્રીજાનું તો બીજ પણ પોખાએલું ન હતું. રાજકુમારો તેમાંના એક તળે આરામ લેવા બેઠા. અમૃત જેવાં ફળ ખાઇ, તેનો રસ પી, તેના પુષ્પોની માળાઓ પહેરી ચીરકાળ આરામ કરી આગળ ચાલ્યા. બહુ દૂર ગયા, મધ્યાન સમય થયો ત્યારે જેમાં તરંગો ઉછળતા હતા ને શબ્દ થતા હતા એવી ત્રણ નદીઓ આવી. તેમાંથી એક તો સુકાયેલી હતી અને જેમ આંધળાં નેત્રોમાં દૃષ્ટી હોતી નથી, તેમ બીજી બે નદીઓમાં થોડું પણ જળ નહતું. પછી તે ત્રણે જણાએ અતિ શુષ્ક નદીમાં પ્રિતીથી સ્નાન

કર્યું. ચીરકાળ જળક્રિડા કરી, દુધ જેવા જળનું પાન કરી પ્રસન્ન થઇ આગળ ચાલ્યા. સુર્યાસ્ત વખતે જેનું નવું નિરમાણ થવાનું છે એવું પર્વત જેવું ઉંચું શહેર આવ્યું. તેમાં ધ્વજાપતાકાઓ ચડેલી હતી. સ્વચ્છ જળાશયો હતાં. તે નગરમાં દાખલ થતાં સુંદર ને સગવડવાળાં ત્રણ ઘરો જોવામાં આવ્યાં. તે સુવર્ણ તથા મણિનાં હતાં ને પર્વતના શીખર જેવાં શોભતાં હતાં. તેમાં બે ઘર તો ન રચેલાં હતાં ને એક ભીંતો વગરનું હતું. એ ભીંતો વગરના સુંદર ભુવનમાં ત્રણે જણા પેઠા અને બેઠા, ને આનંદ પામ્યા. તે ઘરમાંથી સોનાનાં ત્રણ પાત્રો મળ્યાં તેમાંથી બે પાત્ર તો ખપ્પર ભાવને પામ્યાં હતાં ને ત્રીજું ચુરે ચુરા થએલું હતું. દીર્ઘ બુદ્ધિ-વાળા રાજપુત્રોએ તે ત્રીજું પાત્ર લીધું ને તેમાં નવાણું માણાં ચોખા રાંધ્યા. પછી ભોજન માટે ત્રણ બ્રાહ્મણોને નોતર્યા. તેમાં બે તો શરીર વગરના હતા અને એકને મુખજ ન હતું. તે મુખ વગરનો બ્રાહ્મણ નવાણું માણાં ચોખા જમી ગયો. બાકી રહેલો ભાત ત્રણે રાજકુમારો જમ્યા, ને તૃપ્તિ પામ્યા. એ ત્રણે રાજકુમારો ભવિષ્ય નગરમાં અદ્યાપિ મૃગ્યાવિહાર કરે છે ને સુખેથી રહે છે. હે પુત્ર, મેં તને આ સુંદર વાર્તા કહી તેને તું મનમાં રાખ તેથી તું ચતુર થઇશ. મોટા થયા પછી આ વાર્તાનું મનન કરી સમજીશ તો પંડીત થઇશ ને પરમ શાન્તી પામીશ.

સાર—આકાશમાં જેમ લીલા કાળા રંગ જોવામાં આવે છે, તેમજ જગત પણ ભ્રમને લીધે સત્ય જોવામાં આવે છે પણ વાસ્તવિક રીતે તો કાંઇ ઉત્પન્ન થયુંજ નથી. તે સંબંધે સંકલ્પથી મિથ્યા સંસારના દૃષ્ટાંતરૂપ આ બાળ કહાણીનો હેતુ છે.

૧૯ કુસંપ કથા.

સંપૂર્ણ કદિ દેવ પ્રસન્ન, સંપ વિના નહિ સુખ સંપન્ન.

કોઇ એક નિર્ધન માણસ દ્રવ્ય પ્રાપ્તિ અર્થે પોતાની સ્ત્રી અને પુત્ર સહીત વનમાં તપશ્ચર્યા કરવા ગયો. ત્યાં તેમના એકાગ્ર ચિત્તના નિશ્ચયપુર્વક તપથી શ્રી મહાદેવજીએ પ્રસન્ન થઇ તેઓને વરદાન આપ્યું કે:-" જીંદગીમાં અકેક વખત ઇચ્છા કરી તમે જે માગશો તે આપીશ, પણ બીજીવાર માગવાથી મળશે નહિ. માટે તમે ઘેર જઇ એક સલાહ કરી મનગમતું માગી લેજો તે અવશ્ય પ્રાપ્ત થશે." આ સાંભળી ત્રણે રાજી થઇ ઘર તરફ વળ્યાં.

રસ્તે ચાલતાં એક સમૃદ્ધિવાન અને રૂપાળા રાજાને મૃગ્યા ખેલતો જોઇ પેલી સ્ત્રીએ મનમાં દેવનું સ્મરણ કરી કહ્યું " આ રાજાની હું રાણી થાઉં." તરતજ તે રંભા સમાન સ્વરૂપવાન થઇ રહી. રાજા તેની કાન્તિ જોઇ મોહિત થયો અને પેલાઓ પાસેથી બળાત્કારે લઇ ચાલ્યો. સ્ત્રીની દુષ્ટ વાસનાનું આ પરિણામ જાણી તેના પતિએ ક્રોધ કરી દેવ પાસે માગ્યું કે-" રાંડ રીંછડી બની જાય." તેજ ક્ષણે તે રીંછડી થઇ રહી. એટલે રાજાએ તેને તજી દીધી અને પાછી પતિ તથા પુત્ર પાસે આવી રહી. પોતાની માતાને આવી હાલતમાં જોઇ પુત્ર દીલગીર થયો અને દેવ પાસે માગ્યું કે:-" હે દેવ, મારી માતાને અસલ સ્વરૂપમાં પાછી કરો." આથા તે મુળ રૂપમાં પાછી થઇ રહી. આવી રીતે દેવતાની કૃપા મેળવ્યા છતાં અંદરઅંદરના કુસંપને કારણે તેઓની ઉન્નત્તિ થઇ શકી નહિ.

સાર-ઘરમાં, કુળમાં, જ્ઞાતિમાં, સમાજમાં અને સમગ્ર દેશમાં પરસ્પર સંપની જરૂર છે. સંપ વિના શ્રેષ્ટ સુખની પ્રાપ્તિ થતી નથી. માટે સૌએ અરસપરસ સંપ કરવો.

૨૦ સંસાર નીતિ શિક્ષા.

અતિ ભલા નહિ બોલના, અતિ ભલા નહિ ચુપ;
અતિ ભલા નહિ બરસના, અતિ ભલા નહિ ધુપ.

એક જંગલમાં મોટો ઝેરી સાપ રહેતો હતો. જતાં આવતાં લોકોને તે ત્રાસ આપતો. તેના ભયને લીધે તે તરફ કોઇ જતું નહિ. એક દિવસ એક બ્રહ્મચારી તે રસ્તે થઇને નીકળ્યો. થોડે દૂર ગોવાળીયા ગાયો ચારતા હતા તે દોડી આવી તેને કહેવા લાગ્યા. "મહારાજ ! એ રસ્તે જશો નહિ, ત્યાં એક ભયાનક સાપ રહે છે." બ્રહ્મચારીએ કહ્યું:-"તે ભલે રહ્યો, મને તેનો ભય નથી." એમ કહી તે તે બાજુએ ચાલવા લાગ્યો. ગોવાળીયા તે ભણી જોઇ ઉભા રહ્યા. આ બાજુ સાપ પણ ફેણ ઉંચી કરીને દોડતો આવતો હતો. બ્રહ્મચારીની પાસે આવતાં તેના અપૂર્વ જ્ઞાન પ્રભાવથી સાપ પોતાનું હિંસકપણું ભૂલી જઇ તેના પગ આગળ કીડા માફક પડી રહ્યો.

બ્રહ્મચારીએ કહ્યું:-"અરે, તું શા માટે પરહિંસા કરે છે ? આવ તને મંત્ર આપું એ મંત્ર જપ્યાથી તારા મનમાં ઇશ્વર ભક્તિ ઉદય થશે ને તને ભગવાનનાં દર્શન થશે અને હિંસા કરવાનું મન પણ નહિ થાય." એમ કહી તેણે સાપને મંત્ર આપ્યો. મંત્ર લીધા પછી સાપે ગુરૂને પ્રણામ કર્યાં અને પૂછ્યું:- "મહારાજ, મારે એ મંત્રનું સાધન કેવી રીતે કરવું તે કહો." ગુરૂએ કહ્યું:-"તું એ મંત્રનો જપ કર્યા કરજે અને કદી કોઇની

પણ હિંસા [illegible]તો નહિ. હું બીજી વાર તારા પાસે આવીશ ત્યારે તને ઘટતી રીતે [illegible]રે બોધ આપીશ.”

આ પ્રમાણે કેટલાક દિવસ વીત્યા. ગોવાળીઆઓએ જાણ્યું કે હવે સાપ કરડવા આવતો નથી. તેઓ તેને પથરા મારે તો પણ સાપ ગુસ્સે ન થતાં કીડાની માફક પડી રહેતો. એક દિવસ એક ગોવાળીઓ તેની પાસે ગયો. તેણે સાપને પુંછડીથી પકડયો અને ઘણી વાર ફેરવીને જોરથી જમીનપર ફેંકી દીધો. સાપ મોમાંથી લોહી ઓકયો અને બેશુદ્ધ થઇ ગયો. ન હાલે કે ન ચાલે. ગોવાળીઆએ જાણ્યું કે તે મરી ગયો તેથી તેઓ જતા રહ્યા.

મોડી રાત્રે સાપને ભાન આવ્યું ત્યારે તે ધીરે ધીરે મહા કષ્ટે પોતાના રાફડામાં જતો રહ્યો. તેનું શરીર કચ્ચરઘાણ વળી ગયું હતું. પાસુ ફેરવવાની પણ શક્તિ ન હતી. ઘણા દિવસ સુધી ભૂખે મરવાથી તેના શરીરમાં માત્ર ચામડી અને હાડકાંજ બાકી રહ્યાં હતાં. એવી દશામાં તે માત્ર રાત્રે એકજ વાર ખોરાક શોધવા બહાર આવતો. બીકને લીધે દિવસે તો તે રાફડા બહાર આવતોજ નહિ. મંત્ર લીધા પછી તેણે હિંસા કરવી છોડી દીધી હતી. માટી, પાંદડાં, અને ઝાડપરથી પડેલાં ફળ ખાઇને નિર્વાહ કરતો હતો.

લગભગ એક વર્ષ પછી પેલો બ્રહ્મચારી ત્યાં બીજી વાર આવ્યો. સાપની તપાસ કરી તો ગોવાળીઆ કહે એ સાપ તો મરી ગયો પણ બ્રહ્મચારીને એ વાત ઉપર વિશ્વાસ આવ્યો નહિ,

તે જાણતો હતો કે જે મંત્ર આપેલો છે તેનું સાધન થયા વગર તેનો દેહ છૂટી જાયજ નહિ. તેથી તે સાપના રાફડા આગળ જઇને તેનું નામ દઇને બોલાવવા લાગ્યો. ગુરૂદેવનો અવાજ સાંભળીને સાપ દરમાંથી બહાર આવ્યો અને ભક્તિ ભાવપૂર્વક ગુરૂને પ્રણામ કર્યા. બ્રહ્મચારીએ તેની શરીર સ્થિતિ જોઇ પૂછયું, તું માંદો પડયો હોય એમ દેખાય છે. સાપ કહે મહારાજ, આપે આજ્ઞા કરી હતી કે તારે હિંસા કરવી નહિ, જેથી હું પાંદડાં ને ફળ ખાઇને રહું છું તેથી કદાચ રોગ થયો હશે. મારામાં સત્વગુણનો ઉદય થયો છે તેથી હું કોઇનાપર ક્રોધ કરતો નથી. એક વાર ગોવાળીઆઓએ મને બહુ માર્યો હતો. તેઓ મૂર્ખ છે. મારા મનની શી સ્થિતિ છે તેની તેમને શી ખબર? હું કોઇને કરડતો નથી કે ઇજા કરતો નથી એ તેઓ શી રીતે જાણે?

બ્રહ્મચારીએ કહ્યું તું આવો મૂર્ખ ક્યાંથી? તને તારો પોતાનો બચાવ કરતાં ન આવડયું? મેં તને કરડવાની ના કહી હતી પણ શું ફુંફાડો મારવાનો ના કહી હતી? કરડવું નહિ પણ ફુંફાડો તો રાખવો.

સાર—સંસારમાં રહેવું હોય તો નઠારા લોકોથી આપણે બચાવ કરવા માટે એક પ્રકારના તમો ગુણનો દેખાવ કરવાની જરૂર છે. પણ કોઇ આપણું અનિષ્ટ તાકે તેથી આપણે પણ તેનું અનિષ્ટ તાકવું એમ ન થવું જોઇએ, તેમને ઇજા ન કરવી પણ ભય તો બતાવવોજ જોઇએ. નહિ તો સાપના જેવીજ આપણી ગતિ થાય.

૨૧ પ્રેમભકિત મહાત્મ્ય.

ભજન કરે ભકતો ઘણા લઇને માળા હાથ;
પ્રિતે પુકારે માંહેથી તો દર્શન દેવે નાથ.

એક બ્રાહ્મણની કન્યા બિચારી નાનપણમાં વિધવા થઇ. વરનું મ્હોં તેણે દીઠું ન હતું. એટલી નાની ઉમરમાં લગ્ન થયાં હતાં કે યુવાવસ્થાએ પહોંચતાં પોતે પરણી છે એ પણ તેને યાદ ન હતું. પાડોશીઓની છોકરીઓના વર આવતા તે તે જોતી. એક દિવસ તેણે પોતાના પિતાને પૂછ્યું:-"બાપા ? મારો વર કયાં છે ? તે મને તેડવા કેમ આવતો નથી ?" આવા પ્રશ્નોથી બાપે ખિન્ન હૃદયે જવાબ દીધો કે "બેટા, ગોવિંદ તારો વર છે. તેને બોલાવીશ એટલે તે તને દર્શન આપશે." આ વાત સાંભળીને તે છોકરી બારણાં બંધ કરી એક ઓરડામાં બેઠી અને ગોવિંદને કલ્પાંત કરી પોકારવા લાગી. તે કહે:—"ગોવિંદ મારી પાસે આવો. મને દર્શન આપો કેમ હજી આવતા નથી ? તમારા દર્શન વગર હું અન્નપાણી લઇશ નહિ, એ વગેરે અનેક પ્રકારની વિનવણી સાથે હૈયાફાટ રડવા લાગી. આવી રીતનો આ છોકરીનો વિલાપ ઇશ્વરથી સહન થયો નહિ અને તેમણે તેને દર્શન આપી કૃતાર્થ કરી.

સાર-ધાવણું છોકરૂં મા પાસે જવા જેટલું વ્યાકુળ થાય છે. અને વિરહણી સ્ત્રી પતિ પ્રાપ્તિ માટે જેટલી ઇંતેજારી ધરાવે છે એથી પણ વિશેષ વ્યાકુળતા ઇશ્વર દર્શન માટે થવી જોઇએ તે થાય એટલે અરૂણોદય થયો જાણવો. અરૂણોદય થયા પછી થોડી વારમાંજ સૂર્યોદય થાય છે. એટલે પ્રથમ વ્યાકુળતા અને પછી વરતજ ઇશ્વર દર્શન.

૨૨ સંશય વિનાશક ચાતુરી.

ભય પામીને વહેમથી, ચિંત્તામાં સેંસાય;
શુળ પેસતાં શરીરમાં, અકાળ મૃત્યુ થાય.

કોઇ એક બાદશાહના દરબારમાં એક પરદેશી નજુમી આવ્યો. તખતની સામે આવી ઘણીજ તાઝીમ સાથે સલામ કરીને અદબથી ઉભો રહી પોતાની લાયકાત અને ઇલમ જાહેર કરવા લાગ્યો. તેની ચાલાકી અને હુશીયારીની વાતો સાંભળી શાહ અને ઉમરાવોએ કેટલીક ભવિષ્યની વાતો પુછી તેના તેણે ખરા જવાબો આપી સર્વને પોતાની જ્યોતિષ શાસ્ત્રની પ્રવિણતાની ખાત્રી કરી આપી. નજુમીની તમામ વાત સાચી પડી તે જોઇ બાદશાહ ઘણો ખુશી થયો. અને તેની સારી કદર અને તારીફ કરી કેટલુંક ઇનામ આપી બેસવાની રજા આપી.

થોડીવાર પછી બાદશાહે કાંઇ વિચારીને નજુમીને કહ્યું—"ખરેખર, તારી દરેક ભવિષ્યવાણી ખરી પડી પણ હવે એક વાત પુછું છું તેનો જવાબ આપ. પણ એ જવાબ ઘણો મુશ્કીલ છે અને હું ધારતો નથી કે તે તું કહી શકે!"

નજુમીએ કહ્યું, "હજુર, આપની મરજીમાં આવે તે પુછો. ખુદાની મહેરબાનીથી કાંઇ મુશ્કીલ નથી. આપ મને અજમાવી ચુકયા છતાં પણ ફરમાવો છો કે 'બતાવી શકીશ નહિ,' તેથી હું લાચાર છું. બાકી હું ઉમેદ રાખું છું કે ગમે તેવો મુશ્કીલ સવાલ હશે તો પણ હું પાછો હઠીશ નહિ."

બાદશાહે કહ્યું—"ભલા કહે કે મારી ઉમરની કેટલી મુદત બાકી છે ?" આ સાંભળી નજુમીએ અરજ કરી કે આપની જન્મ નોંધ મંગાવો તેને હું એક વખત જોઉં તો વધારે ઠીક પડે. હુકમ થતાં ખીદમતગારો શાહની જન્મનોંધ લઇ આવ્યા. નજુમીએ તે કેટલીક વાર સુધી જોઇને પોતાને હાથે જન્મકુંડળી તૈયાર કરી વિચાર અને ફીકરમાં પડી ગયો. વારંવાર હીસાબ કરી કરીને લખતો અને છેકતો જોઇ બાદશાહે પુછ્યું કેમ હીસાબ બરાબર મળતો નથી ? નજુમીએ અરજ કરી જી, નહિ. હીસાબ શા માટે ન મળે. શાહે કહ્યું ઠીક, ત્યારે બતાવ તારા હીસાબમાં શું નીકળ્યું ? મારી જીંદગી કેટલી બાકી છે ? નજુમીએ કહ્યું--"ખુદાતાલા આપને ઘણી લાંબી જીંદગી અતા ફરમાવે પણ મારા જોવામાં આવ્યું તે હું જાહેર કરી બેઅદબી કરી શકતો નથી માટે આ સિવાય બીજું કાંઇ પુછો."

નજુમીના આવા જવાબથી બાદશાહનો ચહેરો ફીકો પડી ગયો અને સમજ્યો કે મારી જીંદગીનાં થોડાં વરસ બાકી હશે, તો પણ વધારે ચોખવટ કરવા નજુમીને કહ્યું કે એમાં બેઅદબી શાની ? જે તારા જોવામાં આવ્યું હોય તે કહે. એ પરથી નજુમીએ કહ્યું કે મારા હીસાબમાં આપની જીંદગીનું આ વરસ છેલ્લું છે.

આ સાંભળતાંજ બાદશાહ ગભરાઇ ગયો અને બોલ્યો હેં ? શું હવે હું એક વરસ પણ જીવવાનો નહિ ? નજુમીએ કહ્યું-"હજુર, ખુદા આપની ઉમર લાંબી કરે, પણ નજુમના હીસાબે મેં કહ્યું એજ પ્રમાણે છે."

આથી બાદશાહ દીલગીર થઇ ઉદાશીની હાલતમાં બોલ્યો જીંદગીનો કાંઇ ભરોસો નથી. હવે તો આ વરસની અંદર મારે કુચ

કરવાની છે. મોત નજીક છે માટે આ તમામ ઠાઠમાઠ મને શા કામનો ? હવે તો આખેરતની તૈયારી કરવી જોઇએ.

એ બાદશાહનો વજીર ત્યાં બેઠો હતો જે ઘણો દાનો અને કાબેલ હતો. તે બોલ્યો-"સરતાજ, એક નજુમીના કહેવા ઉપર યકીન કરવું તે અક્કલથી ઉલટું છે. નજુમીઓની સેંકડો વાતો ખોટી પડે છે, અને દીને મોહમ્મદીમાં નજુમીઓ ઉપર યકીન લાવવાની સાફ મનાઇ છે, માટે આવી વાત કરો નહિ." બાદશાહે કહ્યું-"હું પણ નજુમીની વાત ખરી માનતો ન હતો પણ તેની કેટલીક બાબતો ખરી પડવાથી હું ધારૂં છું કે આ વાત પણ તેની ખરી થશે." આટલું બોલતાં બાદશાહની આંખમાં ઝળઝળીઆં આવી ગયાં.

વજીરે જોયું કે જયાંસુધી નજુમી જુઠો નહિ ઠરે ત્યાંસુધી બાદશાહની ફીકર જશે નહિ અને એજ અફસોસમાં પોતાની જાન ગુમાવશે. તેથી નજુમીને પુછયું કે-"અમારા બાદશાહનું ભવિષ્ય તેં જોયું તે ઠીક. પણ હું એ પુછું છું કે તું કયારે મરીશ ?" ત્યારે નજુમીએ કહ્યું-"સાહેબ, મેં મારા વિષે નજુમમાં જોયું નથી. વજીરે કહ્યું તું આજ વખતે જોઇને મને કહે કે તારા કદમ દુનિયામાંથી કયારે જશે ? નજુમીએ જોઇને કહ્યું કે હજુ ત્રીસ વરસ સુધી મારૂં મોત નથી. વજીરે કહ્યું ત્રીસ વરસ થોડાં છે કયામત સુધી કહેને ? તેણે કહ્યું-સાહેબ, હું કાંઇ જુઠું કહેતો નથી જે મારા હીસાબમાં આવ્યું તે કહું છું."

આ વખતે બરાબર પ્રસંગ જોઇ વજીરે તરવાર વડે નજુમીનું માથું ધડથી જુદું કરી નાખ્યું. અને ત્રીસ વરસની જીંદગી-

વાળો તેજ ક્ષણે મરણ શરણ થઇ ગયો. બાદશાહે કહ્યું, "અરે વજીરે તમે આ શું કર્યું? બીચારા નજુમીને વગર ગુને શા માટે માર્યો? વજીરે કહ્યું–હજુર અગર આ તદબીર ન કરતે તો બીજી કોઇ રીતે આપ નજુમીની વાતને જુઠી સમજતે નહિ અને હંમેશાં આપ મુસીબત અને ગમમાં રહ્યા કરતે."

નજુમીનું કતલ થવું એ બાદશાહને જાણે અકસીર દવા મળી ગઇ. તરતજ તેની તબીયત સુધરતી ચાલી અને નજુમીએ કહેલ વાત ઉપર ઇતબાર રહ્યો નહિ. ચહેરાનો રંગ પીળો થઇ ગયો હતો તે પાછો લાલ થયો, ગમી તથા ઉદાસી ઉડી ગઇ. વજીરને ઇનામઅકરામથી નવાજ્યો ને તેની ઘણી તારીફ કરી.

સાર—આપણામાં કહેવત છે કે "સપ નથી મારતો પણ ડપ મારે છે." એટલે મન ઉપરની અસર શરીરપર અસર કરે છે એટલુંજ નહિ પણ ખોટી માન્યતા અને ખોટા વહેમ અભણ વર્ગમાં ઘણે ઠેકાણે અસર થતાં જોવામાં આવે છે. સમજુ માણસે એવા વહેમમાં પડવું જોઇએ નહિ. અને જ્યોતિષ, શુકન અપશુકન વગેરે ઉપર બીલકુલ શ્રદ્ધા રાખવી નહિ.

૨૩ મહાન મુસાફરી.

કરવી એક મુસાફરી સર્વ લોકને છેક;
સત્વ ગુણ સંગ્રહ કરો રાખીને સત્ય ટેક.

એક વખત રાજાનો લહુઓ બે દિવસની મજલપરના એક શહેરમાં કંઇ કામ પ્રસંગે ગયો હતો. જતી વખતે ઘેરથી કંઇ ખાદ્ય પદાર્થ—ભાતું લેતાં ભૂલી ગયો તેથી રસ્તામાં ઘણો હેરાન થયો. આ વાત જ્યારે રાજાના જાણવામાં આવી ત્યારે તેણે લહુઆને કહ્યું કે "તું કેટલો મૂર્ખ કે મુસાફરીએ જાય છે ને ભાતું ઉપાડતાં ભૂલી ગયો?" લહુઓ બોલ્યો, "ખરેખર, સરકાર મેં ગંભીર ભૂલ કરી તેનું પરિણામ મેં ભોગવ્યું." આ પ્રસંગની યાદગીરી તરીકે રાજાએ તેને એક લાકડી ભેટ આપી કહ્યું કે "લહુઆ, તારી મૂર્ખાઇની નિશાની દાખલ આ લાકડી હંમેશાં તારી પાસે રાખજે અને તારા કરતાં વધારે મૂર્ખ માણસ તને મળે તેને તે આપી દેજે."

થોડા દિવસ બાદ એ રાજા ઘણો બીમાર પડયો. ઘણા ઇલાજો કરવા છતાં પણ જ્યારે મંદવાડ ઘટયો નહિ, ત્યારે તેણે જાણ્યું કે હવે હું મરી જઇશ. આવી રીતે તેણે પોતાની જીંદગીની આશા છોડી ઉદાસ મને લહુઆ સાથે નીચે પ્રમાણે વાત કરી.

રાજા—"લહુઆ, હવે હું જાઉં છું."

લહુઓ—"ક્યાં જાઓ છો સાહેબ? અને ક્યારે પાછા ફરશો? મહિના એકમાં આવશો કે?"

રાજા—" નહિ.'

લહુઓ—" વારૂ વર્ષેક દિવસમાં પાછા પધારશો ? "

રાજા—" નહિ, હંમેશ સુધી નહિ."

લહુઓ—" સાહેબ, ત્યારે મુસાફરીમાં સાથે લઇ જવા માટે શું તૈયાર રાખ્યું છે ? અને ત્યાં આપનો વખત સુખરૂપ પસાર થાય તે માટે શું ગોઠવણ થઇ છે ? "

રાજા—" કંઇ નહિ."

લહુઓ—" ઠીક. ત્યારે લો આ આપની લાકડી રાખો. મારા કરતાં વધારે મૂર્ખ આપજ છો. મેં એ મહાન મુસાફરી માટે આગળથી તૈયારી કરી રાખી છે માટે હું કંઈ મોતથી ડરતો નથી. આ સાંભળી રાજા બોલ્યો, ભાઇ, તારૂં કહેવું ખરૂં છે. બે દિવસની મુસાફરીમાં ભાતું નહિ લેવાની ભૂલ માટે મેં તને મૂર્ખ ગણ્યો હતો પણ મેં તો આ લાંબી મુસાફરીના ભાતા માટે આજ સુધી કંઇ વિચારજ કર્યો નથી. ઈશ્વર મને આરામ આપે ને જીંદગી લંબાવે તો પહેલું કામ હું એજ કરીશ."

૨૪ અદલ ઇન્સાફ.

આણુદ કહે પ્રમાણુદ માણુંસે માણસે ફેર;
એક લાખો દેતાં ન મળે એક ટકાનાં તેર.

વિક્રમ રાજાના વિષે એક વાત કહેવામાં આવે છે કે એક વખત તેના દરબારમાં કોઇ એક ચોક્કસ અપરાધ માટે ચાર જણને ઉભા કરવામાં આવ્યા હતા. તેનો ઇન્સાફ તેણે ઘણાજ ડહાપણથી નીચે પ્રમાણે કર્યો.

એક ગુનેહગારને પોતાના નજીક બોલાવી સભ્યતાથી કહ્યું "તારા જેવા સજ્જન માણસને આવું કૃત્ય કરવું ઘટે ? ચાલ્યો જા" બીજાને બે ચાર તિરસ્કારના શબ્દો કહી વિદાય કર્યો, ત્રીજાને તિરસ્કાર સાથે એક તમાચો મરાવી કાઢી મૂકયો અને ચોથાને માટે હુકમ કર્યો કે "એને આખે મોંઢે ચૂનો ચોપડી અવળે ગધેડે બેસાડી ફટકાનો માર મારી ગામમાં ફેરવો." એકજ અપરાધ માટે ચાર જણને આવી વિચિત્ર પ્રકારની જુદી જુદી સજા કરવામાં આવી એ જોઇ દરબારીઓ આશ્ચર્ય પામ્યા તે ચતુર રાજા સમજી ગયો, એટલે સર્વના મનના સમાધાન અર્થે રાજાએ પોતાના દૂતોને એ ચાર અપરાધીઓની પાછળ સજા થયા પછીની તેઓની સ્થિતિ તપાસવા મોકલી દીધા હતા. તેઓએ આવી જણાવ્યું કે, "મહારાજ જેને આપે ફકત ઠપકોજ આપ્યો હતો તે ઘેર જતાં વાર વીખ ખાઇ મરી ગયો. કડવા તિરસ્કારના શબ્દો જેને કહેવામાં આવ્યા તે શહેર છોડી ચાલ્યો ગયો છે. જેને તમાચો મરાવી અપમાનભર્યા શબ્દો

કહ્યા તે ઘરમાં ભરાઈ બેઠો છે ને બહાર નીકળતાં શરમાતો હોવાથી પોતાનું મોં કોઈને બતાવતો નથી. જેને ફટકા મરાવી અવળે ગધેડે બેસાડી ગામમાં ફેરવ્યો, તેની સ્વારી ફરતી ફરતી પોતાના ઘર પાસે આવતાં ત્યાં આગળ તેની સ્ત્રી એ વરઘોડો જોવા ઉભી હતી તેને એ ગર્દભસિંગે કહ્યું કે 'હવે એક મહોલ્લો ફરવાનો બાકી છે માટે પાણી ઉનું મૂકી દેજે ને રસોઈ પણ તૈયાર કરજે, મારે ન્હાવું છે ને ભૂખ પણ લાગી છે.'

દૂતો પાસેથી આ હકીકત સાંભળી દરબારીઓ અચરજ પામ્યા, અને અપરાધીઓને તેમની યોગ્યતા પ્રમાણે કરેલી શિક્ષા માટે રાજાની ઇન્સાફ કરવાની શક્તિનાં વખાણ કરવા લાગ્યા.

સાર—સજ્જન માણસ ભૂલેચૂકે અપરાધ કરે તો તેથી અત્યંત શરમાય છે. શરમાવું તે ફરી એવા કામમાં પ્રવૃત્ત નહિ થવાની નિશાની છે. પણ નિર્લજ માણસ તો વારંવાર ગુનાહની શિક્ષા પામે તો પણ તેને લાજ આવતી નથી, તે જણાવવાનો આ દૃષ્ટાંતનો હેતુ છે. વળી જાણવું જોઇએ કે સહવાસના સંયોગથી કે અયોગ્ય વાતાવરણમાં ઉછરવાથી મનુષ્ય સ્વભાવ ભિન્ન ભિન્ન ઘડાય છે.

૨૫ વૃદ્ધાવસ્થાનો વિલાપ.

સંપત ગઇ તે સાંપડે ગયાં વળે છે વહાણ;
ગત અવસર આવે નાહ ગયા ન આવે પ્રાણ.

વૃદ્ધાવસ્થાની છેલ્લી હદે પહોંચેલી કેડેથી નમી ગએલી કોઇ એક ડોસીને જતી જોઇ એક જુવાનિયાએ તેને પૂછ્યું કે "ડોસીમા નીચું નમીને શું શોધો છો કંઇ વસ્તુ ખોઇ છે?" ડોસીએ ઉત્તર આપ્યો કે "નાનપણ અણસમજમાં ગુમાવ્યું અને યુવાવસ્થામાં તારા જેવી મસ્તાન દશામાં રહી પછી જ્યારે ઘડપણે ઘેરી લીધી ત્યારે શરીરના બંધ ત્રુટી ગયા તોપણ માયામાં લપટાઇ રહી પ્રભુ ભજન થઇ શક્યું નહિ. હવે છેક જઇફી આવતાં વાંકી ડોક રાખી નીચી નમી નમીને જોઉં છું કે જુવાની ક્યાં જતી રહી."

પેલા જુવાનિયાએ તો મશ્કરીમાં પુછેલું પણ તેનો સાચો ને સરળ ઉત્તર સાંભળી તે શરમાઇ ગયો ને ડોસીમાની માફી માગી આપેલી સારી શીખામણ માટે ઉપકાર માની ચાલ્યો ગયો.

સાર—મનુષ્યની બાળ, યુવા અને વૃદ્ધાવસ્થામાં ખુદાની બંદગી કરવાનો વખત ફક્ત યુવાવસ્થા છે, પરંતુ મનુષ્ય સ્વભાવ એવો છે કે એ અમુલ્ય તક દુનિયાના મોજશોખમાં ગાળે છે. આખરે વૃદ્ધાવસ્થા પ્રાપ્ત થતાં શરીરના અવયવો શિથિલ થાય છે ત્યારે ભક્તિ થઇ શકતી નથી. પછી જુવાનીને શોધે અર્થાત યુવાવસ્થા યાદ કરીને પસ્તાવો કરે છે એ નકામું છે માટે ભક્તિ વગેરે અનેક કામો યુવાવસ્થામાં કરી લેવાં. મહાન હજરત અલી કહે છે કેઃ—

જબ ગઇ જુવાની યાદ કરે તો બ્હોત આપ દીલમેં પસ્તાવે;
એ પસ્તાનાં ફોકટ ભાઇ જુવાની ફેર નહિ આવે.

૨૬ લીલાનાં હરણ.

Friends are plenty when the purse is full.

એક માણસે પોતાની ઘણીખરી ઊમર નિર્ધનાવસ્થામાં ગાળી હતી. પાછળથી ઇશ્વર કૃપાએ એક ચોક્કસ રોજગારમાં તેને ઘણી મોટી રકમનો લાભ મળી જતાં તે દોલતવાળો થયો. ત્યાર પછી તે જ્યારે બજારમાં કે બહાર ફરવા નીકળતો ત્યારે જે કોઇ સામું મળે તે તેને "શેઠ સાહેબ સલામ" કહી બોલાવતું. પ્રત્યુત્તરમાં શેઠ તેમને માત્ર "કહીશ" એવો જવાબ આપતો આથી કેટલાક માણસો તેની નિંદા કરતા કે દ્રવ્યવાન થવાથી તે મગરૂર થઇ ગયો છે જેથી સલામનો પણ સીધો જવાબ આપતો નથી." પરંતુ વાસ્તવિક જોતાં તેમ ન હતું અને એ તો બહુ ડહાપણથી બોલે છે એમ બધા લોકને પાછળથી માલુમ પડ્યું હતું.

એક ડાહ્યા માણસે ઉપરોક્ત જવાબ સંબંધે તે શેઠને ખુલાશો પુછયો કે "આપ આવી વિચિત્ર રીતે સલામનો જવાબ કેમ વાળો છો." ત્યારે તેણે કહ્યું કે "સાહેબ, જ્યારે હું કંગાલ સ્થિતિમાં હતો ત્યારે મને કોઇ સલામ તો શું પણ કોઇ બોલાવતું એ નહિ. આજ જ્યારે મારી પાસે પૈસા પૂર છે, ત્યારે જે મને સલામ કહેવામાં આવે છે તે મારી સમજ પ્રમાણે મને નહિ પણ મારા પૈસાને માન આપે છે. હું જવાબમાં "કહીશ" કહું છું તે મુજબ ઘેર જતાં વાર મારી તિજોરી પાસે બેસી તેને બધાની સલામ કહી સંભળાવું છું, કે આજ ફલાણા ફલાણાએ તને સલામ કહ્યા છે."

શેઠનો આ ખુલાસો પેલાએ માન્ય કર્યો. લોકોને ખાતરી પુર્વક જણાવ્યું કે દુનિયાદાર લોકો પૈસાદારનેજ માન આપે છે. તે પછીથી પેલા શેઠે પણ પોતાનો એ ઉદ્ધત જણાતો જવાબ આપવો બંધ કર્યો.

સાર—સમજુ વર્ગમાં જ્ઞાની અને વિદ્વાનનું માન ભિન્ન પ્રકારે પણ પૈસાદાર કરતાં વિશેષ જળવાય છે. પરંતુ એ અપવાદ સિવાય જગતના લોકો પૈસાદારનીજ ખુશામત કરે છે. એમ કહેવાય છે કે શેઠના સાળા થવા જાય પણ ગરીબનો કોઇ બનેવીએ ન થાય એ ખરૂં છે.

૨૭ જીવન વૃતાંત.

નેકી તું કરલે ભાઇ વહાં સંગ ચલેગી,
અજલકા ફીરસ્તા સીરપર ખડા હય.

એક ધર્માત્મા રાજા હતો. તે વિદ્યાનો ઘણો શોખીન હતો, ને વિદ્વાનોને આશરો આપતો તેથી તેના દરબારમાં ઘણા વિદ્વાન પંડિતો અને આલીમો રહેતા. તેના પાસે તે હંમેશાં શાસ્ત્ર સંવાદ કરાવતો. આવા સત્સહવાસથી તેની કચેરી માંહેના અમીર ઉમરાવો વગેરે સરદાર વર્ગ અને સભાજનો ધાર્મિક વિષયમાં ઘણા પ્રવિણ બન્યા હતા. એક વખત રાજાએ વિદ્વાન વર્ગ સમક્ષ એક પ્રશ્ન કર્યો કે માણસની કઇ અવસ્થા અફસોસકારક છે ? ” એક પંડિતે જવાબ આપ્યો કે “ વૃદ્ધાવસ્થાનું શરીર ક્ષિણ સ્થિતિને પ્રાપ્ત થવું એ કરતાં બીજું કોઇ દુઃખ વિશેષ નથી માટે એ અવસ્થા અફસોસકારક છે. ” બીજાએ કહ્યું કે “ સદા રોગગ્રસ્ત રહ્યા કરવું એ સર્વથી દુઃખપ્રદ ને શોચ નિય છે. ” કોઇએ નીર્ધનાવસ્થા, તો કોઇએ કુટુંબકલેશ, સ્વજન વિયોગાદી દુઃખી હાલતોનું વર્ણન કરી જુદાજુદા મત આપ્યા.

છેલ્લે એ રાજાનો શાણો દિવાન બોલ્યો, નામદાર, “ જે માણસે પોતાની આખી જીંદગી નેકીનાં કામો કરવામાં અને મનુષ્યપણાની ફરજ બજાવવામાં ન ગુજારી હોય અને તે ગુનેહગાર રહી એકાએક મર્ણ પામી પરવરદેગારની હજુરમાં હીસાબ આપવા જાય ત્યારે તેની હાલત ઘણી દયા ઉપજાવનારી થઇ પડે છે. માટે મારા મત મુજબ તો માણસની દુષ્ટ વાસનામય સ્થિતિજ અફસોસ કરવા યોગ્ય છે. ”

દિવાનનો આ ખુલાસો રાજાને ઘણો પસંદ પડયો ને સર્વે વિદ્વાનોએ પણ તે જવાબ પસંદ કરી દિવાનની ઉચ્ચ જ્ઞાન શક્તિનાં વખાણ કર્યાં.

સાર—શાસ્ત્રોમાં કહેલા ઇશ્વરી નિયમો વિરૂદ્ધ વર્તન કરનાર પાપી જીવો જ્યારે પોતાનાં કૃત્યનો હિસાબ આપવા ઈશ્વરના ન્યાયમંદિરમાં ઉભે છે ત્યારે તેની હાલત ઘણી અફસોસકારક થઇ પડે છે માટે જીંદગી દરમિઆન નેક કામો કરવાં એવો સર્વ શાસ્ત્રોનો અભિપ્રાય છે.

---

૨૮ પવિત્ર પ્રાર્થના.

હરી ભજતાં જોઇએ હેત પ્રોત   માંહે આતુરતા સંતની રીત,
સદગુરૂનું શરણુ ગ્રહવું ખપે   હરીને કાજે મન બહુ તપે,
તે નરહરીને પામે નિર્વેદ   આખા એજ ભજવાનો ભેદ.

એક બ્રાહ્મણને ઘેર દેવસેવા હતી. એક દિવસ તે બ્રાહ્મણને કામ પ્રસંગે પરગામ જવાનું હોવાથી તે પોતાના નાના છોકરાને કહેતો ગયો કે "આજે ભગવાનને તું ભોગ ધરાવજે અને તેમને બરાબર જમાડજે" બાપ કહી ગયો તે મુજબ છોકરાએ ભોગ તો ધરાવ્યો પણ જોયું તો ભગવાન કાંઇ ખાવા લાગ્યા નહિ. બોલ્યા નહિ, ખાધું નહિ, કાંઇ ન કર્યું. છોકરો તો ત્યાંજ બેઠો. ઘણીવાર થઇ નૈવેદ એમનું એમ પડી રહ્યું હતું. પછી તે આક્રંદ કરીને ભગવાનને બોલાવવા લાગ્યો કે "હવે તમે આવો અને ખાઓ મને બહુ વાર થઇ. મારાથી હવે થોભાય તેમ નથી." પણ ભગવાને કશો ઉત્તર આપ્યો નહિ, તેથી તે છોકરો રડવા લાગ્યો. તે કહે:—" મારા બાપ કહી ગયા છે કે ભગવાનને જમાડજે અને તમે તો આવતા નથી. તમે શું મારી પાસે નહિ આવો? એમ કહી ઘણો વ્યાકુળ થઇ રડવા મંડયો. તેના પવિત્ર દીલની પ્રાર્થના પ્રભુએ સ્વીકારી અને હસતા હસતા આવ્યા અને ધરાવેલી રસોઇ ખાવા મંડયા. ભગવાન જમીને ચાલ્યા ગયા પછી છોકરો ઘરમાં આવ્યો ત્યારે ઘરનાંએ કહ્યું કે "ભગવાનને ભોગ ધરાવી રહ્યા ને ? પ્રસાદ અહિં લાવ." છોકરો કહે "શું લાવું ? ભગવાન તો બધું ખઇ ગયા." ઘરનાં માણસો જઇ જુએ છે તો ખરેખર તેમજ બન્યું હતું.

બધાં આશ્ચર્ય પામ્યાં. તે છોકરાનો બાપ ઘેર આવ્યો અને તેને જ્યારે આ વાતની ખબર પડી ત્યારે પસ્તાવો કરવા લાગ્યો કે હું આટલા આટલા દિવસોથી ભગવાનને ભોગ ધરાવતો આવ્યો છું, પણ મારો આપેલો ભોગ તેણે કબુલ કર્યો નહિ અને આ છોકરાએ એક દિવસ આપેલા ભોગને પ્રભુએ સ્વીકારી દર્શન આપ્યાં, એ તેમના અંતઃકરણની ખરી લાગણીનું પરિણામ છે.

સાર—અંતઃકરણની શુદ્ધ ભાવનાવાળી લાગણીની ભક્તિજ ફળદાયી છે.

૨૯ પ્રભુ પ્રાપ્તિ.

માળા ફેરે બહોત કર માંહે ન લાવે જીવ;
એમ વરસ સો ઢુંઢતાં કહિ ન પાવે પીવ.

જટીલ નામે એક નાનો છોકરો હતો. તે હંમેશાં નિશાળે ભણવા જતો. ઘેરથી નિશાળે જવાના રસ્તામાં એક ભયદર્શક ઝાડીવાળી જગા આવતી તેથી તે ત્યાં આગળ ચાલતાં બ્હીતો હતો. આ વાત તેણે પોતાની માને કહી, કહ્યું કેઃ—"કોઇ વખત હું જ્યારે એકલો હોઉં છું ત્યારે નિશાળે જવાના રસ્તાપર આવતી ઝાડીવાળી જગા પાસેથી પસાર થતાં મને ઘણી ધાસ્તી લાગે છે ને કંપું છું." માતાએ કહ્યુંઃ—"બ્હીક કેવી? તું મધુસુદનને બોલાવજે. છોકરે પૂછ્યુંઃ—"મધુસુદન કોણ છે?" મા કહેઃ—"એ એક તારો મોટો ભાઇ છે!" બીજે દિવસ તે એકલો જતો હતો. ઝાડી પાસે આવતાં તેને બ્હીક લાગવા માંડી, એટલે તે બોલ્યોઃ—"ભાઇ-મધુસુદન! તમે ક્યાં છો? અહીં આવો મને બીક લાગે છે." એ રીતે દિન સ્વરે વ્યાકુળતાપૂર્વક તે મધુસુદનને વારંવાર બોલાવવા લાગ્યો અને રોવા માંડયો. આ સાંભળીને ભગવાનથી રહેવાયું નહિ. તે તરતજ પ્રગટ થયા અને કહ્યુંઃ-"ભાઇ, બ્હીશ નહિ હું આ રહ્યો." એમ કહી તેનો હાથ પકડીને નિશાળે મૂકી આવ્યા અને કહ્યું કેઃ— "તું જ્યારે બોલાવીશ ત્યારે હું આવીશ માટે બ્હીતો નહિ."

સાર—ઇશ્વર પ્રાપ્તિ અર્થે એવી શ્રધ્ધા અને વ્યાકુળતા જોઇએ. તે વગર જીંદગીભર માળા ફેરવી ફેરવી ઇશ્વર નામનો ઉચ્ચાર કરનાર ઘણા હોય છે તેવા કોઇને પ્રભુ દર્શન થયાં સાંભળ્યાં નથી. માટે પ્રેમ ભક્તિ કરવા પ્રયત્નપુર્વક કાળજી રાખવી.

---

૩૦ ઇલિમ સાથે અક્કલની જરૂર.

ગુરૂજી શીખવે એકી રીતે ગુણી જડ બેઉને,
ગ્રહણ કરવે શક્તિ દે ના ન ઓછી કદી કરે;
ફરક ફળમાં તો એ મોટો પડે નજરે નકી,
વિમળ મણિ લે ઝીલી તેવું સુબિંબ ન ઠીકરી.

એક બાદશાહે પોતાના શાહજાદા તથા વજીરપુત્ર બંન્નેને નજુમવિદ્યા શીખવા એક ઉસ્તાદના હાથમાં સોંપ્યા. વજીરપુત્ર અક્કલવાન ને ચાલાક હતો જ્યારે શાહજાદો બેવકુફ હતો. ઉસ્તાદે ઘણી મહેનત લઇ બેઉને નજુમનું ઇલમ શીખવ્યું. શીખી રહ્યા પછી બાદશાહે પોતાના સમક્ષ તેની પરિક્ષા લેવડાવી. ઉસ્તાદે પોતાની મુઠીમાં એક વીંટી છુપાવી બંન્નેને કહ્યું કે "હીસાબ કરી જવાબ આપો કે મારી મુઠીમાં શું છે?" બેઉ પોતાના કામમાં ગુંથાયા અને બંન્નેને પોતાના ઇલમના હીસાબથી માલુમ પડ્યું કે "ઉસ્તાદના હાથમાં કાંઇક ગોળગોળ ચીજ છે ને તેના વચમાં કાણું છે." જ્યારે બન્ને હીસાબ કરી રહ્યા ત્યારે ઉસ્તાદે પહેલાં શાહજાદાને જવાબ આપવાનું કહેતાં, તેણે અક્કલ અને વિચારને એક તરફ મુકી જવાબ દીધો કે "આપની મુઠીમાં ઘંટીનું પડ છે." અહીંઆ તે અક્કલના સાગરે વિચાર ન કર્યો કે "ઘંટીનું પડ મુઠીમાં કેમ છુપાવી શકાય?" તે પછી વજીરપુત્રને પુછવામાં આવતાં તેણે બુદ્ધિપુર્વક વિચાર કરી જવાબ આપ્યો કે "આપની મુઠીમાં વીંટી છે." આ જવાબથી ઉસ્તાદ ઘણો ખુશી થયો ને તેને શાબાશી આપી. પછી બાદ-

શાહ પ્રત્યે કહ્યું કે "આપ સાહેબે જોયું તેમ મારા શીખવ્યા પ્રમાણે બંન્ને શિષ્યો નજુમવિદ્યાની ગણતરી બરાબર જાણે છે, પણ શાહજાદાની વિચારશક્તિ ઘણી ઓછી છે તેનું આ પરિણામ છે. વિદ્વાનો કહી ગયા છે કે "ઇલમના સાથે અક્કલની ઘણી અગત્ય છે."

સાર—જેનામાં પોતાનામાં બુદ્ધિ વિકાસ નથી તેવા માણસને શાસ્ત્રનો અભ્યાસ પણ શું કરી શકવાનો હતો ? લોચન વગરના માણસને દર્પણ મળે તો પણ તે જોઇ શકે નહિ.

૩૧ મનુષ્ય ધર્મ.

જાતી ધર્મ સબહી બખાના,
નિજ ધર્મ કેહી નહી જાના.

એક મહાત્મા દરવેશ વૃતિવાળા પવિત્ર પુરૂષને ઘેર એક દિવસ કોઇ વૃદ્ધ મહેમાન આવ્યો. મહેમાનદારીના કાયદા પ્રમાણે ઘરધણીએ તેનો ઘણો આદરસત્કાર કર્યો ને કુશળ સમાચાર પુછયા. એટલામાં તેની નજર આવનાર માણુસના ગળા પર પડી તો હિંદુ ધર્મના અમુક સંપ્રદાયના લોકો બાંધે છે તેવી કંઠીઓ બાંધેલી દીઠી, તેથી ધાર્યું કે આ માણુસ કોઇ મૂર્તિ પૂજક જણાય છે. ઘરધણી ચુસ્ત ઇસલામ મઝહબ માનનારો હતો તે બોલ્યો, બીરાદર, તમે પોતાના ગળા માંહેની આ કંઠીઓ તોડી નાખો અને પવિત્ર ઇસલામ કબુલ કરો ત્યારેજ હું તમારા પ્રત્યેનો અતિથિ ધર્મ બજાવી શકીશ. કારણ કે તેટલા સુધી મારા ધાર્મિક મત પ્રમાણે તમે એક કાફર છો કે જેવા સાથે હું ભેળાઇ શકું નહિ. આ સાંભળી તે મૂર્તિપુજક મહેમાન દીલગીર થયો, ને તેનું ઘર છોડી ચાલ્યો ગયો.

પરોણુાના જવા બાદ ઘરધણીએ એક આકાશવાણી સાંભળી અથવા કહો કે ખુદાવંદતાલા તરફથી તેને બીશારત થઇ કે તેના પવિત્ર અંતઃકરણમાં વિચાર સ્ફુરી આવ્યો જેમાં તેણે અલ્લાહનું ફરમાન સાંભળ્યું કે " એ વૃદ્ધ મૂર્તિપુજક જેની ઉમર સીંતેર વર્ષની થઇ છે. તે આખી ઉમર તેણે બુત પરસ્તીમાં ગુજારી છે. પણ મેં તેની રોજી તેને દરેક વખતે પૂરેપૂરી આપી છે અને

કોઇપણ વખત મેં તેના પાસેથી રોજી બદલ ઇસલામ કબુલાવવાની સરત માગી નથી. તમારા પાસે ફક્ત એક દિવસ માટે મહેમાન થઇ આવ્યો તેટલામાંજ ઇસલામ કબુલ કરવાની સરતે તમે તેની પરોણાગત કરવા કહ્યું એ તમારી તેના પ્રત્યેની વર્તણુંક મનુષ્ય ધર્મને છાજતી નથી."

આ પેગામથી મહાત્માએ પોતાની ભુલ માટે પસ્તાવો કર્યો, ને તરતજ પેલા મહેમાનની શોધ કરવા નીકળ્યા. તેને શોધી કાઢી કરેલા અપમાન માટે માફી માગી ઘરે તેડી લાવ્યા. ને ઘણા વિનયપુર્વક તેનું આતિથ્ય કર્યું.

મહેમાને પુછ્યું કે પહેલાં તો તમને ધર્મ મતભેદના કારણે મારા પ્રત્યે સુગ હતી ને હવે તમારા વિચાર એકાએક બદલાઇ ગયા તેનું કારણ શું? મહાત્માએ બનેલું કારણ કહી સંભળાવ્યું. આ હકીકત સાંભળી પેલા મૂર્તિપુજકે પોતાની કંઠીઓ તોડી નાખીને ઇસલામપર દૃઢ ઇતબાર લાવી મુસલમાન થયો.

સાર—દુનિયામાં વસતા અસંખ્ય માણસો જે જુદા જુદા ધર્મો માનનારા છે, તે સર્વપર ઇશ્વરની એકસરખી નજર છે. તો આપણે માણુસોએ પોતપોતામાં ધર્મને બહાને શત્રુવટ શા માટે રાખવી જોઇએ? વળી દરેક માણસને પોતાનો ધર્મ પ્યારો હોય છે. માટે પારકા ધર્મની અવગણના કરવાથી નહિ પણ પોતાના ધર્મની શ્રેષ્ટતા સિદ્ધ કરવાથી તેની અસર બીજા ઉપર કરી શકાય છે.

— —

૩૨ ધૈર્ય.

ધીરે ધીરે રાવતા ધીરે સબ કુછ હોય;
માળી સીંચે સોગણાં રૂતવિણ ફળ ન હોય.

એક બ્રાહ્મણે પોતાના દીલની મોટી અભિલાષા પૂર્ણ થવાની ઇચ્છાથી શ્રી મહાદેવજીની ઉપાસના કરવાનો મન સાથે એવો નિશ્ચય કર્યો કે, જ્યાંસુધી મારા દીલની આશા પુરી થાય ત્યાં સુધી પ્રતિદીન અમુક વખતે શ્રી મહાદેવજીની પ્રતિમા પાસે જઇ એક ચીતે ધ્યાન ધરી તેની પ્રાર્થના કરવી. ઘરસંસારની સર્વ સગવડો અને સુખોનો ભોગ આપી તેણે એ પ્રમાણે કરવા માંડયું, અને એક બે ત્રણથી આગળ વધી આખા ઓગણત્રીશ દહાડા પસાર થયા, તેમ છતાં શ્રી મહાદેવજી પ્રસન્ન થયા હોય એવાં ચિન્હ તેને દેખાયાં નહિ તેથી ધીરજ અને નિશ્ચય છોડી દઇ કપાળ કુટી મૂર્તીનીજ સમક્ષ તે બોલ્યો "મારૂ હિણ ભાગ્ય કે આટલા બધા દહાડા સુધી કામધંધાનો તથા સુખસગવડનો ભોગ આપી કષ્ટ વેઠી મેં મહાદેવજીની યાચના કરી પણ તેઓ મારાપર પ્રસન્ન થયા નહિ. આ દુઃખ મારાથી કેમ સહન થાય? ભાવિક ભકતો કહી ગયા છે કે એક નિશ્ચયથી કીધેલું કામ અંતે સફળ થાય છે પણ મને તે ખોટું લાગે છે. હું તો હવે ધારૂં છું કે મહાદેવજી જેવું કાંઇ છેજ નહિ. અને જો હોય તો તેને પુણ્યવાન અને પાપી માણસની પરિક્ષા કરતાં આવડતુંજ નથી." આમ બોલી જેવો તે ગુસ્સાભેર ઉઠવા જાય છે કે શ્રી મહાદેવજી પોતે સાક્ષાત ત્યાં પ્રગટી નીકળ્યા અને બોલ્યા, ઓ હિણભાગી પુરૂષ, તેં ધારેલા

કાર્યની સિધ્ધી ન થઇ તે માટે તું મને દોષ દે છે, તે તારી ભૂલ છે. દોષને પાત્ર તો તું પોતેજ છે. તારી સાચા દીલની ભક્તિથી રીઝી હું તો ખરેજ તારાપર પ્રસન્ન થયો હતો અને તારા દીલની આશા પૂર્ણ કરવાની તૈયારીમાં હતો. માત્ર એકજ દિવસની ઢીલ હતી, પણ તેટલામાં તેં ધીરજ ખોઇ લાભ ગુમાવ્યો છે. તેં તારી ભક્તિનો નિશ્ચય તોડયો તેથી તારી આશાનો ભંગ થયો છે. ભક્તિમાન માણસ કરતાં ધૈર્યવાન માણસ જય પામવાને વધારે લાયક છે, અને તેનાપર હું વધારે પ્રસન્ન થાઉં છું. પરંતુ તારામાં ધીરજ નહિ મળે એટલા માટે મારી પ્રસન્નતા તને મળી શકશે નહિ. આટલું કહી મહાદેવજી અલુપ થયા અને બાપડો બ્રાહ્મણ હાથ ઘસતો ઘેર ગયો.

સાર—સમજુ માણસો અથવા કહો કે ધૈર્યવાન પુરૂષો નિશ્ચય પુર્વક આરંભેલો યત્ન સફળ થયા પહેલાં અધવચે નાસીપાસ થઇ છોડી આપતા નથી પણ છેવટ સુધી પ્રયત્નપુર્વક મંડયા રહી આખરે ફતેહ પામે છે.

---

૩૩ ઉપદેશની અસર.

આંધળો સસરો ને સણુગટ વહુ કથા સુણવા ચાલ્યાં સહુ,
કહ્યું કાંઇને સમજ્યા કશું આંખનું કાજળ ગાલે ઘસ્યું;

કોઇ એક સંત પુરૂષ હતા તેમણે પોતાના શિષ્યોને એવો ઉપદેશ આપ્યો હતો કે "પ્રાણી માત્રની અંદર નારાયણનો વાસ છે એમ જાણી સર્વને નમસ્કાર કરવા અને કોઇની પણ ઉપેક્ષા કરવી નહિ."

એક દિવસ તેમનો એક શિષ્ય જંગલમાં લાકડાં લેવા જતો હતો તેવામાં ત્યાં રસ્તામાં કંઇક કોલાહલ થવા લાગ્યો અને લોકો બૂમો પાડવા લાગ્યા કે "સૌ નાસી જજો-નાસી જજો. ગાંડો હાથી આવે છે નાસજો." બધાં નાસવા લાગ્યાં પણ પેલો શિષ્ય નાઠો નહિ. તે એમ સમજતો હતો કે હાથીમાં પણ નારાયણ છે તો પછી શા માટે નાસવું એમ કહી તે રસ્તા વચ્ચેજ ઉભો રહ્યો અને નમસ્કાર કરીને હાથીમાં રહેલા નારાયણનું સ્તવન કરવા લાગ્યો. માવત બૂમો પાડે "અલ્યા બ્રાહ્મણ ! નાસી જા નાસી જા" તો પણ તે ખસ્યો નહિ. છેવટે હાથીએ તેને સુંઢ વડે પકડ્યો અને એક બાજુએ ફેંકી દઇને ચાલતો થયો. શિષ્ય પોતાને થએલી ઇજાથી બેભાન હાલતમાં પડી રહ્યો.

આ સમાચાર સાંભળી ગુરૂ અને બીજા શિષ્યો આવી તેને ઉપાડી આશ્રમમાં લાવ્યા અને દવા કરવા લાગ્યા, થોડીવાર પછી તેને ચેતન આવ્યું ત્યારે તેને એક બીજા શિષ્યે પુછ્યું "ભાઈ હાથી આવે છે એવું જાણ્યા છતાં તું નાસી કેમ ન ગયો ?" પેલાએ

જવાબ આપ્યો કે "ગુરૂ મહારાજે કહ્યું હતું કે નારાયણ મનુષ્યમાં પશુમાં, જીવ જંતુ સર્વમાં છે તેથી હાથીમાં રહેલા નારાયણ આવે છે એમ જાણીને હું ત્યાંજ ઉભો રહ્યો, નાઠો નહિ." આ સાંભળી ગુરૂજી બોલ્યા "બાપુ હાથીમાં નારાયણ છે એ વાત તો ખરી પણ માવત રૂપી નારાયણે તને નાસી જવા કહ્યું તે વાત તેં કેમ ન માની ? સર્વ નારાયણ સ્વરૂપ છે ત્યારે માવતરૂપી નારાયણની વાત પણ સાંભળવી જોઇતી હતી."

સાર—ગુરૂ ઉપદેશ બુધ્ધિપુર્વક ગ્રહણ કરવામાં ન આવે તો તેનું વીપરીત પરીણામ ઉપજે છે. વળી સાધુ, અસાધુ, ભક્ત અને ભકિત વિમુખ સર્વના હૃદયમાં નારાયણનો સામાન્ય વાસ તો છેજ. પણ તેથી કાંઇ અસાધુ અને ભક્તિ વિમુખ દુષ્ટ લોકોની સાથે ગાઢ સંબંધ બંધાય નહિ. એવા લોકોની સોબતમાં ન રહેતાં તેનાથી દૂર રહેવું સારૂં, માટે ગુરૂ બોધનો વિચાર કરીને કર્તવ્ય કરવાં.

૩૪ દુર્જનથી દૂર રહો.

ઝ જાહેલ ગુરીઝંદેહ ચું તીરબાશ;
ન આમીખ્તેહ ચું શકર શીર બાશ.

મહાત્મા ઇસા નબી એક વખત પોતાના મુખ્ય શિષ્યો સાથે એક રસ્તા પર થઇને ચાલ્યા જતા હતા. રસ્તાપર એક યુવાન માણસ અકસ્માત મર્ણ પામ્યો હતો, તેથી તેના કુટુંબીઓ અત્યંત આક્રંદ કરતા હતા એ જોઇ ઇસા નબીએ તેને પોતાની દૈવી શકિતથી સજીવન કર્યો. ત્યાંથી આગળ વધી શહેર બહાર જંગલની વાટે જતાં એક સિંહ સામો મળ્યો. શિષ્યો ડરવા લાગ્યા પણ સિંહ તો ઇસા નબીને અદબથી સલામ કરી પોતાને રસ્તે ચાલ્યો ગયો. ત્યાંથી થોડે દૂર જતાં સામેથી એક માણસને આવતાં દીઠો. તેને જોતાંજ ઇસા નબી જાણે ડરી ગયા હોય તેમ એ રસ્તો છોડી ઘણી ઝડપથી દોડીને બીજે રસ્તે ચાલ્યા ગયા. તેના શિષ્યો પણ ત્યાં આવી તેમને મળ્યા અને આશ્ચર્ય પામી પુછવા લાગ્યા કે "સાહેબ, આપ સિંહ જેવા ઘાતકી પ્રાણીથી ન ડર્યા અને ફકીર જેવા લીબાસવાળા એક સાધારણ માણસથી ભય પામી આ રસ્તે નાસી આવ્યા તેનું કારણ શું?" નબીએ કહ્યું કે "એ માણસ જાહેલ, નાદાન, ખરાબ ખસલતવાળો અને ધર્મ માર્ગનો વિરોધી હતો. આવાથી દૂર રહેવામાંજ સલામતી છે, એમ ધારી હું નાઠો. હું મડદું જીવતું કરી શકું પણ જાહેલ માણસ જેનું દીલ મુડદાલ છે તેને મારા ઉપદેશની અસર થતી નથી માટે તેવાથી રસ્તો બદલી ચાલવું બહેતર છે. તમોને પણ

શીખામણુ આપું છું કે જાહેલ માણુસની સંગત કદી કરશો નહિ અને દીલની સડક પર તેવાઓથી જુદો રસ્તો લેજો. કહ્યું છે કે:-

અસ્પારા બા ખર બે બન્દી મુદતે યક જા બાહમ;
રંગે ઉ બર જા બેમાન્દ તબએ ઉચૂં ખર શવદ.

સાર—ખરાબ સોબતની અસર જલદી થાય છે માટે ઈમાનની સલામતી ઇચ્છનાર માણુસે દુષ્ટોની સંગતથી દુર રહેવું જોઇએ એ બતાવવાનો આ દૃષ્ટાંતનો હેતુ છે.

૩૫ માયાબંધન.

ખુબ બખ્ત તો ઉસ્કા જાનો, જીસકું દુનિયામે નહિ જોરૂ ઓર છોરૂ;
ઉસકે દીલમેં ગમ નહિ આવે, કે કયા ખાવેંગે લડકે જોરૂ.

એક પંડિત હતો. તે પોતાનું લગ્ન કરતો નહિ. તે વખતે તે પુષ્કળ સ્વાભિમાની અને નિસ્પૃહી હતો. ખુદ રાજા તેડું મોકલે તો પણ જવાની દરકાર કરતો નહિ. ઉલટો જવાબમાં કહેવડાવે કે "રાજાજીને કહેજો કે અહિં પધારે."

ત્યાર પછી રાજા અને બીજા પાંચ આગેવાન માણસોએ મળીને ઘણું સમજાવી તેમનાં લગ્ન કરી દીધાં. પંડીતજી બચરવાળ થયા અને ઘરમાં ઘણીક હાજતો વધી પડી. પછી તો રાજાના મેળાપ માટે તે ઘણો આતુર રહેતો. નિમંત્રણની પણ રાહ ન જોતાં વગર બોલાવ્યે જઇ રાજા પાસે હાજર થતો અને કહેતો કે "મહારાજા સાહેબ, હું આપને આશીર્વાદ દેવા આવ્યો છું. આ થોડો ઠાકોરજીનો પ્રસાદ લાવ્યો છું તે આપ ગ્રહણ કરો." એ પ્રમાણે જ્યારે સારો માઠો અવસર આવે ત્યારે રાજા પાસે જઇ ઉભો રહે અને અરજ કરવા લાગે કે "આજ તો ઘર ઉકેલવું છે, આજે છોકરાને જનોઇ આપવાની છે, આજ દીકરીનું સીમંત છે વગેરે વગેરે."

સાર—કામિની અને કાંચનજ જીવને બંધનરૂપ છે. તેમનાથીજ જીવની સ્વાધીનતા-સ્વતંત્રતા નષ્ટ થાય છે. કામિનીના માટે કાંચનની જરૂર પડે છે. અને તેથીજ બીજાનું દાસત્વ સ્વીકારવું પડે છે. સ્વાધીનતા ગુમાવવી પડે છે અને પોતાની મરજી મુજબ કાર્ય કરી શકાતાં નથી. આટલું છતાં કોઇએ સંસાર માંડવોજ નહિ એમ તો કહી શકાય નહિ પણ ગૃહસ્થાશ્રમ ચલાવવાના સાધનહિન પુરૂષે તો એ જંજાળથી દૂર રહેવું એજ શ્રેયસ્કર છે.

૩૬ સાધુ કે શયતાન?

મન મેલા તન ઉજળા, બગલા કપટી અંગ;
તાતે તો કાગા ભલા, તન મન એકહી રંગ,

બંગાળા દેશના એક શહેરમાં એક સોની રહેતો હતો. તે ઘણો પરમ વૈષ્ણવ મનાતો. ગળામાં માળા પહેરતો, કપાળે તીલક કરતો અને મોઢેથી ઇશ્વરના નામનો ઉચ્ચાર કર્યા કરતો. બધા લોકો તેના પર વિશ્વાસ રાખતા અને તેની દુકાને દાગીના લેવા-ઘડાવવા આવતા. લોકો એમ માનતા કે એ ભકત છે તેથી આપણે ઠગાશું નહિ, પરંતુ તેઓની આ ધારણા ખોટી હતી, કેમ કે ભકતરાજ દેખાવે દેવ જેવા પણ અંદરખાને રાક્ષસી સ્વભાવના હતા. કોઇ કાંઇ દાગીનો ઘડાવવા આવે એટલે સંકેત પ્રમાણે એક કારીગર બોલેઃ-કેશબ! કેશબ! વળી થોડી વાર રહી બીજો બોલે-ગોપાલ! ગોપાલ! તેને થોડી વાર થાય એટલે ત્રીજો કારીગર બોલે-હરિ! હરિ! હરિ! ત્યાર પછી ચોથો બોલે-હર! હર! હર!

એ પ્રમાણે પળ પળ ઇશ્વરનું નામ લેવાતું સાંભળીને ઘરાક મનમાં સમજે કે આ બધા ઘણા સુપાત્ર માણસો હોવા જોઇએ. પણ ખરી હકીકત તો જુદાજ પ્રકારની હતી. જે માણસ "કેશબ" બોલતો તેના બોલવાનો અર્થ એ હતો કે "કે સબ?" એટલે આ આવ્યા છે તે કેવા માણસ છે? બીજો બોલતો કે "ગો પાલ" એટલે એ બધા ગોવાળીઆ જેવા મૂર્ખ છે. ત્યારે ત્રીજો બોલતો કે "હરિ! હરિ!" એટલે એ ગોવાળીઆ જેવાજ

હોય તો એમના ધનનું હરણ કરીએ. એટલે ચોથો બોલતો "હર! હર!" એટલે નક્કી હરણ કરવુંજ. આવી રીતે ભક્તિ માર્ગને ઓથે રહીને તેઓ પાપાચરણ કરતા.

સાર—કલિયુગમાં એવા ભકતો ઘણા નીકળી આવશે કે જેઓ ઉપલી વાર્તામાં લખ્યા મુજબ ખળજ્ઞાની હોય છે. તેઓ ભકત નામને કલંક લગાડનારા તદન ઠગારા છે. કાઠિયાવાડના કેટલાક ભાગમાં ખોટા પૈસા અને ખોટા બળદને "આ તો ભગત છે" એમ કહેવામાં આવે છે. તે પણ ઉપર જણાવ્યા તેવા ભકતોના આચરણને લીધેજ કહેવાયું જણાય છે.

૩૭ સાચી મિત્રાઇ.

બંદા મીલનાં મીલનહાર સંગ સદા ન મીલે એકી રીત;
તો થોડી બંદગી બ્હોત નિવાજે એસે સાહેબસું કર્યું ન કરીએ પ્રીત.

હજરત ઇબ્રાહીમ પેગમ્બરના મુલકમાં એક વર્ષ મોટો દુકાળ પડયો. લોકો અનાજ વિના ઘણા હેરાન થવા લાગ્યા. ઇબ્રાહીમે કેટલાક માણસો સાથે ઉંટોની એક પોઠ આપી મીશર દેશમાં રહેનાર પોતાના એક મિત્ર પાસેથી દાણા લાવવા મોકલ્યા. કેમકે એ વર્ષે મીશરમાં ઘઉંનો પાક ઘણો થયો હતો. તેઓ જ્યારે મીશરમાં આવી પંહુંચ્યા ને ઇબ્રાહીમનો કાગળ તેમના મિત્રને આપ્યો ત્યારે તે મિત્રે એવું કહીને દાણા આપવાની ના કહી કે "હજરત ઇબ્રાહીમ પોતાના કુટુમ્બ માટે નહિ પણ તેનો હંમેશની રીત પ્રમાણે ગરીબ લોકોમાં વહેંચવા માટે મંગાવે છે માટે એટલો દાણો અમારા પાસે ફાજલ નથી."

ઇબ્રાહીમનાં માણસો આ જવાબ સાંભળી ઘણા નારાજ થયા અને ખાલી હાથે પાછા આવતાં તેઓને વિચાર થયો કે ઘણા ઘરીબ લોકો દાણાની રાહ જોઇ બેઠા હશે તેઓ વહન નાસી પાસ થઇ જશે એથી તેઓએ રસ્તામાંહેની એક નદીમાંથી ઝીણી રેતીના કોથળા ભરી લીધા અને શહેરમાં આવી બધો બોજો ઇબ્રાહીમના મકાનમાં ઉતાર્યો. મીશરવાળા મિત્રનો જવાબ તથા કોથળાઓમાં રેતી શા માટે ભરી લાવ્યા છે તેનો હેતુ પણ ઇબ્રાહીમને કહી સંભળાવ્યો. ઇબ્રાહીમ નીરાશ થયા અને બપોરનો વખત હોતાં મસજીદમાં નિમાજ પડવા ગયા. તેની સ્ત્રી શારાં

આ વખત સૂતાં હતાં તે જાગ્યાં. શું બન્યું હતું તેની તેને ખબર ન હતી. તેણે આવેલ માલમાંથી એક કોથળો ખોલ્યો તો તાજો ઘઉંનો લોટ માલુમ પડયો. તે કાઢી રોટલા બનાવ્યા. ઇબ્રાહીમ ઘેર આવી જમવા બેઠા તો નવા ઘઉંની રોટલી જોઈ પૂછયું:— "આ લોટ તું કયાંથી લાવી?" તેણીએ જવાબ આપ્યો કે:— "મીશર દેશના આપના મિત્રે મોકલ્યો તે છે." હજરત ઇબ્રાહીમે તપાસ કરી તો બધા કોથળા તાજા ઘઉંના લોટથી ભરેલા દીઠા. બધો ભેદ પામી જઇ ખુદાનો અહેસાન માની પોતાની સ્ત્રી પ્રત્યે બોલ્યા. "આ લોટ મારા મિત્ર ખુદા પાસેથી મલ્યો છે."

સાર—મિત્રાઇની ફરજ છે કે સંકટના વખતે પોતાના દોસ્તને તન મન ધનથી સહાય કરવી પણ એવા વફાદાર મિત્રો આ જમાનામાં દુર્લભ છે. ઇષ્ટ તો એ છે કે ઇશ્વર સાથેજ મિત્રાઇ જોડવી. એ એક એવો ઉદાર ને વફાદાર મિત્ર છે કે દરેક મુશ્કેલી વખતે અવશ્ય મદદ કરશેજ.

૩૮ બખીલનો બોધ.

કોડી કોડી જોડ કે જોડે લાખ કરોડ;
ચલતી બાર ન કુછ મીલે લી લંગોટી છોડ.

બે ભાઇ હતા. તેમાં એક ભાઇ ઘણો બચરવાળ અને ગરીબ હાલતનો હતો. બીજો ભાઇ ઘણો તવંગર હતો અને તેને એકબી છોકરૂં ન હતું. તે સ્વભાવે ઘણો બખીલ હતો. એક વખત પેલો ગરીબ ભાઇ માંદો પડયો અને છેક મર્ણ પામે તેવી સ્થિતિએ પહોંચ્યો ત્યારે ખાટલે પડયો પડયો પોતાના દોલતવાળા ભાઇને તેડાવવા લાગ્યો. ઘણા લોકો તેડવા જાય પણ પેલો બખીલ આવે નહિ. તેના મનમાં કે "એ મરી જાય તો એનાં બચ્ચાંને પાળવાની કબુલાત આપવી પડે અથવા કાંઇ માગે." એવા વિચારથી તે પોતાના ભાઇને મરતી વખત મળવા આવતો નહિ. પેલા બિચારા ગરીબ ભાઇની જયારે અંતકાળની ઘડી આવી ત્યારે કેટલાંક સારાં સારાં માણસો બખીલને સમજાવવા ગયાં કે "તારા ભાઇનો જીવ તારામાં ભરાઇ રહ્યો છે. તેનો જીવ નીકળતો નથી માટે તારે તેના પાસે આવવું જોઇએ." ત્યારે તે ભાઇને મળવા આવ્યો. મરવા પડેલા ગરીબ ભાઇએ ઉઠીને બખીલને કોટી કરી મળ્યો અને પોતા પાસે બેસાડયો. પછી પોતાના તકીયા તળેથી રૂપિયા ૧૦૦) હતા તે કાઢી બખીલના હાથમાં આપી બોલ્યો:— "ભાઇ ઘણી મહેનત કરી આ આટલા રૂપિયા એકઠા કર્યા છે પણ અત્યારે હું જોઉં છું તો સાથે લઇ જઇ શકાતા નથી. હું તો ખાલી હાથે જાઉં છું. મને ખાત્રી છે

કે તમે તમારી સઘળી દોલત મરતા વખતે સાથે લેવાનો છો તો આ રૂપિયા પણ તમે લો અને જ્યારે મરો ત્યારે તમારા રૂપિયા સાથે મારા પણ એટલા લઇ આવજો જે પેલી દુનિયામાં મને પણ કામ લાગે.”

હવે બખીલને સમજાયું કે ગમે તેટલી દોલત મેળવી હોય પણ અંતકાળે સાથે લઇ શકાતી નથી ત્યારે હું શા માટે બખીલ થાઉં એમ સમજી ભાઇના છોકરાનું પાલન કરવા તેણે વચન આપ્યું. તે પછી પેલો ગરીબ ભાઇ સંતોષ પામી પ્રભુ ચરણમાં ચિત્ત લગાડી શાન્તિથી મર્ણ પામ્યો. બખીલે પોતાનું વચન પાળ્યું એટલુંજ નહિ પણ ત્યાર પછી તેણે કંજુસપણું છોડી દીધું અને પૈસાનો સદુપયોગ કરવા લાગ્યો.

સાર—ઘણા માણસો દ્રવ્ય સંચય કરી તેના ચોકીદાર થઇ રહે છે, પરંતુ એ પૈસાથી દીન દુનિયાનો કોઇ લાભ તેઓ લઈ શકતા નથી. અંત સમય સર્વ ત્યાગ કરી જવું પડશે એ જાણવા છતાં લોભવૃત્તિ ન છુટે એ ભયંકર અજ્ઞાનતા છે.

૩૯ સ્ત્રી ધર્મની કથા.

દેવ સેવા કરી દૂર પતિ સેવા કરે પ્રેમથી,
એ અબળાને ઉર મિથ્યા અન્ય ઉપાસના.

એક રીવાયત જનાબે સાદીક અ૦ થી છે કેઃ—જનાબે રસુલે ખુદા સ૦ ના જમાનામાં અનસારમાંથી એક શખ્સ મુસાફરીએ ગયો હતો. તેણે પોતાની ઓરતને કહેલું કે "હું પાછો ફરૂં ત્યાં સુધી તારે ઘરમાંથી બાહેર જવું નહિ." તેના ગયા પછી થોડાક દિવસે તે ઓરતનો બાપ બીમાર પડયો. તેથી તેણીએ જનાબે રસુલે ખુદા સ૦ ને પુછાવ્યું કે "મારા ધણીએ મારાથી આવી રીતે વાયદો લીધેલ છે યાને બહાર નહિ જવા હુકમ ફરમાવેલ છે. અને હવે મારો બાપ બીમાર છે તેને જોવા જવાની આપ રજા આપો છો?" હજરતે કહેવડાવ્યું કે "નહિ. તું તારા ધણીની તાબેદારી કર."

પછી તેના બાપની બીમારી જ્યારે ઘણીજ વધી ગઇ ત્યારે ફરી પેગમબર સાહેબની રજા મંગાવી પણ હજરતે એજ જવાબ ફરમાવ્યો. આખર તે ઓરતનો બાપ મરણ પામ્યો ત્યારે વળી મૈયત પાસે જવાની રજા મંગાવી પણ હજરતે તો ઉપલોજ જવાબ આપ્યો તેથી તે બાઇ ઘર છોડી ગઇ નહિ.

તે બાઇના બાપની મર્ણ ક્રિયા થઇ ગયા બાદ રસુલે ખુદાએ તેને કહી મોકલ્યું કે ખુદાવંદે કરીમે તને અને તારા બાપને બક્ષી દીધાં છે—ગુનાહોના બંધનથી મુક્ત કીધાં છે. સબબ કે તેં તારા ધણીની તાબેદારી ઉઠાવી છે.

સાર—સ્ત્રી વર્ગનો સર્વોત્તમ ધર્મ પતિ ભક્તિ છે. ધાર્મિક વૃતો જપ તપાદિ અનેક સુકૃત્યો કરનાર પતિભક્તિ વિમુખ સ્ત્રીઓની પણ અધોગતિ થાય છે એમ દરેક શાસ્ત્રોનો અભિપ્રાય છે.

૪૦ સંસાર સ્વપ્ન.

સ્વપ્ને હોઇ ભિખારી નૃપ રંક નાક પતિ હોઇ,
જાગે લાભ ન હાનિ કછું, તિમિ પ્રપંચ જીય જોઇ.

કોઇ એક ગામડામાં એક ખેડુત રહેતો હતો. તે ઘણોજ જ્ઞાની હતો. સંસારને સ્વપ્નતુલ્ય માની સાદું જીવન ગાળતો. તેનું એક ખેતર હતું તેમાં તે ખેતી કરતો ને ઘણો ખરો જંગલમાંજ વસતો. પહેલાં તો તેને કંઇ સંતતિ ન હતી પણ ઘણે વર્ષે તેની સ્ત્રીએ એક છોકરાને જન્મ આપ્યો. તેનું નામ હારૂ પાડયું. હારૂ એટલે હારાધન અથવા ખોવાએલું ધન. જેને છોકરાં ન હોય તેમને એકાદ છોકરો થાય ત્યારે એવું નામ આપે છે. સ્ત્રી પુરૂષ બેઉનું તે છોકરાપર ઘણું વહાલ હતું, કેમકે તેનો તે એકનો એક છોકરો હતો.

એક દિવસ તે ખેડુત પોતાના ખેતરમાં કામ કરતો હતો એટલામાં કોઇએ આવીને કહ્યું કે "હારૂને કોલેરા થયો છે." આથી તે એકદમ ઘેર આવ્યો ને છોકરાને દવા દારૂ કરવા લાગ્યો. ઘણા ઉપાય કર્યા પણ તે બચ્યો નહિ. હારૂના મરણથી તેની મા રોવા લાગી. સગાં સબંધીઓ આવી શોક કરવા લાગ્યાં ને ઘરમાં રડારોળ થઇ રહી. પણ તે ખેડુતને મન તો જાણે કાંઇ ન હતું. તે તો ઉલટો બીજાઓને સમજાવવા લાગ્યો કે "શોક કર્યેથી આપણું શું વળનાર છે!" વળી તે કહેતો હતો કે:—

મળે વાયરે વાદળાં, વાયે વીખરાઇ જાય;
ઋણાનુંબંધે સૌ મળ્યાં, લઇ દઇ પંથ પળાય.

તેની સ્ત્રી તો રડયાજ કરતી હતી. તે પોતાના ધણીને કહેવા લાગી કે-"તમે કેવા કઠણ હૈયાના છો! મોતીના દાણા જેવો છોકરો

મરી ગયો તોપણ તમને રડવું ન આવ્યું." ખેડુતે ઠંડે પેટે જવાબ આપ્યો. "હું શા માટે રડતો નથી તે તને કહું? મને ગઇ રાત્રે એક સ્વપ્ન આવ્યું હતું, તેમાં મેં જોયું કે હું એક મોટા મુલકનો રાજા બન્યો છું ને આઠ છોકરાનો બાપ થયો છું અને ઘણીજ મોજમજા ભોગવી રહ્યો છું. એવામાં હું જાગી ઉઠયો, ત્યારે તો કાંઇ ન દીઠું. હવે મને વિચાર થાય છે કે-મારે પેલા આઠ છોકરાનો શોક કરવો કે આ હારૂનો શોક કરવો!" આમ કહી તેણે પોતાની સ્ત્રી તથા બીજાંઓને સમજાવ્યું કે-"જેમ સ્વપ્ન મિથ્યા હતું તેમ આ જાગૃત પણ મિથ્યાજ છે. સત્ય વસ્તુ તો આત્માજ છે."

સાર—સંસાર માયામય એટલે સ્વપ્નવત-મિથ્યા છે. જે પરમાત્મા છે તે સાક્ષીરૂપે જાગૃત, સ્વપ્ન અને સુષુપ્તિ ત્રણે અવસ્થાઓમાં રહે છે. વળી જેટલે અંશે સ્વપ્ન સત્ય છે તેટલેજ અંશે જાગૃત પણ સત્ય છે એમ સમજવું-અર્થાત સર્વ મિથ્યા જંજાળ છે.

૪૧ શુદ્ધ ભકિત મહાત્મ્ય.

ખુદા તો નિયત ઔર દીલ દેખે,
ન દેખે કપડે ઔર લીબાસ;

પોતાના પ્રખ્યાત પુસ્તક મસ્નવીમાં મૌલાના જલાલુદીનરૂમી લખે છે કેઃ- યમન મુલકનો એક ગરીબ વૃદ્ધ માણુસ મક્કા શરીફમાં હજ કરવા આવ્યો હતો. તે એક પહાડ પર રહેનાર ભોળો ભરવાડ હતો. હજની બધી ક્રિયાઓ બીજાઓના કરવા પ્રમાણે તેણે જોઇ જોઇને કીધી. એહરામ ધારણ કીધું. જોઇતી રીતનાં વજુહ ને ગુસલ કીધાં. અશવદને ચુંબન કીધું. ત્યાર બાદ ત્રણ વાર ઉતાવળે અને ચાર વાર ધીમે પગલે કાબાની પ્રદક્ષિણા કીધી. પણ જયારે મુલ્લાંઓના કહેવા પ્રમાણે તે ગુંઠણ પર પડી નમ્યો ત્યારે રીત મુજબની જોઇતી બંદગી આવડતી ન હતી. પરંતુ અલ્લાહ પ્રત્યે તેની મ્હોબત બહુજ હોવાથી અંતઃકરણ ઉભરાઇ ગયું અને બોલવા લાગ્યો કેઃ- “ ઓ માલીક ! ધણી ! ઓ મારા ખુદા ! તારો મુકામ કયાં છે ? તારૂં ઘર મને દેખાડ તો તેને હું સાફ કરી જાઉં. તારૂં મોહું મને દેખાડ. તારી સેવા કરવાની ઉમેદ આજે કેટલો વખત થયાં મારા જીગરમાં છે; અરે, તારાં ફાટેલાં પગરખાં મને શીવવાને આપ; હું તારાં કપડાં ધોઇ નાખું; તારા વાળને તેલ લગાડીને હોડું, તારા હાથને ચુંબન કરૂં, તારા પગની નરમ હાથે ચંપી કરૂં; મારી બકરીનું તાજું ને મીઠું દુધ હરરોજ તને પાઉં. અરે હું તો આવા પ્રેમથી તને ચ્હાઉં છું પણ તું તો મારાથી છુપાઇ રહ્યો છે.”

કાબાના રખેવાળોના કાને આ શબ્દો આવતાં ભરવાડ પર તેઓ ઘણા કોપાયમાન થયા અને તેને ઘસડી દરવાજા બ્હાર કાઢી કહ્યું:- કાફર! તું ખુદાની કેવી નિંદા કરે છે જેને તારા ખવડાવવા પીવડાવવાની કે થાક ઉતારવાની જરૂર નથી. તેને હાથ પગ કે આકાર કાંઇએ નથી. અરે મૂર્ખ મેંઢાં ચરાવનાર, શું તું તે સર્વશકિતમાનને આવા વિચારોમાં ભેળી દે છે? અહીંથી ભાગ નહિ તો પત્થરા મારી તને મારી નાખશું. આ પવિત્ર મકાન તારા માટે નથી.

ભરવાડ બિચારો આ વચનોથી દુ:ખી થયો અને જંખવાઇ જઇ રડી પડયો. જનાબ રસુલે ખુદા સ૦ ની નજર આ સઘળા તમાસા ઉપર પડી હતી. તેઓએ સ્નેહ ભરેલી માયાળુ આંખો વડે હસી ભરવાડને જેઓ હાંકી કાઢતા હતા તેઓને કહ્યું:—

તમે જયારે આ પવિત્ર જગા (કાબા) થી બ્હાર બીજા મુલકમાં હોવો છો ત્યારે કાબા તરફ મોં કરી બંદગી કરો છો. પણ આ પવીત્ર મકાનની અંદર કોઇ પણ બાજુ તરફ ફરી બંદગી કરી શકો છો. તેજ પ્રમાણે નિર્મળ અંત:કરણમાંથી અલ્લાહ પ્રત્યેના પૂર્ણ પ્રેમ સાથની આ ભોળા ભરવાડની સાદી ભક્તિ તમારી બંદગી કરતાં અલ્લાહને વધારે પસંદ પડી છે. તેના કાનને વધુ શુદ્ધ અને નિમરળ લાગી છે. તે પોતે અજ્ઞાન હોવાથી એની જીભે કે બુદ્ધિએ નહિ પણ એના જીગરે આ સઘળું કહ્યું છે. તેથી જેમ નાનકડા બાળકના અશુદ્ધ અને તોતડા શબ્દો તેની વ્હાલી માતા સાંભળીને તેનો અર્થ અને ભેદ સમજી જાય છે, તેમ મ્હોબતથી ઉચરેલાં આ ભરવાડનાં વચનો અલ્લાહે કબુલ કર્યાં છે.

કાબાના રખેવાળો આ સાંભળી ભારે શરમમાં ડુબી ગયા.

સાર—બાંકે ચુકે બચન પર, હાસ્ય ન કીજે સંત;
તોતડ બોલન બાળકે, સુની પિતા હરખંત.

૪૨ હાથે તે સાથે.

દાન પુન્ય કરો હાથ આપણે, તો આગે સહી પાવણાં;
(પીર સદરદીન)

હજરત મહમદ પેગમ્બર સાહેબના જમાનામાં એક માણસ મોટો ધનાઢય હતો. તેને કાંઇ સંતતિ ન હતી. મર્ણ વખતે પોતાની સઘળી મિલ્કત તે પોતાના પાક પેગમ્મરને એવી સરતે સોંપી ગયો કે તેમણે તે સઘળું હાજતમંદ અને લાચારોને આપી દેવું અથવા કોઇ સારે ઠેકાણે ધર્મના કાર્યમાં તેનો ઉપયોગ કરવો. તે ગૃહસ્થના અવસાન પછી તેના વસિયત મુજબ મહમદ સાહેબે તેની બધી મિલ્કત રાહે ઇલ્લાહ આપી દીધી. છેવટે એક સાદડી નીચેથી ખજુરની ત્રણ પેસી નીકળી આવી તે પણ એક ફકીરને આપવામાં આવી. ત્યારે હજરત પેગમ્મર સાહેબે ફરમાવ્યું કે "મરનારની ઇચ્છા મુજબ તેના સઘળા માલ ધનનું દાન કરવામાં આવ્યું છે તેથી તેમને જે ફળ મળશે તે કરતાં આ ત્રણ ખજુરની પેસીનું દાન જો તેણે પોતાના હાથે કર્યું હતે તો તેનો અવજ એ સઘળા કરતાં ઘણો મેળવી શકતે."

સાર—પોતાના હાથથી કરેલી સખાવતનું ફળ સર્વથી શ્રેષ્ટ છે, એમ આ વાતથી ખુલ્લું સમજાય છે. મરણ બાદ સંબંધીઓ તરફથી જેજે કરવામાં આવે તે એક રશમને ખાતર ફરજ બજાવવામાં આવે છે એમ જાણવું, માટે જે બની શકે તે સુકૃત્ય પોતાના હાથથીજ કરી લેવું જોઇએ.

૪૩ અનુકુળ સ્ત્રી રત્ન.

कार्येषु मंत्रि करणेषु दासी स्नेहेषु माता शयनेषु रंभा;
धर्मेषु साह्या क्षमा धरित्री षड्गुणयुक्तात्विह धर्म पत्नि.

મહાત્મા કબીર ભગતનું નામ આપણા દેશમાં એક સંત પુરૂષ તરીકે મશહુર છે. કહે છે કે તેઓ મુસલમાન જ્ઞાતિના હતા ને વણકરનો ધંધો કરતા. તેમની સ્ત્રી પતિપરાયણ અને સાધ્વી સતિ હતી તેથી તે તેમને ધર્મના કાર્યમાં એક મદદરૂપ હતી.

એક વખત એક માણસે કબીર ભગત પાસે આવી પ્રશ્ન કર્યો કે "ગૃહસ્થાશ્રમમાં રહીને મોક્ષનું સાધન થઇ શકતું નથી એમ ઘણા માણસો કહે છે, એ શું ખરૂં છે? તે મહેરબાની કરી કહો." કબીરે કહ્યું "જરા બેસો, તમારા પ્રશ્નનો ઉતર હમણાં આપું છું."

કબીર એ વખતે વણતા હતા, એટલામાં સુતરના તાંતણા મુંજાણા તેથી કબીર ભગતે પોતાની સ્ત્રીને કહ્યું "જરા દિવો લઇ આવો." હુકમ પ્રમાણે કબીર પત્નિ દિવો લઇ આવ્યાં અને કબીર સાહેબ દિવાની મદદથી તાંતણા જુદા કરી વણવા લાગ્યા.

આ બનાવ જોઇ પેલો માણસ તો આશ્ચર્ય પામ્યો. તે મનમાં વિચારવા લાગ્યો કે-"આ કબીરને ડાહ્યો કહેવો કે ગાંડો! દિવસના પ્રકાશમાં દિવાની મદદની કંઈ જરૂર ન હતી છતાં દિવો મંગાવી સુતરના તાંતણા સરખા કર્યા. એમાં બીજી શું બુદ્ધિ હશે, અને તે મારા પ્રશ્નનો ઉત્તર પણ કેવો આપશે." એટલું છતાં તે સભ્યતાના નિયમને ખાતર એ વિષે કંઇ ન બોલતાં પોતાના પ્રથમના પ્રશ્નનો જવાબ માંગ્યો. ત્યારે કબીરે કહ્યું-" ભાઇ તમારા સવાલનો

જવાબ તો અપાઇ ગયો છે પણ તે તમે સમજ્યા નથી, તો સાંભળો:- "ખરે બપોરે સૂર્યના પ્રકાશમાં દિવાના પ્રકાશની કંઇ જરૂર ન પડે એમ સર્વ કોઇ સમજી શકે છે, છતાં પણ મેં જ્યારે દિવો મંગાવ્યો ત્યારે મારી સ્ત્રી તે કંઇ પણ આનાકાની વગર લઈ આવી. માટે જો એવી આજ્ઞાંકિત અને પતિ ધર્મ જાણનારી અનુકુળ સ્ત્રી હોય તોજ ગૃહસ્થાધર્મમાં રહ્યા છતાં મોક્ષનું સાધન સાધવું સહેલું થઇ પડે છે. પણ પ્રતિકુળ સ્ત્રીના યોગે તો એ કાર્ય અતિ દુર્લભ થઇ પડે છે." આ ખુલાસાથી પેલો માણસ સંતોષ પામી કબીરને પ્રણામ કરી ચાલ્યો ગયો.

સાર—ગૃહસ્થાશ્રમમાં અનુકુળ સ્ત્રીની ઘણી અગત્ય છે. વ્યવહારીક કાર્યોમાં અને મોક્ષ સંપાદન કરવામાં સ્ત્રીની સહાયતાની પગલે પગલે આવશ્યકતા છે, પણ એ અલભ્ય લાભ કોઇ ભાગ્યશાળી વીરલા સજજનનેજ મળે છે.

૪૪ સમયસુચકતા.

જો મત પીછે ઉપજે સો મત આગે હોય;
કાજ ન વણસે અપનો દુરીજન હંસે ન કોય;

પુના કોર્ટમાં ચાલતા એક કેસમાં મુંબઇનો એક હિંદુ બારીસ્ટર વાદી તરફથી આવેલ હતો. કેસ પૂરો કરી પોતાના કુળના લાભમાં ફેંસલો મેળવી, પોતાની ફીના રૂપીયા જે આશરે પંદરસોથી બે હજાર હતા તેની નોટો અને ગીનીઓ લઇ મુંબઇ ઉપડવાની ટ્રેનનો ટાઇમ થતાં પૈસા ખીસામાં મુકી હાથમાંની હેન્ડબેગ સાથે તે સ્ટેશન પર આવ્યો, અને પહેલા વર્ગની ગાડીની ટિકિટ કઢાવી ગાડીમાં બેઠો તેવીજ ટ્રેન ઉપડી. તે ગાડીની સામેની સીટ પર એક જુવાન સ્ત્રી માત્ર એકલી બેઠી હતી. બારીસ્ટરે પોતાની જગા પર બેસી ખીસા માંહેનું નાણું કાઢી ગણીને હેન્ડબેગમાં મુકવા માંડયું.

પેલી સ્ત્રી જે એક પુંરી બદમાસ હતી તે પૈસા જોઇ લલચાઇ અને તે નાણું મેળવવા મન સાથે ગોઠવણ કરી લઇ બોલી કે "એ મીસ્તર, એ નાણું સઘળું મને આપી દીઓ નહિ તો હમણાંજ સાંકળ ખેંચી ટ્રેન થોભાવીશ ને તમારા પર બળાત્કારનું તહોમત મુકી હેરાન કરાવીશ "

આ સાંભળી બારીસ્ટર સાહેબ મનમાં મુંઝાવા લાગ્યા કે "હવે આ બલાથી છુટવું મુશ્કેલ છે. તે કહે છે તેમ કરે તો તેથી હું જરૂર ફસાઇશ. આવા પ્રસંગે સ્ત્રીનું બોલવું સૌ ખરૂં માને. હું સાચો છું

એમ પુરવાર કરવું અશક્ય છે. ઘડી ભર હું નિર્દોષ થઈ છુટું તો પણ આ હકીકત જાહેરમાં આવતાં મારી પ્રતિષ્ટાને ધક્કો લાગશે એટલુંજ નહિ પણ તુરતના ચાલુ કરેલા મારા ધંધામાં જે ફતેહ મેળવી છે તે બધું ધુળ મળશે." આવી વીમાસણમાં તેણે ઉંચું પણ ન જોયું. તેટલામાં પેલી સ્ત્રીએ ફરી એજ પ્રશ્ન કર્યો કે "મીસ્તર કેમ કંઇ બોલાતા નથી? પૈસા લાવો નહિ તો સાંકળ ખેંચું છું." આ વખતે ધારાશાસ્ત્રીએ તે બાઇના ભણી જરા જોયું ને પાછું મોં નીચું કરી નોટોને ગીનીઓ ગણવામાં રોકાઇ ગયો. પેલીએ ત્રીજી વાર પણ એજ પ્રમાણે કહી સાંકળ પકડીને જાણે આંચકો મારશે તેવો દેખાવ કર્યો. એટલે બારીસ્ટરે તેના ભણી જોઇ સ્હેજ તેના નજીક જઇ કહ્યું કે "બાઇ, હું તદન બહેરો છું મુદ્દલ સાંભળી શકતો નથી. તમારા દેખાવ પરથીજ જણાય છે કે તમે મને કંઇ કહેવા માગો છો, તો જે તમારે કહેવું હોય તે આ બુકપર લખી આપો ને તમારૂં નામ ઠામ પણ લખો તો હું સમજું" આમ કહી બુક ને સુખડ પેન આપી. પેલી દુકિતને બારીસ્ટરનું કહેવું ખરૂં લાગ્યું જેથી બુકના પાનાપર પોતાની બધી મતલબ લખી ને નીચે પોતાનું નામ લખી બુક બારી· સ્ટરના હાથમાં આપી. બુક મળતાં વાર તે બોલ્યો કે "બદમાસ સ્ત્રી હવે તારે સાંકળ ખેંચવાની કંઇ જરૂર નથી. હુંજ સાંકળ ખેંચી ટ્રેન થોભાવુ છું ને તને તારા ફેજે પહોંચાડું છુ." એમ કહેતાં કહેતાં ભયના વખતે ટ્રેન ઉભી રાખવાની સાંકળ ખેંચી. ટ્રેન ઉભી રહી. ગાર્ડ અને પોલીસ તે ગાડી પાસે આવ્યા અને ટ્રેન ઉભી રખાવવાનું કારણ પુછતાં બારીસ્ટરે પેલી બુક માંહેનું લખાણ વાંચવા આપ્યું અને કહ્યું કે:—

"આ બદમાસના અપરાધ માટે ઘટતું કરી સજાએ પહોંચાડવી જોઇએ પણ તે હું માફ કરૂં છું. બાકી એને આ ગાડીમાંથી ઉતારી બીજે સ્થાને બેસાડો." ગાર્ડે તે સ્ત્રીને તિરસ્કારપુર્વક નીચે ઉતારી બીજી ગાડીમાં બેસાડી ને ટ્રેન ચાલતી થઇ.

સાર—દિર્ઘદૃષ્ટીવાળા વિદ્વાન પુરૂષો સંકટ સમયે યુક્તિ શોધી કાઢી આવી પડેલા અચાનક કષ્ટમાંથી પોતાનો ઉદ્ધાર કરે છે તે આ દૃષ્ટાંતથી સ્પષ્ટ સમજાય છે. કેળવાયલાં ભેજાં એવું કામ કરી શકે છે જ્યારે ભોળા મનુષ્યો એવા પ્રસંગે દુઃખના ભોગ થઇ પડે છે.

૪૫ મમતામય જીવનદશા.

ભવસાગર ભરપુરમાં વહે તૃષ્ણાનું નીર;
કેંક તણાયા તે વિષે જન અજ્ઞાની અધીર.

સિંધુ નદીના કીનારા પર બે સિંધીભાઇઓ ચાલ્યા જતા હતા. નદીમાં પુર આવેલું અને તેમાં તેઓએ જોયું તો એક કાળો કામળો જાણે પ્રવાહમાં તણાઇ આવે છે એવું દીઠું. એટલે એકે બીજાને કહ્યું કેઃ—"ડીસ ભા, કેડો ખાસો ખથો પાણી મીંજ તણાઇ અચે તો તું હીંમત કઇએ ત ખણી અચે." આ સાંભળી બીજો તે લેવા નદીમાં કૂદી પડયો.

ખરેખરી રીતે તે કામળો ન હતો પણ એક રીંછ હતું. મોં નીચું હોવાથી પેલાઓએ તેને દુરથી કામળો ધાર્યો હતો. જેવું પેલા સીંધીએ તેને પકડયું કે રીંછે સામી બાથ ભીડી તેથી તે બંન્ને પાણીમાં તણાતા ચાલ્યા. કિનારે ઉભેલા ભાઇએ જાણ્યું કે કામળો ભારી હોવાં તે ઉપાડી શકતો નથી ને પાણીમાં ખેંચાતો જાય છે તેથી તેણે ઘાંટો પાડી કહ્યું કેઃ—"ખથો છડ, ખથો છડ." પેલાએ જવાબ દીધો કે–"આઉં તા છડાંતો પણ ખથો નથો છડે." આખર તે બિચારો ખથાની લાલચે ડૂબી મુઓ.

સાર—આવી રીતે બિચારા અજ્ઞાન મનુષ્યો માયાવી પદાર્થોમાં લુબ્ધ રહી મોહ જાળમાં ઘસડાતા જાય છે. શાસ્ત્રાજ્ઞા મોહજાળ છોડવા કહે છે પણ તૃષ્ણારૂપી રીંછ તેને છોડતું નથી. એટલું છતાં પણ મુમુક્ષુ જીવો સદ્‌ગુરૂ ચરણ ગ્રહણ કરી તેમના વસીલાથી ભવબંધથી છુટી શકે છે.

૪૬ બીડીનું દુર્વ્યસન.

મુખ બગડે છાતી બળે વળી પૈસાની હાણ;
મુર્ખ નર મુકે નહિ બીડી અવગુણ ખાણ.

થોડા વખત પહેલાંની વાત છે કે એક લાંબી દાઢીવાળો મીયાં સાહેબ ટ્રેનને આવવાની રાહ જોતો કાનપુરના સ્ટેશન પર ફરતો હતો. એટલામાં ઇન્જીનની સીટી વાગી. આ સાહેબને બીડી પીવાનો શોખ હતો, તેથી ગજવામાંથી બીડીનું પોકેટ બોકસ તથા માચીસ કાઢીને પ્લેટફોર્મ પર ટ્રેન આવતી હતી તે તરફ જોતાં જોતાં માચીસ સળગાવીને બીડીને ચાંપવા ગયા પણ તેમની નજર આવતી ટ્રેન ભણી હોવાને લીધે બીડી સળગાવવાને બદલે પોતાની દાઢીમાં માચીસ લગાડી દીધી. દાઢીમાં આગ લાગતાં મીયાં સાહેબના હોંશ ઉડી ગયા અને સ્ટેશન પર આ વગર પૈસાનો તમાસો જોવાને લોકોની ઠઠ મળી ગઇ. મીયાં ભાઇએ આગ ઓલવવાની ઘણી કોશેશ કરી, પણ એક મિનિટમાં તો દાઢીનો પૂળો બળીને ભસ્મ થઇ ગયો ઉપરાંત ચામડી પણ બળીને તે પર ચાઠાં પડી ગયાં. આથી મીયાં સાહેબે બાકીની જે બીડીઓ હતી તે તથા માચીસની પેટી ગજવામાંથી કાઢી ફેંકી દીધી અને પછીથી બીડી નહિ પીવા આકરા સોગન ખાધા.

આ બનાવથી લોકોને તો હસવાનું મળ્યું પણ મીયાં સાહેબે એ પરથી શિખામણ મેળવી. ત્યાર પછી તેણે કોઇ દિવસ બીડી પીવાની ઇચ્છાજ ન કરી.

સાર—તમાકુ સુંઘવા, ખાવા કે પીવાની નિંદ્ય કુટેવ શી રીતે પડતી હશે અને તેમાં નુકસાન હોવા છતાં લોકો તેનો ત્યાગ કેમ નહિ કરી શકતા હોય, એવો એક સ્વાભાવિક પ્રશ્ન ઉઠે છે. તેનો જવાબ એટલોજ કે માબાપ તરફથી મળતા ખરાબ સંસ્કારનો એ વારસો કે સોબતની અસરથી દુર્વ્યસનનો દુર્ગુણ આવે છે. અને તેના ગેરફાયદા સમજવા છતાં તે ન તજી શકાય તે મનોબળની અપૂર્ણતા છે. સમજુ માણસો કોઇપણ વ્યસનની ટેવ પડવા દે નહિ ને અજાણ્યે તેવી ટેવ થઇ ગઇ હોય તો મન પર સંયમ રાખી છોડી દે છે

૪૭ સાધુ પરિક્ષા.

લે અગર પાકી દીરહમ દીનાર,
બીજો કોઇ શોધ વધુ દીનદાર.

એક બાદશાહે પોતાના મનની ધારેલી ઉમેદ પુરી થાય તો અમુક સોના મહોરો કોઇ જાહેદો-ઉત્તમ દરવેશોને આપવાની માનતા કરી હુતી. જ્યારે તેની એ મનની ધારણા પુરી થઇ ત્યારે સરત મુજબ માનતા ઉતારવા તે ઉત્સુક થયો. તે માટે તેણે પોતાના એક શાણા નોકરને બોલાવી સોના મહોરોથી ભરેલી એક કોથળી આપી અને કહ્યું કે આ નાણું પવિત્ર જાહેદોને વહેંચી આપી આવજે.

સોના મહોરોની કોથળી લઇ તે ગુલામ આખો દહાડો ભટક્યો પણ કોઇ સુપાત્ર જાહેદ તેને જણાયો નહિ કે તેને એ નાણું આપે. છેવટ રાત્રિ થતાં તે સોના મહોરો સહીત બાદશાહની હજુરમાં પાછો આવ્યો અને અરજ કરી કે "નામદાર, આપના હુકમ મુજબ ઘણી શોધ કરવા છતાં કોઇ જાહેદ ન મળ્યો તેથી નાણું પાછું લાવ્યો છું." બાદશાહ આશ્ચર્ય પામી બોલ્યો "તું આ શું બોલે છે? મેં સાંભળ્યું છે કે આપણા શહેરમાં ચારસો કરતાં વધારે જાહેદો છે, તેમાંના કોઇ તને મળ્યા નહિ?" ગુલામ બોલ્યો, "ઓ જહાનના શાહ, જેઓ જાહેદ છે તેઓ નાણું લેતા નથી તથા જેઓ લે છે તે કાંઇ જાહેદ કહેવાય નહિ. એટલેજ હું કહું છું કે આપની માનતા ઉતારવાની ઇચ્છા પુરી થાય એવો પાત્ર કોઇ મળ્યો નથી."

આ સાંભળી રાજા હસ્યો અને નોકરને તેના ડહાપણ માટે શાબાશી આપી. પેલુ નાણું તિજોરીમાં લઇ જઇ ધર્માદા ખાતે જમા કરવા ખજાનચીને આજ્ઞા અપાઇ. જે પાછળથી કંગાળ અશક્ત અને દુ:ખી સ્ત્રીઓનાં સંકટો ટાળવામાં અને નાવારસ બાળકોની પરવરી કરવામાં વાપરવામાં આવ્યું.

સાર—પૈસાના લાલચુ તે કાંઇ ખરા સાધુ ફકીર સમજવા નહિ પણ તે તો વેષધારી ધુતારા છે. કનક કામનીની જાળમાં ન ફસેલા હોય એવા પવિત્ર સાધુ કોઇકજ હોય છે.

૪૮ ક્ષમાની પરીસીમા.

સો ગાળ સાંખી ક્રોધ ન કરીએ;
અવગુણ કરે તાસુ ગુણજ કરીએ.

યદુનંદન શ્રી કૃષ્ણની ફૂઈબાનાં લગ્ન ચેદિવંશના એક રાજા સાથે થયાં હતાં. તેને પેટે મહા બળવાન રાજા શિશુપાળનો જન્મ થયો. તે જનમ્યો ત્યારે તેને ત્રણ આંખ ને ચાર ભુજા હતી. જન્મતી વખતે તેણે ગધેડાના જેવી ભયંકર ચીસ પડી તથા ગર્જના કરી જે સાંભળી માત પિતા અને સંબંધીઓ ભય ભીત થઇ ગયાં. પુત્રનાં ભયંકર લક્ષણ જોઇ સૌએ તેને ફેંકી દેવાનો વિચાર કર્યો. એટલામાં આકાશ વાણી થઇ કે " એ રાજા ! તારે ત્યાં જે કુમારનો જન્મ થયો છે તે શ્રીમાન, બળવાન, અને લાંબા આયુષ્યવાળો થશે માટે નિર્ભય થઇ તેનું પાલન કરજે. આ આકાશવાણીથી સૌ રાજી થયા. સ્નેહાળ માતાને પુત્રનું વિશેષ ભવિષ્ય જાણવાની ઇચ્છા હતી ત્યાં બીજીવાર આકાશવાણી થઇ કે, " જેના ખોળામાં બેસાડતાં આ કુમારનાં બે બાહુઓ ખરી પડે તથા લલાટમાં રહેલું ત્રીજું નેત્ર સમાઇ જાય તે પુરૂષ આ કુમારનો નાશ કરશે."

પૃથ્વીના સર્વ રાજાઓ ત્રણ નેત્ર અને ચાર ભુજાવાળા આ અદ્ભૂત કુમારને જોવા આવતા. તે હરેકના ખોળામાં શિશુ-પાળને તેની મા આપતાં. એવામાં શ્રી કૃષ્ણ પોતાની ફૂઇબાને મળવા અને તે કુમારને જોવા માટે ચેદિપુરમાં આવ્યા. કૃષ્ણના ખોળામાં કુમારને આપતાંજ તેની બે ભુજા ખરી પડી અને વધા-

શનું નેત્ર અદૃષ્ય થઈ ગયું. તે જોઇ રાજપત્નિ ખિન્ન થઇ શ્રી કૃષ્ણને પોતાના પુત્રનું જન્મવૃત્તાંત કહી સંભળાવી બોલ્યાં કે, "હે યદુસિંહ કૃષ્ણ ! મારો પુત્ર તમારો અપરાધ કરે તે સહન કરી તેને મારશો નહિ એવું વચન આપો." કૃષ્ણે કહ્યું:—"ફઇબા, તમારો પુત્ર સો અપરાધો કરશે ત્યાં સુધી હું સહન કરીશ માટે તમારે શોકમાં મન રાખવું નહિ."

જ્યારે મહારાજા યુધિષ્ઠરે રાજ્યસૂય યજ્ઞનો આરંભ કર્યો ત્યારે સર્વ દેશના રાજા મહારાજાઓ યજ્ઞમાં ભાગ લેવાને આવ્યા હતા. યજ્ઞ સભાનું પ્રમુખસ્થાન સર્વાનુમતે શ્રી કૃષ્ણને આપવામાં આવતાં દુષ્ટ બુદ્ધિ શિશુપાળ જે એ પદ માટે કૃષ્ણ કરતાં પોતાને વધારે લાયક સમજતો હતો તે અત્યંત ક્રોધાવેષમાં આવી જઇ કૃષ્ણ પ્રત્યે બિભત્સ બોલો બોલવા લાગ્યો. કહે છે કે તેણે તે વખતે શ્રી કૃષ્ણને સો ગાળો આપી જે સર્વ તેણે મુંગે મોંઢે સાંભળી. પછી શ્રી કૃષ્ણ ઉંચે સ્વરે બોલ્યા કે "હે રાજાઓ, શિશુપાળની માતાની પ્રાર્થનાથી મેં એ દુષ્ટના સો અપરાધો સહન કરવા વચન આપ્યું હતું તે આજે પાળ્યું છે. હવે હું હમણાંજ તમો સર્વના દેખતાં આ પાપીનો નાશ કરૂં છું" આમ કહેતાં કહેતાં શ્રીકૃષ્ણે ચક્રથી શિશુપાળનું મસ્ત છેદી નાંખ્યું.

સાર—શ્રી કૃષ્ણ જેવા સમર્થ પુરૂષે પણ દૈત્યનાં સો કટુ વચનો સહન કર્યાં છે તો આપણે પણ સહન શક્તિ રાખવી જોઇએ.

૪૯ વ્યવહાર કુશળતા.

દો ચીજ તીર અકલ હુરત હમ ફીરૂબસ્તન;
બ વખ્ત ગોફ્તનો ગુફ્તન બ વખ્ત ખામોશી.

સાચુ બોલવું એ હંમેશાં શ્રેયસ્કર છે પરંતુ પ્રસંગના વિચાર વગર અને મર્યાદા રહિત સાચું બોલતાં પણ વખતે અનિષ્ટ પરિણામ આવે છે. પ્રસંગ વગર બોલવું તે વ્યવહાર કુશળતા ન કહેવાય.

એક અંગ્રેજ કહે છે કે કમાણા વાસ્તે હું જ્યારે મારે ગામથી લંડન જવા નીકળ્યો ત્યારે મારા બાપે પોતાના એક ઓળખીતા ગૃહસ્થ ઉપરનો ભલામણ પત્ર લખી આપ્યો અને વિદાય થતી વખતે મને શિખામણ આપી કે "પ્રમાણિકપણે ચાલજે અને હંમેશાં સાચું બોલજે, એથી તારૂં કલ્યાણ થશે." વારૂ, કહી હું રેલ્વે ટ્રેનમાં બેસી ગયો. મારી ગાડીમાં એક ઢોંગી સ્ત્રી પોતાના બાળકને રમાડતી બેઠી હતી. તે મને કહેવા લાગી કે "આ બાળકની સુરત કેવી છે? તને તે ગમે છે?" મેં મારા બાપની શિખામણ પ્રમાણે સાચું કહી દીધું કે "તમારૂં બાળક ઘણું કદરૂપું ને ગંદું છે મને તે ગમતું નથી." આ સાંભળી તે સ્ત્રી ઘણી ગુસ્સે થઇ ને મને ગાળો આપવા લાગી. પાસે બેઠેલા એક ગૃહસ્થે પણ મારી કસુર જોઇ, મને કહ્યું કે "તમારામાં વ્યવહારીક જ્ઞાન બીલકુલ નથી."

હું લંડન પહોંચ્યો અને મારા બાપના ઓળખીતાને ભલામણ પત્ર આપ્યો. તેણે મારો સારો સત્કાર કર્યો ને કહ્યું કે "આવતા મહિનાની પહેલી તારીખથી તને નોકરીમાં દાખલ કરાવીશ." મેં હોટલમાં જઇ ઉતારો કર્યો.

એક દિવસ તે ગૃહસ્થને ત્યાં ખાનગી નાટક થવાનું હતુ તે જોવા આવવા મને આમંત્રણ કર્યું હતું. હું નાટક જોવા ગયો પણ તે જોઇ મને તો કંટાળો ઉપજ્યો. બીજે દિવસ શેઠે મને પુછ્યું "નાટક કેવું હતું?" મેં કહ્યું "બીજું તો બધું બરાબર હતું બાકી દાસીનું પાત્ર ઠીક ન હતું." શેઠે કહ્યુ "જેણે દાસીનો સ્વાંગ લીધો હતો એ મારી દીકરી હતી." આ સાંભળી હું ગભરાયો ને બોલ્યો "સાહેબ, હું રાણીને વાસ્તે કહેતો હતો પણ ભુલમાં દાસીનું નામ લેવાયું." શેઠ કહે "મારી સ્ત્રીએ રાણીનો પાઠ ભજવ્યો હતો." હું વળી નસીબને શ્રાપ દેતો બોલ્યો. "એમાં રાણીની કસુર ન હતી નાટક રચનારેજ કઢંગી રીતે રચ્યું છે." શેઠ બોલ્યા "નાટક રચનાર હું પોતે છું." આ સાંભળી હું તો દિગમૂઢ બની ગયો.

પછી શેઠ બોલ્યા "ભાઇ, હું તને નોકરી અપાવી શકીશ નહિ કેમ કે તારામાં વ્યવહારીક ડહાપણ બીલકુલ નથી. માટે જેમ આવ્યા તેમ પાછા ચાલ્યા જાઓ."

હું નીરાશ થઇ પાછો ફર્યો. ઘેર આવી મારા બાપને સર્વ હકીકત કહી. ઉપલા પ્રસંગે મારી જેજે ભુલો થઇ હતી તે સમજ્યા પછી હવે હું દરેક વાતચીતમાં વિચારીને બોલું છું.

સાર—સત્ય વાત પણ વિચારીને બોલવી જોઇએ. સભ્યતાની સીમા ઉલંઘવી નહિ જોઇએ. સત્ય પણ ત્યારેજ શોભે કે એ વચનોથી કોઇની લાગણી દુઃખાય નહિ. કોઇને ખોટું ખોટું સમજાવવું કે ખુશામદ કરી બોલવું એમ કહેવાનો હેતુ નથી પણ વ્યવહાર કુશળતા રાખવી જોઇએ, એ આ દ્રષ્ટાંતની મતલબ છે.

૫૦ પોથીમાંનાં રીંગણાં.

કહેતા પણ કરતા નહિ, મોંકા ભયા લબાડ,
કાલા મુખ લે જાયગા, સાંયાંકે દરબાર.

એક ગામડા ગામમાં એક બ્રાહ્મણ રહેતો હતો. તે લોકોને કથા વાંચી સંભળાવતો ને તેની આવકથી પોતાના કુટુમ્બનું ગુજરાન ચલાવતો. કોઇ કોઇ વખત ઘરકામથી પરવારી નવરી પડતાં પંડિત પત્નિ પણ બીજી સ્ત્રીઓ સાથે કથા સાંભળવા બેસતી. એક વખત આસો માસના દિવસો ચાલતા હતા ત્યારે કથા પ્રસંગમાં એવી વાત આવી કે જયાં સુધી અન્નકુટના ઉત્સવમાં શ્રીઠાકોરજીને ભોગ ધરવામાં ન આવે ત્યાં સુધી આપણા વૈષ્ણવજનોને રીંગણાં ખાવાં ન જોઇએ.

હવે બન્યું એમ કે તેજ દિવસ સવારના પંડિતને ત્યાં કાચાં કાચાં તાજાં રીંગણાં એક ખેડુત શાક માટે દઇ ગયો હતો અને તેનું બપોરની રસોઇમાં શાક કરવા પંડિતે પોતાની સ્ત્રીને વરદી પણ આપી દીધી હતી, પરંતુ ઉપર મુજબ કથા પ્રસંગમાં રીંગણાં ખાવાની મના સાંભળેલી તે યાદ આવતાં પંડિતાણીએ તે પાડોશણને દઇ દાળનું શાક બનાવ્યું. પંડિત જમવા બેઠા ત્યારે દાળ મુકેલી જોઇ પુછયું તો જવાબ મળ્યો કે " આ દિવસોમાં રીંગણાં ખાવાની શાસ્ત્રે મનાઇ કરે છે. એમ આપ પોતે લોકોને સમજાવતા હતા તે કેમ ભુલી જાઓ છો ? " પંડિતે કહ્યું—" અરે ગાંડી, એ તો-પોથીમાંનાં રીંગણાં-એટલે

કહેવાનું અને માણુસોને સંભળાવવાનું આપણે કાંઇ તે મુજબ વર્તવાનું નથી.”

સાર—બીજાને સમજાવવું અને પોતે વિરૂદ્ધ વર્તન કરવું એ ઉપદેશકોનો દુર્ગુણ ધર્મની વૃદ્ધિમાં અટકાવ કરનાર છે. કેમકે આજના જમાનામાં લોકો કહેવા કરતાં કહેનારના ચલણ ઉપર વધારે ધ્યાન આપે છે. ભોળાપણાનો વખત નથી પણ સુધારાનો જમાનો છે. માટે બોધ કરનારે પહેલાં પોતે દરેક વાતે પૂર્ણ થયા પછી બીજાને શિખામણ આપવી એ ઉત્તમ છે.

---

૫૧ ગર્વ ખંડન.

કષ્ટ નિવારે પુત્રનું માતપિતા ધરી ખંત;
દર્પ વિદારે દાસનો ભક્તવત્સલ ભગવંત.

કહે છે કે મહાભારતની લડાઇમાં વિજય મેળવ્યા પછી અર્જુન, ભીમ, સહદેવ અને નકુળ એ ચારે ભાઇઓને પોતાના જોરનો ગર્વ થયો હતો. પરમાત્માએ તેનો ગર્વ ઉતાર્યો તે વિષે એક કથા છે કે એક વખત પાંચે પાંડવો મૃગયા ખેલવા ગયા હતા. મધ્યાન વખતે એક ઝાડ તળે આરામ લેવા બેઠા. તરશ લાગેલી તેથી નકુળ પાસેના તળાવમાંથી પાણી લાવવા ગયા.

સરોવર કિનારે જાય છે તો એક હોલો બેઠેલો દીઠો. તેણે નકુળ સામે જોઇ હુહુહુ !!! એવો અવાજ કર્યો. નકુળ આ સાંભળી બોલ્યો "અરે અલ્પ પ્રાણી, મારા જેવા પહેલવાન સામે હું હું નો અવાજ કરનાર તું કોણ ? આમ બોલી તેને પકડવા જતાં હોલાએ મોં પહોળું કરી નકુળનો ગ્રાસ કરી લીધો. પેલી તરફ થોડીવાર વાટ જોયા છતાં નકુળ પાછો ન ફર્યો ત્યારે યુધિષ્ઠિરે સહદેવને મોકલ્યો. તેને પણ પેલા હોલાએ ઉપરોક્ત ઘટનાથી ઉદરમાં લઇ લીધો. સહદેવ પાછો ન ફરતાં ભીમ અને અર્જુનને અનુક્રમે મોકલવામાં આવ્યા. તેઓએ પણ એજ રીતે હોલાના પેટમાં જગા લીધી. છેવટે યુધિષ્ઠિર પોતે સરોવર તીરે ગયા. ભાઇઓમાંથી કોઇને ત્યાં ન જોતાં આમ તેમ જુએ છે તો હોલાને હુહુહુ !!! બોલતાં સાંભળ્યો. નમ્ર સ્વભાવના બુદ્ધિશાળી

રાજાએ હોલા પ્રત્યે મધુર વાણીથી કહ્યું કે-" ખરેખર ભાઇ તું ઘણું બળવાન પ્રાણી છે માટે હુહુ કહે તે તને છાજે. હું તો એક અલ્પ જીવ છું પણ મારા ચાર ભાઇઓ અહીં આવ્યા તે કયાં છે તે મને બતાવ તો તારો ઉપકાર થાય." આ સાંભળી હોલાથી હસી પડાયુ, જે હસવા સાથે ચારે યોદ્ધાઓ તેના મુખમાંથી બહાર નીકળી પડયા અને લજવાઇ જઇ એક બાજુ ઉભા રહ્યા.

શ્રી નારાયણ દેવ પ્રગટ થઇ યુધિષ્ઠિરને તેના નમ્રપણા માટે ધન્યવાદ આપી અર્જુનાદિ ચારે ભાઇઓને કહેવા લાગ્યા કે મહાભારતની લડાઇમાં અતિશય વીરતા બતાવનારા તમો બળવાન સુભટો છતાં હોલા જેવા નાના પ્રાણીને પહોંચી શકયા નહિ પણ યુધિષ્ઠિરના પ્રતાપેજ હોલાના ઉદરમાંથી તમારી મુકિત થઇ છે. માટે તમો સર્વમાં યુધિષ્ઠિર શ્રેષ્ઠ છે—બળવાન છે.

સાર—ઇશ્વરનું નામ મધુસુદન એટલે અહંકારનો નાશ કરનાર છે. અહંકાર કરે તેનો અવશ્ય વિનાશજ થવાનો, માટે કોઇએ પોતાના કોઇ પ્રકારના જોરનો ગર્વ કરવો નહિ.

પર સહુ નસીબ લેઇને જન્મે છે.

તેરી રાજી તુજે ઢુંઢત હય તું આપ મન કર આરામ;
એક એક દાને પર લીખા હય ખાનેવાલેકા નામ.

પાલડી નામના ગામમાં અંબારામ કરીને એક ગરીબ બ્રાહ્મણ રહેતો હતો. તેને એક સ્ત્રી અને બાર વર્ષની અંદરની ઉમરના બે છોકરા હતા. પોતાના ગામની નજીકમાં નદી હતી તેની પેલી પાર જઇ લુગડું પાથરી બેસતો અને નદીમાં સ્નાન કરી બહાર નીકળેલા માણસોને કંકુના ચાંલ્લા કરતો, તેના બદલામાં લોકો મુઠી મુઠી દાણા તેના પાથરેલા લુગડામાં નાખતા હતા. તે પર તે કુટુમ્બનું માંડમાંડ ગુજરાન ચલાવતો. આ સિવાય તેનો બીજો કાંઇ ઉદ્યમ ન હતો. હમેશાં સવારમાં વહેલો ઉઠી નદીપર જઇ બેસતો. તે નવ વાગા સુધી ત્યાં રહી ઘેર આવતો. તેના લાવેલા દાણાને દળી સટાણી રોટલા બનાવતી. બીજા દિવસ માટે કાંઇ ઉગારો પડતો નહિ. એ પ્રમાણે હંમેશ ચાલતું.

એક દિવસ નદિએથી દાણા લઇ ઘેર આવવાની વખતે નદીમાં અકસ્માત પુર આવ્યું તેથી તેનાથી નદી ઉતરી ઘેર આવી શકાયું નહિ. આખો દીવસ તે નદીને સામે તીરે પડી રહ્યો. તે વખતે તેણે થોડા કાચા દાણા પલાળીને ખાધા અને બાકીના સ્ત્રી તથા છોકરા માટે રાખ્યા.

" છોકરાંને બાયડી શું ખાશે અને તેમનું શું થશે " આવી ફીકર કરતો તે બેઠો. જો કે આ ફીકર વાસ્તવિક હતી પણ તે તો એટલે સુધી ફીકર કરવા લાગ્યો કે વારંવાર તે ગાંડાની માફક

બકવા લાગ્યો, અને પોતાનું ખટકર્મ પણ કરી શકયો નહિ અને રાત્રે નિદ્રા દેવી પણ તેનાથી રીસાઇ બેઠાં. જરાક આંખ મળે કે બાયડી છોકરાં અને ઘરનો ચિતાર નજરે પડે.

હવે તેના ઘરની હકીકત સાંભળો. તે ગામમાં એ એકજ બ્રાહ્મણનું ઘર હતું. ગામના પટેલે બ્રાહ્મણ જમાડવાના માનેલા હોવાથી તેણે તે દિવસે અંબારામ ભટના ઘેર નોતરૂં દીધું. ભટાણી તથા છોકરાએ લાડુ, દાળ, ભાત તથા શાક બનાવી ભોજન કીધું. પટેલે જમ્યા ઉપર ત્રણેને ચચ્ચાર આના દક્ષિણા આપી અને ભટ ઘેર નહિ હોવાથી તેના માટે બે લાડુ લેઇ જવા ભટાણીને કહ્યું. ભટાણીએ તે પ્રમાણે કર્યું અને ત્રણે જણ ઘેર આવ્યાં.

બીજે દિવસે નદીએ પાણી ઉતરી જવાથી અંબારામ મોટા મળસ્કામાં ઘેર આવ્યો. આવતાંવાર સ્રીને કહ્યું "લે આ દાણા છોકરાં તથા તું કાલના ભુખ્યાં છો, માટે તાકીદે તેને દળી રોટલા કરી ખાઓ."

આ સાંભળી ભટાણીએ કહ્યું:—"મહારાજ, તમે અકળાશો નહિ. કાલે પટેલના ઘરનું નોતરૂં આવ્યું હતું તેથી અમે ત્રણે જણ લાડુ, દાળ ભાત અને શાક બનાવી જમ્યાં છીએ અને તમારા માટે બે લાડુ ઘેર લાવી છું માટે તમે દેવ સેવા કરી જમવા બેસો."

ભટ જમવા બેઠા એટલે નાનો છોકરો રમતો રમતો ત્યાં આવ્યો, તેણે કહ્યું કે—"બાપાજી, તમે કયાં ગયા હતા? તમે તો રોજ બાર, બાજરીના રોટલા કરાવો અને કાલે તમે ન હોતા

તો અમે લાડુ જમ્યા. વળી તમે આજે ન આવ્યા હોત તો તમને આપવાના લાડુ અમે બે ભાઈ આજે એકેક વહેંચી ખાત."

ભોળા છોકરાએ કહેલા ઉપલા બોલો અંબારામની છાતીએ કોરાઇ ગયા. મનમાં વિચાર્યું કે "છોકરે કહ્યું તે ખરૂં છે. હું કાલે તેઓના ખાવા માટે ફીકર કરીને અધમુઓ થઇ ગયો અને ખટકર્મ પણ ચૂકયો, જ્યારે તેઓને તો તેમના નસીબ પ્રમાણે લાડુ મળ્યા. વળી આજે હું ન આવ્યો હોત તો એ લાડુ ખાત એ પણ ખરૂં છે. છોકરો તો વગર સમજ્યે બોલ્યો પણ ખરૂં જોતાં ઇશ્વર સર્વનું પાલન કરનાર છે ત્યારે એવી ખોટી ચિંતા કરી આપણે આપણા આત્માનું હિત શા માટે બગાડવું જોઇએ." એ પછી અંબારામ ભટે નિષ્કામ વૃત્તિથી સંસાર ચલાવ્યો.

સાર—કર્મ ફળ પ્રમાણે સુખ દુ:ખ ભોગવવાં પડે છે, છતાં કેટલાંક મનુષ્યો પોતાનાં છોકરાંની. ને કુટુમ્બની હદ ઉપરાંત ફીકર કરી ધર્મ કરણીમાં અંતરાય પાડે છે તે યોગ્ય નથી. કુટુમ્બનું ભરણપોષણ ને સંરક્ષણ કરવું એ આપણી ફરજ છે, પણ તે સાથે યાદ રાખવું કે સૌ પોતપોતાનું નસીબ લેઇને જન્મે છે. માટે મિથ્યા અફસોસ કરવો નહિ.

૫૩ બારીક તપાસ.

If you trust before you try;
You shall repent before you die.

સ્પેનના રાજાએ એક વાર એવું જાહેર કર્યું કે "ફલાણા દિવસે જડજની ખાલી પડેલી જગાએ લાયક માણસની નીમણુંક કરવામાં આવશે. ઉમેદવારોએ તે દિવસે બગીચાવાળા મહેલમાં રાજાને રૂબરૂ મળવું.

ઠરાવેલા દિવસે જડજની જગા મેળવવા ત્રણ ઉમેદવારો હજુરમાં આવ્યા. રાજા આ વખતે મહેલની નીચેની ચાલીમાં બેઠો હતો. સામે આવેલા હોજ તરફ આંગળીથી બતાવી રાજાએ તે ત્રણે ઉમેદવારોને પૂછ્યું કે "પાણીની સપાટીપર તરતી પેલી શું ચીજ દેખાય છે?"

એકે કહ્યું, "સાહેબ કંઇક ફળ તરતું જણાય છે." બીજાએ કહ્યું. "સેફ ફળ છે." ત્રીજાએ હોજ પાસે જઇ પોતાની લાકડી વતી તે ફળને બહાર કાઢી તપાસી જોઇ કહ્યું. "સાહેબ એ એક અધું સેફ ફળ છે."

ત્રીજા ઉમેદવારના જવાબથી રાજા ઘણો ખુશી થયો અને તેના પ્રત્યે બોલ્યો કે "તું ઘણો ડાહ્યો માણસ છે માટે તનેજ જડજનો ધંધો આપવા હું ખુશી છું, કેમ કે તું આ બન્નેની માફક તપાસ કર્યા વગર મત બાંધે તેવો નથી." પછી તે બારીક તપાસ કરનાર માણસને જડજની પદવી આપવામાં આવી અને બીજા બે ઉમેદવારો ઝંખવાણા પડી પાછા ફર્યા.

સાર—ડાહ્યા માણસો હરકોઇ કાર્યમાં પુરી તપાસ કર્યા વગર તે કામનો નિશ્ચય કરતા નથી તેથી તેના હાથે બનતા સુધી ભૂલ થતી નથી.

૫૪ દેહઆત્મા વિચાર.

ક્ષિતિ જલ પાવક પવન નભ પંચ ભૂ કો દેહ;
પરમ અર્થ કે કારણે આત્મા પામ્યો એહ.

કોઇ એક ગૃહસ્થને સમાહ કથા, યજ્ઞ કે જ્ઞાતિ ભોજનાદિ કંઇ શુભ કાર્ય કરવાની ઇચ્છા થઇ, પણ પોતાના ઘર આગળ જગાના સંકોચને લીધે બની શકતું ન હોવાથી પંચ પાસેથી પંચની વાડી માગી લઇ ત્યાં જઇ નિવાસ કર્યો. પાછળથી લોભાદિ દુર્ગુણોના વિઘ્નથી તેણે તે શુભ કાર્ય કરવાનો વિચાર માંડી વાળ્યો અને વાડીની સુંદરતાપર મોહિત થઇ તે સગવડવાળી જગામાંથી નીકળવા દીલ થયું નહિ તેથી ત્યાંજ રહ્યો. ત્યારે વાડીના માલીક પંચોએ પોતાની વાડી ખાલી કરી પાછી સોંપી દેવા કહેવડાવ્યું. છતાં તે ગણકાર્યું નહિ. પંચોએ વિચાર્યું કે હમણાં નહિ તો થોડા દિવસ રહીને આપણને વાડી સ્વાધીન કરશે, પણ પેલા તો જેનાતેના પાસે કહેતો કે "આ વાડી તો મારી છે, એમાં પંચને શું લાગેવળગે છે!" એવું સાંભળી પંચોએ સરકારમાં ફર્યાદ કરી ન્યાયાધીશ પાસે તેને પકડી મગાવ્યો. ન્યાયમૂર્તિએ તેને પુછયું કે "પંચની વાડી તેઓને કેમ સોંપતો નથી?" પેલાએ જવાબ દીધો કે "વાડી તો મારી છે." સરકારે સાક્ષી તથા ખતપત્રોની સાબીતી માગી પણ તે ન હોવાથી આડું અવળું બકવા લાગ્યો. પંચોએ પોતાના મજબુત પુરાવા બતાવ્યા. આથી સરકારે તેને કેદ કરી કહ્યું કે જ્યાંસુધી પંચોને વાડી સોંપીશ નહિ ત્યાંસુધી કેદથી છુટીશ નહિ.

સાર—જીવરૂપી ગૃહસ્થને મોક્ષ સાધનરૂપ શુભ કાર્ય કરવાની ઇચ્છા થઇ પણ પશુ આદિ દેહમાં ન થઇ શકવાથી મોક્ષના દ્વારભુત ઉત્તમ સગવડવાળો મનુષ્ય દેહ પંચભૂત પાસેથી માગી લીધો પરંતુ વિષ્યાશક્તિરૂપ વિઘ્નોએ કરી આત્મજ્ઞાનથી વિમુખ રહી મુક્તિ મેળવવાનું સાધન સાધી શકયો નહિ. એટલુંજ નહિ પણ ઉલટો આ દેહ તો મારો છે એમ મિથ્યા ભાષણ કરવા લાગ્યો. ત્યારે પંચભૂતોએ શાસ્ત્રદ્વારા ચેતવણી આપી પણ તેની દરકાર ન કીધાથી છેલ્લે તેઓએ યમરાજા પાસે ફર્યાદ કરી. યમરાજાએ તેને દૂતો મારફત બોલાવી ઇન્સાફ કરી લક્ષ ચોરાશી યોનીરૂપી કેદખાનામાં નાખ્યો—માટે જયાંસુધી પંચોનો દેહ પાછો સોંપે નહિ અર્થાત દેહ આત્મા ભેદ જાણી દેહપરનો મિથ્યા મમત્વ મૂકે નહિ ત્યાંસુધી મોક્ષ મેળવી શકે નહિ.

૫૫ જ્ઞાનીની અકળ ગતિ.

હલન ચલન ભોજન ક્રિયા જ્ઞાનીકી ભી હોય;
અહંકાર કરિ રહિત હે વાતં બંધ નહિ કોય.

ફારસના મુલકમાં એક પીર રહેતો હતો. તેના માટે આખા દેશમાં એમ કહેવાતું કે એ બાતુનની વાતો જાણનાર ક્રિયાવાન પુરૂષ છે. તેનાથી ઘણે દૂરના ગામમાં રહેનાર દરવેશના જાણવામાં આ વાત આવી ત્યારે તે તેના દીદારને મુલાકાતની ઇચ્છાથી પોતાને ગામથી નીકળ્યો. ઘણા દિવસની મુસાફરી કરી દુઃખ અને મહેનત વેઠી તે પીરના મકાને આવી પહોચ્યો. દરવાજા પર ચોકીદાર ઉભા હતા તેને પુછતાં જણાયું કે પીર સાહેબ તો બાદશાહની મુલાકાતે ગયા હતા, તે થોડી વાર રહી આવશે.

પીર સાહેબના મહેલનો ઠાઠમાઠ ને રહેણીકરણી જોઇ દરવેશ અફસોસ કરવા લાગ્યો કે હું નાહક આટલી તકલીફ ઉઠાવીને અહીં આવ્યો. ભપકાબંધ મહેલોમાં રહેનાર, દુનિયાના બાદશાહની મુલાકાતનો પ્યાર ધરાવનાર પીર પાસેથી હું શું ધાર્મિક લાભ મેળવી શકીશ. આવો વિચાર કરી પીરને મળવાનું માંડીવાળી તેણે બજાર તરફનો રસ્તો લીધો ને ચોકમાં આવ્યો.

દૈવઇચ્છાથી સંજોગ એવો બન્યો કે તે શહેરના કેદખાનામાંથી એક બંધીવાન નાસી ગયો હતો તેને શોધવાની ધમાલ ચાલી રહી હતી. બજારના ચોકમાં પોલીસ ચોકીપર બેઠેલા કોટવાળે આ પરદેશી દરવેશને દીઠો કે જેની શીકલ આબેહુબ નાસી જનાર બંધવા જેવીજ હતી. તેથી તેને પકડવામાં આવ્યો અને તે દેશના રિવાજ

મુજબ તેના હાથ પગ કાપી નાંખવાની સજા કરવાનો હુકમ આપી દીધો. દરવેશે કોટવાળ પાસે ઘણા કાલાવાલા કર્યા કે હું ગુનેગાર નથી, તેમ આ મુલકનો રહિશ પણ નથી. ઘણે દૂરથી આ શહેરના પ્રખ્યાત પીર સાહેબની કદમબોસી કરવા હમણાંજ અહીં આવ્યો છું. પણ તેના બોલવાપર કોઈને વિશ્વાસ આવ્યો નહિ. તેના હાથ પગ કાપી લેવા જલ્લાદને કહેવામાં આવ્યું, તેટલામાં પેલો પીર બાદશાહની મુલાકાતથી પાછો ફર્યો હતો. તેની સ્વારી એજ રસ્તેથીજ નીકળી, અને ત્યાં થઇ રહેલી ગરબડથી વાકેફગાર થઇ તેણે કોટવાળ પાસે આવી કહ્યું કે "આ માણસ તો દરવેશ છે ને મારો ચેલો છે એ કાંઇ ગુનેહગાર નથી" આ સાંભળી કોટવાળ ઝંખવાણો પડયો. પીર સાહેબને પગે પડી માફી માંગી પેલો દરવેશ તેને હવાલે કરી દીધો, જેને લઇ પીર સાહેબ પોતાના ઘર ભણી ચાલ્યા.

રસ્તે ચાલતાં પીર સાહેબે તેને નરમાશથી કહ્યું, "બીરાદર, અમારી બાબતમાં બદગુમાની કરવી સારી નથી. અગર મેં બાદશાહની મુલાકાત કરી ન હોત તો આજ તારા જેવા ગરીબ નિરપરાધીને એક જાલીમના હાથથી કેમ છોડાવી શકયો હોત? તેનો તુંજ વિચાર કર." આથી તે દરવેશની ખાત્રી થઇ કે આ પીર ખરેખરો દિલની વાત જાણનાર મહા જ્ઞાની છે અને તેની રહેણી કરણી પણ લોક હિતકર છે. પછી તેણે પીર સાહેબના કદમોપર સર ઝુકાવી તકસીરની માફી માગી શુદ્ધ ભાવથી તેનો શિષ્ય થઇ રહ્યો.

સાર—મહા પુરૂષોની બહારની રહેણીકરણી જોઇ અનુમાન બાંધવું એ ખોટું છે. તેઓ વૈભવો ભોગવતાં છતાં વાસના રહિત પવિત્ર જીંદગી ગુજારી શકે છે. પણ એવા કોઇ થોડા હોય છે.

૫૬ બુદ્ધિની શ્રેષ્ટતા.

જેનું બુદ્ધિબળ કલ્પ્યું ન જાય, સૌન્દર્યવાનથી તે વખણાય;
ઉજળા બગ ન ઇચ્છે કોય, કાળી કોયલ ચ્હાવે સોય.

ખોરાશાનના પાદશાહનો એક શાહજાદો કદે ઠીંગણો ને બદસુરત હતો જ્યારે તેના બીજા ભાઇઓ કદાવર અને ખૂબસુરત હતા. એક વાર પાદશાહે પેલા ઠીંગણા શાહજાદા તરફ તોછડાઇની નજરથી જોયું તે તે દાનો છોકરો સમજી ગયો અને બોલ્યો કે—"પિતાજી, ઉંચા કદના નાદાનો કરતાં નીચા કદના ડાહ્યા ભલા. જે કદમાં મોટા, એ બધા કિંમતમાં મોટા ન સમજવા." પાદશાહને પોતાના ઠીંગણા શાહજાદાની વાત સાચી જણાઇ પણ તે વખતે તે કાંઇ બોલ્યો નહિ.

કેટલાક વખત પછી એ પાદશાહના શહેરપર કોઇ મોટો રાજા ચડી આવ્યો. દુશ્મનનું લશ્કરી બળ વિશેષ જોઇ પાદશાહના ખૂબસુરત શાહજાદા જે ભીરૂ હતા તે ભય પામી તેનાથી સલાહ કરી લેવા પોતાના પિતાને સમજાવવા લાગ્યા. પરંતુ પેલો બહાદુર ઠીંગણો શાહજાદો હિંમત દેખાડી દુશ્મન સામે લડવા તૈયાર થયો, અને લશ્કરની સરદારી લઇ સામેના સૈન્ય સામે મુકાબલો કીધો. બહાદુરીથી લડવા લાગ્યો. જ્યારે તેણે જોયું કે શત્રુ સૈન્યના ત્રાસથી પોતાના લડવૈયા નાસવાનો ઇરાદો કરે છે ત્યારે તેણે મોટેથી બૂમ પાડી કે—" ઓ પહેલવાનો હિંમત હારો નહિ કેમ કે તમે સ્ત્રીનો પોશાક પહેર્યો નથી. શુરવીરો લડાઇના મેદાનમાંથી પાછો પગ ભરે એ જેવું તિરસ્કારભર્યું કલંક તેના માટે

બીજું કોઇ નથી માટે બહાદુરીથી લડી યશ મેળવો." એ વગેરે ઉત્સાહના બોલો કહ્યા. આ સાંભળી લશ્કરીઓને ઝનુન પેદા થયું ને એકસરખા જોરથી દુશ્મનોપર હલ્લો લઇ ગયા તેમાં તે ફાવ્યા. શત્રુ સૈન્ય પરાજિત થયું ને તેનો સરદાર મરાયો. બાકીના સિપાઇઓ જીવ લઇ નાસી ગયા. શાહજાદો વિજય મેળવી શહેરમાં પાછો ફર્યો. પાદશાહ તેને હેતથી ભેટયો અને તે દિવસથી તે તેના પર બહુ પ્રીતિ રાખવા લાગ્યો એટલુંજ નહિ પણ યુવરાજ પદવી તેને આપવામાં આવી. આથી બીજા ભાઇઓને અદેખાઇ આવી. એક વાર તેઓએ ખાણામાં ઝેર ભેળી યુવરાજની મહેમાની કરી. આ વાત તેની એક બહેનના જાણવામાં આવ્યાથી તેણે તેને વખતસર ચેતવ્યો એટલે તે ખાણાં પરથી ઉઠી ગયો અને કહ્યું કે "દાનાઓ મરી જાય અને તેની જગા મૂર્ખા પુરે એ અણઘટતું છે."

પાદશાહને આ હકીકતની જાણ થતાં તેણે અદેખા શાહજાદાઓને ઠપકો આપ્યો. તેઓને તેની આજીવિકાનો બંદોબસ્ત કરી દઇ સમજુતિ સાથે રાજધાનીથી દૂર વસાવ્યા પછી પેલા ડાહ્યા શાહજાદાને રાજ્યાસન પર બેસાડયો.

સાર—અક્કલ અને બહાદુરી એકલા સ્વરૂપ સાથેજ કંઇ સંબંધ રાખતી નથી, એ આ દૃષ્ટાંતનું તાત્પર્ય છે. માટે ઉજળું એટલું દૂધ સમજી ભુલવું નહિ. વળી જાણવું જોઇએ કે ખુબસુરત દેખાવડા પણ બદખસલતના કૂર માણસો કરતાં કાળા કુરૂપ પણ ધર્માત્મા નીતિમાન માણસો ઘણા બહેતર છે.

૫૭ શંકા સમાધાન.

બિનુ સતસંગ ન હરિકથા તેહિ બિનુ મોહન ભાગ,
મોહ ગયે બિનુ રામપદ હોઇ ન દૃઢ અનુરાગ.

રામ રાવણની લડાઇ જગ વિદિત છે. એ યુદ્ધમાં રાવણના પુત્ર ઇંદ્રજીતે એક વખત પન્નગાસ્ત્ર બાણથી રામ લક્ષ્મણાદિ સર્વ યોદ્ધાઓ સહિત આખા સૈન્યને પ્રાઢ સર્પોથી બાંધી લીધું એ જોઇ મુનિ નારદજીએ ગરુડજીને ત્યાં મોકલ્યા. ગરૂડના આગમનથી બિલાડીને જોઇ જેમ ઉંદરો નાસી જાય તેમ સઘળા સર્પો નાસી જતાં રામચંદ્રજીનું સૈન્ય બંધન મુક્ત થયું. પણ આ બનાવથી ગરૂડના મનમાં સંદેહ થયો. તે વિચારવા લાગ્યા કે "જેનામાં નાગપાસ બંધનથી છુટવાની શક્તિ નથી એવા રામને ઇશ્વર કેમ કહેવા? વળી એ જો ઇશ્વર હોય તો તેની સ્ત્રીને કોઇ ઉપાડી કેમ જાય? અને તે લઇ જનાર રાક્ષસને મારવા માટે આટલી મહેનત ઉઠાવવાનું પ્રયોજન શું? ઇશ્વર તો ઇચ્છા માત્રથી હરકોઇને મારી શકે." ગરૂડજી જેમ જેમ આવા વિચારો કરવા લાગ્યા તેમ તેમ તેમનો શક દૃઢ થતો ગયો. એટલે નારદમુનિ પાસે જઇ પોતાનો સંશય જાહેર કર્યો.

મુનિએ કહ્યું "ગરૂડજી, હરિમાયા બળવાન છે તે જ્ઞાની ઓના ચિત્તને પણ ચલાયમાન કરે છે. મને પણ એ માયાએ ઘણીવાર નચાવ્યો છે. આજ તે માયા તમને વ્યાપી છે. તમે શ્રી બ્રહ્માજી પાસે જાઓ તે તમારા મનનું સમાધાન કરશે. ગરૂડજી ત્યાંથી બ્રહ્મા પાસે ગયા. પોતાનો સંદેહ વિદિત કરી

જવાબની રાહ જોતા ઉભા. બ્રહ્મા બોલ્યા. "માયાપતિની માયા અજબ છે." તમે શ્રી શંકર પાસે જાઓ તે તમારો ભ્રમ મટાડશે." ગરૂડ ત્યાંથી રવાના થઇ આગળ જતાં પાર્વતી સહિત શંકર ભગવાન તેને રસ્તામાંજ મળી ગયા. નમસ્કાર કરી સર્વ હકીકત નિવેદન કરી ખુલાસો પુછયો. મહાદેવજીએ થોડીવાર વિચાર કરી ગરૂડજીને કહ્યું કે "નિલગીરી પર્વત ઉપર એક વડના ઝાડ તળે કાકભુષંડી નામના રૂષિ હંમેશાં હરિકથા કરે છે અને સત્સંગનો મેલાવડો કરી સર્વને ધર્મનો ઉપદેશ આપે છે તેના પાસે તમે જાઓ ત્યાંથી તમારો શક દૂર થશે." ગરૂડજી બતાવેલે ઠેકાણે જવા ઉપડી ગયા. એટલે પાર્વતીજીએ શંકર પ્રત્યે કહ્યું કે "મહારાજ ગરૂડની શંકાનું નિવારણ કરવાને આપ શક્તિવાન છો છતાં તમે તેને પેલા રૂષિ પાસે શા માટે મોકલ્યો; એ કૃપા કરી મને સમજાવો." મહાદેવજી બોલ્યા "હે સતી કાકભુષંડી હંમેશાં શ્રોતાજનો સમક્ષ જ્ઞાન ચર્ચા કરે છે. તેના સત્સંગમાં ગરૂડજી લાંબા કાળ સુધી રહેશે ત્યારે તેના ભ્રમનો નાશ થશે. મારા ઉપદેશથી તેના સંદેહનું સમાધાન જલદી થઇ શકત નહિ, એટલા માટેજ ત્યાં જવાનું મેં કહ્યું. તમે નક્કી સમજજો કે શંકા સમાધાન સ્થળ એક સત્સંગજ છે."

સાર—દીલની અંદર ધર્મને દઢ સ્થાપન કરવા તથા આ ભવ બંધનથી છુટવાની વિદ્યા હાંસલ કરવાનું અમુલ્ય સાધન માત્ર સત્સંગ છે. માટે ડાહ્યા મનુષ્યોએ હંમેશાં સત્સંગ કરવો.

૫૮ મુલતવીનાં માઠાં ફળ.

કાલ કરતાં આજ કરો આજ કરતાં અબ;
મૂળ વિનાનું વૃક્ષ ઢળી પડશે ધબ.

સ્પર્શ માત્રથી લોઢાને સુવર્ણ બનાવે એવો એક મણી કોઈ સંસાર ત્યાગી સાધુને સાંપડયો હતો. પોતે દુનિયાની તમ્નાઓથી રાહત હોતાં તે અમુલ્ય ચીજ કોઇ સુપાત્ર સજ્જનને આપી દેવાની ઇચ્છાથી તે એક શહેરમાં આવ્યો પરંતુ શહેરના લોકોમાંથી કોઇ એ અલભ્ય વસ્તુનો અભિલાષી તેને દેખાયો નહિ. આથી તે નીરાશ થઇ પાછો વળ્યો ત્યારે દરવાજા બહાર એક કંગાળ હાટડીમાં થોડો પરચુરણ સામાન રાખી એક માણસ બેઠો હતો. તેણે મહાત્માની ઘણી આગતાસ્વાગતા કરી. સાધુએ પ્રસન્ન થઇ મણી તેને આપ્યો અને કહ્યું કે "ભાઇ, આ શહેરમાં તું એક ભાવિક માણસ જણાય છે માટે આ અમુલ્ય ચીજ હું તને આપું છું. એ પારસમણી છે. લોઢામાંથી સોનું બનાવવાનો તેમાં ગુણ છે, તે તું રાખ. પણ સરત એ કે એક વરસ પછી તે હું પાછો લેવા આવીશ. તેટલા વખતમાં તો તું તેનો સારો લાભ લઇ શકીશ. એટલું કહી સાધુ ચાલ્યો ગયો.

પેલા માણસે પોતાની દુકાન માંહેનો કેટલોક માલ વેચ્યો ત્યારે તેના પાસે એક રૂપીઓ એકઠો થયો તેનું લોઢું ખરીદવા બજારમાં ગયો. તજવીજ કરતાં જણાયું કે યુરોપની મહાન લડાઇના ચોગે બધી વસ્તુઓના ભાવ ચડી ગએલા, તેમાં લોઢાના ભાવ તો અસાધારણ વધ્યા હતા. તે માત્ર રૂપીયાનું ચાર શેર વેચાતું હતું.

"આટલું મોંઘું લોઢું લેવાય! પછી વાત." એમ ધારી તે પાછો વળ્યો. વળી કેટલેક દહાડે લોઢું ખરીદવા જતાં હવે તો તે રૂપીયાનું બે શેર વેચાતું હતું. એટલે એ વખતે પણ ખરીદી મુલતવી રહી. એ રીતે ઘણા વખત લોઢું ખરીદવા ગયો પણ દરેક વખતે પહેલાંના કરતાં આકરા ભાવ જોઇ ખરીદવાની તેની હિંમત થઇ નહિ. આખરે એક વરસની ઠરાવેલી મુદત પુરી થઈ. પેલા સાધુએ આવીને પોતાનો મણી પાછો માગ્યો જે આપ્યા વગર ચાલે તેમ ન હતું. જેથી મણી પાછો આપતાં તેણે અતિશય દીલગીરી સાથે જણાવ્યું કે "લોઢાના ભાવો વધી જવાથી હું સોનું બનાવી શકયો નથી. અરેરે આવી ઉત્તમ વસ્તુ મારા પાસે આવ્યા છતાં તેનાથી હું કાંઇએ લાભ મેળવી શકયો નહિ."

સાર—આપણે આ માણસની મુર્ખાઇપર ટીકા કરીશું કે મોંઘા ભાવે થોડુ લોઢું ખરીદી પણ સોનું બનાવવું જોઇતું હતું વિગેરે. પણ આપણુ સૌની એજ દશા છે. આપણો મનુષ્ય જન્મ અમુલ્ય મણી છે પણ ક્ષણભંગુર હોતાં તેનો પલવારનો ભરૂસો નથી. છતાં નેકીનાં કામોનો ભાવ આકરો જાણી અર્થાત તે કરવાં અશકય સમજી મુલતવી રાખીએ છીએ પણ અંત સમયે સમજાય છે કે મનુષ્ય જન્મ વ્યર્થ ગયો તેના વડે કરવાં જોઇતાં સુકૃત્યો થયાં નહિ ત્યારે નિરાશ થવું પડે છે." હમણાં એ શબ્દ ડહાપણવાળાઓને પ્યારો છે. આ નાનો શબ્દ ધ્યાનમાં રાખજો. પોતાને કરવાનું દરેક કામ—વિશેષ કરીને ધાર્મિક કામો તરતજ કરી લેજો. જે થશે તે હમણાંજ. પછી કાંઇ થનાર નથી.

૫૯ વાસનામય ભક્તિ.

જો મારે જીલાવે ને રોજી દેવે ઉસ્કી કરો હરદમ બંદગી;
દુનિયા લાલચ ઔર બંદગી કરે ઉસ્કી ખરાબ હોવે જીંદગી.

એક દિવસ પાદશાહ આલમગીર સહેલગાહથી પાછો ફરતાં રસ્તાપરની એક મસજીદમાં મગરેબની નિમાજ પઢવાના ઇરાદાથી આવ્યો, અને બીજાઓ સાથે મુકરર કરેલા પેશઇમામની પાછળ નિમાજ પઢવી શરૂ કરી. નિમાજનો એક ભાગ પૂરો કીધા પછી જ્યારે બધા ઉભા થયા ને ઇમામે બુલંદ અવાજથી "અલ્લાહો અકબર"ની બૂમ પાડી. આ વખત એક મસ્ત ફકીર જે સૌના સાથે નિમાજ પઢતો હતો તે લાગલો બોલી ઉઠયો કે, "આવો ખુદા મારા પગ નીચે છે." એટલું કહી તે મસજીદ છોડી ચાલ્યો ગયો. ફકીરના આ શબ્દો સાંભળી સૌને ઘણો ગુસ્સો ઉપજ્યો પણ નિમાજ દરમિયાન કાંઇ બોલાય નહિ તેથી બધા ચુપ રહ્યા. નિમાજ પુરી થયા પછી બાદશાહે ખુદાનું અપમાન કરનાર પેલા ફકીરને પકડાવી મંગાવી રાતોરાત કેદખાનામાં રાખી સવારે પોતાની હજુરમાં હાજર કરવા સિપાઇઓને હુકમ કર્યો.

બીજે દિવસે ગુનેહગાર ફકીરને પાદશાહ સમક્ષ સભામાં ઉભો કરવામાં આવ્યો અને ખુદાને અપમાનભર્યા શબ્દો બોલવા માટે સર્વાનુમતે તેને તકસીરવાર જાહેર કરી બાદશાહે તેને દેહાંતદંડની શિક્ષા ફરમાવી. ફકીરે કહ્યું "મેં જે શબ્દો કહ્યા હતા તે ખરા હતા. મારા બોલવાનો મતલબ સમજ્યા વગર મને ખોટી રીતે શિક્ષા થવી ન જોઇએ." બાદશાહે કહ્યું: તમારા

બોલો ખરા છે એમ તમે શા આધારે કહો છો ? ફકીરે અરજ કરી કે, મારી વાત ધ્યાન દઇ સાંભળો તેથી આપની ખાત્રી થશે વળી તેનો સત્તાવાર સાક્ષી હું હમણાંજ રજુ કરીશ.

નિમાજ પઢાવનાર ઇમામે નિમાજનો એક ભાગ ખુદાને માટે બરાબર પઢાવ્યો, પણ જ્યારે તે બીજા ભાગ માટે ઉભો થયો ત્યારે તેના મનમાં એવો વિચાર આવ્યો કે કોઇ દિવસ નહિ ને આજે પાદશાહ પોતે આ મસજીદમાં નિમાજ પઢવા પધાર્યા છે તો આજે એવી હલકથી નિમાજ પઢીને તેને ખુશ કરૂં કે જેથી મને મોટી રકમનું ઇનામ મળી જાય, એ ખ્યાલથી ખરા ખુદાને ભૂલી જઇ પૈસાની ઇબાદત તેણે શરૂ કરી. જેથી 'આવો ખુદા મારા પગ નીચે છે' એમ કહી હું ચાલ્યો ગયો. તેની મતલબ એ કે આવો ખુદા એટલે પૈસો. જેમ ખુદાએ ફરમાવ્યું છે કે "જમીનની અંદર ઘણી દોલત છે." એટલે જે પૈસા માટે તે ઇબાદત કરતો હતો તે તો આપણા પગની નીચે છે. માટે આમાં મેં શું ખોટું કહ્યું તે આપજ વિચારો. મારો સાક્ષી એ નિમાજ પઢાવનાર ઇમામ પોતે આ કચેરીમાં હાજર છે, તેને પુછી ખાત્રી કરો. પાદશાહે ઇમામ સામે જોયું તો તેણે પોતાનું માથું નીચું નમાવ્યું અને ફકીરની વાત જુઠી પાડવાનો જરાએ પ્રયત્ન કર્યો નહિ. જેથી ફકીરની હકીકત ખરી જાણી તેના ઊંડા જ્ઞાન માટે પાદશાહ હેરત થયો અને તેને ઘણી શાબાશી આપી.

સાર—નિષ્કામ ભકિત એજ ઉત્તમ ભકિત છે. વાસનામય ભકિત ઇશ્વર સમક્ષ કબુલ થતી નથી, એટલુંજ નહિ પણ અમુક વસ્તુની પ્રાપ્તિ માટે ભકિત કરે તે ઇશ્વરની ભકિત કહી કહેવાયજ નહિ.

૬૦ કથા શ્રવણ.

કથા સુણી સુણી ફુટયા કાન;
તોએ ન આવ્યું બ્રહ્મજ્ઞાન.

કોઇ એક ગામડામાં એક પંડિત રહેતો હતો. તે હંમેશાં કથા વાંચતો અને લોકોનું મોટું ટોળુ સાંભળવા બેસતું. સૌ બરાબર સાંભળી શકે માટે પંડિત મોટો ઘાંટો પાડીને બોલતો. એક દિવસ એક ડોસી કથા સાંભળવા આવી હતી અને તે બરાબર પંડિતના સામે બેઠી હતી. થોડીક વાર રહી તે રોવા લાગી. તેને રડતી જોઇ મહારાજ મનમાં ફુલાયા કે મારી વાણીમાં રસ તો ખરો કે શ્રોતાઓનાં હૃદય પીગળી આંસુ ધારા વહે છે. કથા વંચાઇ રહ્યા પછી પંડિતે તે વૃદ્ધ બાઇને કહ્યું "ડોસીમા તમે ઘણાં ભાવિક ભક્ત છો અને કથાનું રહસ્ય બરાબર સમજો છો. વળી તમારૂં દીલ કેવું નરમ છે કે કથા સાંભળતાં તમે રડી પડયાં હતાં." આ સાંભળી તે ડોસીમા બોલ્યાં "કે કથામાં તો હું કાંઇએ સમજી નથી પણ રડવાનું ખરૂ કારણ તો મને મારી બિચારી પાડીનું સ્મરણ થઇ આવ્યું તે હતુ. તે જ્યારે માંદી પડી ત્યારે બરાબર તારી પેઠેં જ ઘાંટા પાડી બરાડતી હતી અને આખરે બૂમો પાડી પાડી મરી ગઇ. પંડિત આ સાંભળી જંખવાણા પડી ગયા.

સાર—કથા શ્રવણ એ ભક્તિનાં નવ અંગ માંહેનું એક અંગ છે પણ તે એકાગ્ર મને સાંભળી દીલમાં ગ્રહણ કરે તોજ ફલદાયી નીવડે એટલે એક ચિત્તે સાંભળેલા બોધનું મનન કરી શકાય તે પછીજ તેપર અમલ કરવા રૂચી થાય છે, પરંતુ સાંભળીને એક કાનથી બીજા કાને કાઢી નાખે અથવા મતલબ ન સમજે કે એકનું બીજું સમજી બેસે તેથી કંઇ લાભ થતો નથી, તેપર ઉપરનું દ્રષ્ટાંત બંધબેસતું છે.

૬૧ મોટાની સમજણ.

જ્યાં જોઇએ ત્યાં કુડેકુડ સામા સામા બેઠા ઘુડ;
કોઇ આવી વાત સુરજની કરે તે આગળ જઇ ચાંચજ ધરે;
અમારાં હજાર વર્ષ અંધારે ગયાં તમે આવા ડાહ્યા ક્યાંથી થયા;
અખા મોટાનું તો એવું જાણુ મૂકી હીરો ને ઉપાડે પાણ.

કહે છે કે શિવ અને પાર્વતિ એક જંગલમાં થઇને જતાં હતાં ત્યાં એક ઘુવડોનું ટોળું જોવામાં આવ્યું; જેને કેટલાક લુચ્ચા કાગડા ચાંચો વતી મારતા હતા. આ જોઇ પાર્વતજીએ શિવજીને તેનું કારણ પૂછયું. શિવ બોલ્યા કે એ ઘુવડ પક્ષિ દિવસના જોઇ શકતાં નથી માત્ર રાતેજ તેઓ દેખે છે, એટલે કાગડા તેઓપર ફાવી જાય છે. પાર્વતિજીને દયા આવતાં સઘળાં ઘુવડોને દેખતાં કરવાની શિવ પાસે માગણી કરી. શિવે કહ્યું કે સૃષ્ટિકર્તા બ્રહ્માના કામની વચ્ચે મારાથી પડાય નહિ. પાર્વતિજીએ નીરાશ થઇ કહ્યું કે જો એમજ હોય તો તેમાંના માત્ર બેને તો જરૂર દેખતા કરો જેથી તે આખા ટોળાની રખેવાળી કરે ને કીનાખોર પક્ષીઓથી તેનું રક્ષણ થાય. પાર્વતિજીના ઘણા આગ્રહથી મહાદેવે ઘુવડનાં બે બચ્ચાંને દેખતાં કર્યાં અને તેઓ ત્યાંથી આગળ પોતાને રસ્તે ચાલ્યાં.

હવે આ બાજુ શું બન્યું તે જુઓ. પેલા ઘુવડનાં બચ્ચાં દેખતાં થયાં કે તેઓ જગતની રચના નીહાળી અજબ થયાં. પ્રકાશિત સૂર્ય, નદી, નાળાં, જાતજાતનાં પશુ પક્ષીઓથી દીપી રહેલી

જંગલની શોભાનું વર્ણન તેઓ પોતાના વડીલો પાસે કરવા લાગ્યાં, પણ તેના માબાપો વગેરે વડીલ વર્ગ તો તેની મુર્ખાઇભરેલી વાતોને હસી કાઢી તેને ઘેલાં થએલાં ગણતાં હતાં. જેમ જેમ બચ્ચાં પોતાની વાત વધારે ભાર દઇને કરતાં ગયાં તેમ તેમ તેઓ તદ્દન દીવાના થએલાં ગણાયાં અને છેવટે એવો ખોટો બકવાટ ન કરે તે માટે તેને ઢાંકી રાખવા લાગ્યાં. કારણ કે ઘુવડોનાં પંચમાં નક્કી થયું હતું કે “ હજારો વરસ થયાં આપણા બાપ દાદા થઇ ગયા છે તેઓએ આપણી આગળ સુરજ ઉગવાની કે એવી ગાંડી ગાંડી વાતો કરી નથી માટે બચ્ચાં કહે છે એ વાત માનવા જેવી નથી અને એવી બેહુદી વાત કરનારને પુરી મુકવાની સજા કરવી.”

કેટલાક દિવસ પછી એજ રસ્તે થઇ શિવ પાર્વતિ નીકળ્યાં. ઘુવડોના રહેઠાણ નજીક આવતાં શિવે પાર્વતિને કહ્યું કે “ જુઓ તમારી હઠીલાઇથી આ બિચારાં ઘુવડોનાં બચ્ચાંની શી દશા થઇ છે ?” એમ કહી કારણ સમજાવ્યું. પાર્વતિજીએ તેઓને પાછાં અસલ સ્થિતિમાં મુકાવ્યાં અને તેઓ સુરજ ઉગવાની વાત કરતાં રહ્યાં. ત્યારે તેના વડીલો સમજ્યા કે હવે તેઓનું ઘેલાપણ ટળી ગયું. છે પછી તેને સજા મુકત કરવામાં આવ્યાં.

સાર—રૂઢી બંધન અને અજ્ઞાનતાની જડ—એ દુર્ગુણોને નાશ કરવા કોમનો નાનો ભાગ યત્ન કરે તો સત્તાવાન પણ અહીં મોટો ભાગ તેને કચડી નાખે છે.

૬૨ મુર્ખ મિત્ર વેરીને તુલ્ય.

દિલાગર ખિરદમન્દઇ ઓ હુશિઆર;
મકુન સુહુબતે જાહેલાં ઇખ્તિયાર.

કોઇ ગ્રહસ્થના સુંદર બગીચાની રખેવાળી એક માળી કરતો હતો. તે મોટી ઉંમરનો થયો ત્યાંસુધી દૈવ ઇચ્છાથી તેને કંઇ સંતતિ થઇ ન હતી તેથી તેણે એક રીંછના બચ્ચાંને ઉછેર્યું હતું અને પુત્ર તરીકેનો સઘળો પ્યાર તે તેના ઉપર કરતો હતો. જેમ જેમ રીંછ મોટું થયું તેમતેમ એક મિત્રના આકારમાં ખાવું પીવું વિગેરે સઘળો વહેવાર સાથે થતો આથી તેઓ વચ્ચેની મહોબતમાં વધારો થતો ગયો અને માળી તેને પોતાનો જીવ જાન દોસ્ત માનવા લાગ્યો.

એક વખત ઉનાળાની મોસમમાં બાગમાંનો મીઠો મેવો આરોગી તે માળી એક ઝાડ નીચે બપોરના વખતે સુતો હતો જ્યારે તેનો રીંછ મિત્ર તેના માથા પાસે એક પહેરગીર તરીકે બેઠો હતો. ફળોની ચીકાશને લીધે માળીના મ્હોં ઉપર સ્વાભાવિક રીતે માખીઓએ ગણગણાટ મચાવી મુકયો તે પેલા પહેરગીરની નજરમાં ઠીક લાગ્યું નહિ. તે તેને હાંકી કાઢવા લાગ્યો પણ જેમ “ લોભાયાને લાત લાગવા છતાં લાલચમાં લપટાઇ રહે છે,” તેમ તે માખીઓની ઘણી સંખ્યા વારંવાર ઉડાડવા છતાં મ્હોં ઉપર હાજર રહેવા લાગી. છેવટ રીંછ કંટાળી જઇ માખીઓનો એકદમ નાશ કરવા તેયાર થયો. આમ તેમ જોતાં એક જબરી પત્થરની શલ્લા નજરે પડી તે ઉપાડી માખીઓના હઠીલા ટોળા ઉપર ફેંકી જે

આ બાદ પોતાના મિત્ર માળીના મ્હોં ઉપર લાગી જેથી ઘડી ઘી નિદ્રામાં ખલલ કરતું માખીઓનું ટોળું તો સહીસલામત વીખરાઇ ગયું, પણ તેનો મિત્ર માળી તો પોતાના નાદાન મિત્રની વફાદારીથી છેવટની નિદ્રામાં પડયો-તત્કાળ મરણ પામ્યો.

સાર-" મુર્ખ મિત્ર કરતાં દાના દુશ્મન ભલો." એમ લોકોમાં કહેવત છે તે ઉપરનાં દ્રષ્ટાંતથી સિદ્ધ થાય છે. કોઇનાથી મિત્રાઇ સબંધ બાંધતા ઘણી સાવચેતી રાખવાની જરૂર છે. પાત્રાપાત્ર પરખ્યા વિના પ્રીતિ કરતાં અંતે પશ્ચાતાપ કરવાનો સમય પાસ થાય છે. વિદ્વાન અને જ્ઞાની માણસોની દોસ્તી આ લોક ને પરલોકનો લાભ આપનારી છે માટે સમજુએ તેવી યોગ્યતાવાળાનીજ મિત્રાઇ કરવી જોઇએ.

૬૩ સંતોષી સદા સુખી.

ધની સુખી નહિ તોષ બિન તુષ્ટ નિધન સુખવાન;
નૃપ સુખ હિત પચિ પચિ મરૈં મનમુનિ મોદ મહાન.

એક પાદશાહ હતો. તેને કંઇ સંતતી ન હતી એટલુંજ નહિ પણ રાજ્યનો હકદાર વારસ થાય તેવો દૂરનો સંબંધી પણ કોઇ ન હતો. રાત દિવસરૂપી કાળા ધોળા બે ઉંદર પાદશાહની જીવન દોરી કાપ્યા કરતા હતા તે હવે ત્રુટી પડવાની અણીપર આવી હતી. જેથી તેણે એવું ફરમાન બહાર પાડ્યું હતું કે મારા મર્ણ બાદ પહેલેજ દિવસ પ્રભાતના શહેરના મુખ્ય દરવાજામાંથી જે કોઇ અજાણ્યો મુસાફર શહેરમાં પહેલો દાખલ થાય તેના માથાપર બાદશાહી તાજ મેલવું. તે પછી થોડી મુદત વીતતાં પાદશાહ પંચતત્વને પામ્યો.

વસિયત પ્રમાણે રાજ્યનો વારસ મેળવવાની તજવીજ કરતાં બનાવ એવો થયો કે ઠરાવ્યા પ્રમાણે જે માણસ શહેરમાં પહેલો દાખલ થયો તે એક ફકીર હતો. જેણે પોતાની ઘણીખરી ઊમર ટુકડા માગવામાં ને લુગડાંપર ચીઠડાં ચોડવામાં ગાળી હતી. વજીર અને ઉમરાવોએ મરહુમ પાદશાહની ઇચ્છા મુજબ તેને મુલકનો માલિક બનાવ્યો અને રાજગાદી તથા ખજાનો સોંપ્યો.

ફકીર રાજ્ય ચલાવવા લાગ્યો પણ થોડો વખત જતાં તાબાના મુલકોના હાકેમોએ બંડ ઉઠાવ્યું ને લડાઇ સળગી. ઘણી કોશીશો કરવા છતાં કેટલોક મુલક બળવાખોરોના હાથમાં ગયો. પાદશાહ

ગભરાટમાં પડયો તેનું સુખ જતું રહ્યું ને બેચેન રહેવા લાગ્યો. તે અરસામાં તેની કંગાલ સ્થિતિ વખતનો એક જુનો મિત્ર જે પણ એક ફકીર હતો અને ઘણો વખત થયાં દુર દેશાવર ગયો હતો તે પાછો ફરતાં પોતાના દોસ્તને રાજ્ય પ્રાપ્તિ થયાની હકીકત સાંભળી ખુશી થઇ તેને મુબારકબાદી આપવા તેના પાસે આવ્યો. કહેવા લાગ્યો કેઃ—"પ્રિય મિત્ર, ઇશ્વર કૃપાથી આપનો સિતારો બુલંદ થયો તે માટે અભિનંદન આપું છું." પાદશાહ થએલા ફકીરે જવાબ આપ્યો કે "બીરાદર મુબારકબાદી આપવાનો આ વખત નથી; કેમ કે મારો મુલક હરામખોરો પચાવી પાડે છે, તે મારાથી સહન થઇ શકતું નથી તેમ તેઓને પહોંચી વળવાને શક્તિમાન નથી માટે આવા દુઃખદ પ્રસંગમાં તારે મને દીલાસો આપવો જોઇએ. અગાઉ તો મને માત્ર પેટ ભરવાની ચિંતા હતી પણ હવે તો રાજ્ય સંભાળવાની ફીકર થઇ પડી છે."

સાર—હર હાલતમાં માણસો સંતોષ સિવાય પોતાને સદા દુખીજ સમજે છે. જ્ઞાની એ કે જે ઇશ્વર જે સ્થિતિમાં મુકે તેમાં સંતોષ માને. પોતાની ઉન્નતિ કરવા પ્રયત્ન કરવો એ શુભ છે પણ જે મળે તેમાં સંતોષે નહિ તે બેસબરપણું કહેવાય.

૬૪ પરોપકારનો બદલો.

જગમાં તે નર જીત્યા કીરત ભલી વળી તેની ગવાઇ;
પરોપકાર કરવાને વાવે સુક્ષેત્રે નિજ સુકમાઇ.

એક માણુસે કયામતનું જંગલ સ્વપ્નમાં જોયું કે જ્યાં સૂર્યના સખત તાપથી જમીન તપીને લાલ ત્રાંબા જેવી થઇ હતી. એપર ઉભેલા ગુનેહગાર લોકોના મગજ ગરમીથી ઉકળતા હતા જેની અસહ્ય પીડાથી તેઓ પુકાર કરી રહ્યા હતા. આગળ જુએ છે તો એક સુશોભીત ઝાડ તળે એક માણુસ આરામથી બેઠો હતો. તેના પાસે જઇ પેલા સ્વપ્નું જોનારે પુછયું કે:—"ઓ નસીબદાર માણુસ, તને એવો કોણ મદદગાર મળ્યો કે જેથી આવા આપત્તિ કાળમાં તું આવી શીતળ છાયામાં બેઠો છે?" પેલાએ જવાબ દીધો કે "ભાઇ, આ સમય તો દુનિયામાં હૈયાતી દરમિયાન કરેલાં સારાં નરસાં કૃત્યોનું ફળ મેળવવાનો છે. જેઓએ કંઇપણ નેક કામો કર્યાં નથી તે તમે જુઓ છો તેમ દુઃખ ભોગવે છે. હું અને બીજા કેટલાક સુકૃત્યોના પ્રતાપથી સુખી છીએ." આ સાંભળી સ્વપ્ન જોનારે પુછયું કે "ભાઇ, તમને કઇ નેકીના પ્રતાપે આ આરામની જગા મળી છે?" ત્યારે તે બોલ્યો કે:—"મારા ઘરના આંગણામાં એક ઝાડ હતું. એક દિવસ કોઇ સુપાત્ર દરવેશ મારે ત્યાં ભિક્ષા અર્થે આવ્યો. ગ્રિષ્મ રૂતુના તડકામાં ચાલવાથી તે વૃદ્ધ માણુસ તમામ થાકેલો ને દુઃખી જણાયો. દયાની લાગણીથી મેં તેને અન્ન પાનથી સંતોષી મારા ઝાડના

છાંયા તળે પથારી કરી આપી સુવાડયો. સ્વસ્થ થયા પછી તે દુવા દઇ ચાલ્યો ગયો. તેણેજ આ મુશ્કેલ વખતમાં ઇન્સાફી ઇશ્વર પાસેથી મારા ગુનાહની માફી માગી લીધી કે એ પરવર દેગાર, તું આ બંદાને બધું માફ કર. કારણ કે મેં તેનાથી આરામનો લાભ મેળવ્યો છે. એ પવિત્ર પુરૂષની અરજ ખુદાએ કબુલ કરી જેથી મને આ શાન્તીસ્થાન મળ્યું છે. માટે હે ભાઈ, તું પણ હંમેશાં સર્વ સાથે ભલાઇ કરતો રહેજે. પરોપકાર અને નેકીનાં કામો કરજે, તો આખરતને દહાડે સુખી થઇશ કેમ કે તારે પણ એક દિવસ અહીં આવવું પડશે.

સાર—"વાવે તેવું લણે અને કરે તેવું પામે." એ કહેવત જગ મશહુર છે. માટે દુનિયામાં જે પરોપકાર કરે છે તેનો નેક બદલો પ્રભુના હજુર જરૂર મળશે. એમ જાણી હંમેશાં પરો-પકાર વૃતિ રાખવી.

૬૫ શું વૃદ્ધો ખુદાને વીસારી મુકે છે?

તુલસી વો દિન યાદ કર ઉપર પાવ તળે શીશ;
મૃત્યુ લોક મેં આય કે વીસાર્યો જગદીશ.

ઉમરે પહોંચેલો એક વૃદ્ધ માણસ પોતાના બહોળા કુટુંમ્બ પુત્ર પૌત્રાદિકને જુદે જુદે ધંધે લગાડવા તથા તેઓના કામકાજ પર દેખરેખ રાખવા અને તેમને સર્વ પ્રકારની સગવડ કરી આપવાની જંજાળમાં એટલો ગુંથાએલો રહેતો કે પોતાની જીંદગીના હવે પાછલા દિવસો આવી લાગ્યા છે ને મારે હવે તુરતમાં કીરતારની હજુરમાં જવાબ આપવા જવું પડશે, તેનું તેને સ્વપ્ને પણ ભાન ન હતું. આવી રીતે મનુષ્યપણાની મુખ્ય ફરજો હરિસ્મરણ, ધર્મધ્યાન, દાન્યપુન્ય, પરોપકારાદિ સુકૃત્યો કરવાનું તે વીસરીજ ગયો હતો--કહો કે ખુદાને તદન ભુલી જઇ પાપાચરણોમાં પ્રવૃત્તિ રાખી નિર્મળ જીવાત્માને ગુનાહના બોજાથી સંગીન બનાવી મુકયો હતો. એક જ્ઞાની માણસ તેના પાડોશમાંજ રહેતો હતો તેણે એક દિવસ તે વૃદ્ધ માણસને કહ્યું કે "અરે, ભલા માણસ, તારી પોણોસો વરસની ઉમર થઇ તો પણ તું દુનિયાનો મોહ છોડી ઇશ્વર ભક્તિ કરવાનું સમજતો નથી એ તારી કેટલી મુર્ખાઇ છે? તને કોણે પેદા કર્યો એ ખબર છે?"

વૃદ્ધ માણસે કહ્યું "ભાઇ, હું જાણતો નથી કે મને કોણે પેદા કર્યો છે?" એટલામાં એક પાંચ છ વરસનો છોકરો ત્યાં રમતો હતો તેને પેલા જ્ઞાની માણસે પુછ્યું કે "છોકરા તને કોણે

પેદા કર્યો છે ? ” જવાબ મળ્યો કે “ આપણ સવને ઇશ્વરે પેદા કર્યા છે. આ સાંભળી પેલા ઘરડા ઘુવડને તે જ્ઞાની માણસે કહ્યું કે “ આટલો નાનો છોકરો પોતાને પેદા કરનારને ઓળખે છે અને તું પંચોતેર વરસનો ઢગો એટલું પણ જાણતો નથી એ શરમની વાત છે ! ” વૃદ્ધે કહ્યું “ સાહેબ, ગુસ્સે ન થાઓ એને દુનિયામાં આવે થોડો વખત થયો છે એટલે યાદ રહે પણ મને તો જન્મ ધર્યે પોણી સદી થઇ ગઇ એટલે લાંબા વખતની વાત યાદ કેમ રહે ? ” પેલો જ્ઞાની માણસ અજબ થયો અને મનમાં વિચારવા લાગ્યો કે “ ખરેખર શું વૃદ્ધો ખુદાને વીસારી મુકે છે ?”

સાર—બાળ, યુવા અને વૃદ્ધ એવા મનુષ્યની જીંદગીના ત્રણ વિભાગ કહેવામાં આવે છે. બાળવયમાં જેઓ વિદ્યા જ્ઞાન સંપાદન કરે છે. યુવાવસ્થામાં જેઓ તેનો વ્યવહારમાં ઉપયોગ કરી બતાવે છે તેઓ વૃદ્ધાવસ્થામાં જગત જંજાળમાંથી મનને નિવૃત રાખી ઇશ્વર સ્મરણ કરી તથા પોતાના સબંધમાં આવનારને જ્ઞાનનો બોધ આપી મનુષ્ય જન્મ સાર્થક કરે છે; પરંતુ જેઓ બાળવયથીજ અજ્ઞાન દશામાં રહી જાય છે તે મોટા ભાગે ઉપરનાં દ્રષ્ટાંતમાં બતાવ્યા પ્રમાણે વય વધતાં તૃષ્ણા પણ વધતી જતાં પશુ જીંદગી પુરી કરી અંતે અધોગતિ પામે છે.

૬૬ સુખની કદર.

પાગ્યો નહિ જે પગરખાં દુઃખ પુકારે સુખ;
પણ બીજાને પગ વિના દેખી વીસારે દુઃખ.

એક બાદશાહ પોતાના ગુલામ સાથે વહાણમાં બેસી મુસાફરીએ નીકળ્યો. તે ગુલામે કોઇ દિવસ દરિયો દીઠોજ ન હતો અને વહાણમાં મુસાફરીની અજમાયશ કીધી ન હતી. તેથી થોડે દૂર જતાં તેને બીક લાગવા માંડી. ચોમેર અથાગ પાણીનો સમુહ ને ઉપર આસમાન જોઇ તે ધ્રુજવા ને રડવા કુટવા લાગ્યો. સાથેનાં પેસેન્જરોએ તેને બહુ બહુ સમજાવી કહ્યું કે ધાસ્તી રાખવાનું કાંઇ કારણ નથી. દરિયો શાન્ત છે અને વાવડો અનુકુળ છે એટલે આપણે હમણાંજ ધારેલે ઠેકાણે સુખરૂપ પહોંચી જઇશું તો પણ તે કેમે કર્યો સમજેજ નહિ અને વધારે વધારે બૂમો પાડીને રડે. બાદશાહની મોજમાં આથી ખલલ પડીને તે તેના પર ગુસ્સે થવા લાગ્યો ને ધમકાવવા મંડયો તેની પણ કાંઇ અસર તે ગુલામપર થઇ નહિ.

એક હકીમ તે વહાણમાં બેઠો હતો તેણે બાદશાહને કહ્યું કે " હુકમ હોય તો હું આ ગુલામને ચૂપ કરી દઉં." શાહે કહ્યું કે એમ કરે તો મોટી મહેરબાની થાય, અમે સૌ કંટાળાથી છુટીએ. હુકમ મળતાં હકીમે તે ગુલામને ઉપાડી દરિયામાં ફેંકી દીધો. પાણીમાં થોડાંક ગોથાં ખાધાં કે ઉપરથી તેના તરફ એક દોરડું નાંખવામાં આવ્યું ને તેને પકડી લેવા કહ્યું. દોરડા વતી

મછવા પાસે ખેંચી લઈ હાથ પકડી ઉપર લઇ લીધો. ઉપર આવ્યા પછી તે એક ખૂણામાં ચૂપ કરી બેસી રહ્યો,

ગુલામને શાંન્ત થએલો જોઇ બાદશાહ રાજી થયો અને હકીમને પૂછયું કે આ શું હિકમત છે? હકીમ બોલ્યોઃ—"નામદાર, આ ગુલામે ડુબવાની મહેનત જ્યાંસુધી ચાખી ન હતી, ત્યાંસુધી સલામતીના સુખની તે કદર કરી શકતો ન હતો. જે માણસે મુસીબતો વેઠેલી હોય છે તેજ સુખની ખરી કદર પીછાણે છે; માટેજ મેં તેને ડુબવાનો અનુભવ આપ્યો. તે જોઇ લીધા પછી હવે તે ચુપ રહ્યો છે." બાદશાહે હકીમની હુશિઆરીનાં વખાણ કર્યાં.

સાર—મનુષ્ય સ્વભાવ ઘણે ભાગે એવો હોય છે કે ઇશ્વર તેને જે સ્થિતિમાં મૂકે તેમાં કાંઈ ને કાંઇ ખામી જુએ છે અને પોતા કરતાં અધિક સંપત્તિવાનના વૈભવો જોઇ પોતાને દુઃખી સમજે છે. ડાહ્યા માણુસો તે કે પોતાથી દુઃખી હાલત ભોગવનારા પ્રત્યે નજર રાખી પોતાને સુખી સમજે અને સંતોષ પકડે. પણ અણુસમજુઓ તો જ્યારે પોતાની સારી દશા ગુમાવી દુઃખમાં ગીરફતાર થાય ત્યારેજ પોતાની પ્રથમની સ્થિતિને યાદ કરે છે.

---

૬૭ મનુષ્ય જન્મ મહાત્મ્ય.

મનુષ્ય દેહ મુક્તિનું દ્વાર, તે નહિ આવે વારંવાર;
જે ક્ષણ જાએ તે પલ આવે નહિ, સાંહી સ્મરણ કરવું સહી.

કોઇ એક મોટા કિલ્લેબંધ શહેરમાં એક આંધળો રહેતો હતો તેને શહેરમાં અનેક પ્રકારનાં કષ્ટો હોવાથી શહેર બહાર જવાની ઇચ્છા થઇ, તેથી તેણે કોઇ માણસને બહાર નીકળવાનો રસ્તો પૂછયો, તો જવાબ મળ્યો કે:-"આ શહેરનો એકજ દરવાજો છે માટે તું કિલ્લાને હાથ લગાડતો લગાડતો ચાલવા માંડ. જ્યારે દરવાજો આવે ત્યારે બહાર નીકળી જજે." બતાવ્યા મુજબ આંધળો કિલ્લો પકડી ચાલ્યો, પણ ચાલતાં ચાલતાં દરવાજો આવ્યો ત્યારે તેના શરીરમાં દાદરનો રોગ હોતાં તેપર ચર આવી એટલે કિલ્લાને લગાડેલો હાથ ઉપાડી લઇ ખંજવાળવા માંડયું ને સાથે ચાલતો પણ ગયો. ખંજવાળો લીધા પછી જ્યાં કિલ્લે હાથ લગાડયો ત્યાં દરવાજો તો પાછળ રહી ગયો ને વળી કિલ્લો આવ્યો તેથી વળી પાછો શહેરમાંજ રહ્યો અને કિલ્લા પાસે ફરી ફરીને મહાદુ:ખ ભોગવવા લાગ્યો. ગામનાં મળમૂત્રમાં પડી જાય, તડકામાં તપે, ધૂળ ઉડી આંખમાં પડે, એમ અનેક રીતે કષ્ટ ભોગવતો ફરી ફરી જ્યારે દરવાજા પાસે આવ્યો ત્યારે વળી ચર થઇને દરવાજો પાછળ રહી ગયો. એમ વારંવાર ફરીને મહાદુ:ખ ભોગવવા લાગ્યો.

સાર-આંધળાને ઠેકાણે અજ્ઞાની સમજવો. કિલ્લાને ઠેકાણે ચોરાશી લક્ષ યોનિ સમજવી. દરવાજાને ઠેકાણે મનુષ્ય દેહ જાણવો.

ખરજ (ચર) ને ઠેકાણે વિષય સુખ સમજવાં. એ રીતે અજ્ઞાની જીવ ચોરાશી લક્ષ યોનીમાં ફરતો ફરતો, મનુષ્ય દેહરૂપી મુક્તિના દ્વારમાં આવ્યો ત્યારે બ્રહ્મનિષ્ઠ ગુરૂના ઉપદેશથી પોતાનું સ્વરૂપ જાણીને ચોરાશી લક્ષ યોનિથી નીકળીને મોક્ષ સુખ પામી શકે એમ છે, પણ અજ્ઞાનરૂપી અંધતાએ કરીને આ મનુષ્ય દેહ મુક્તિનું દ્વાર છે, તેમાં મોક્ષનું સાધન કરવું જોઇએ એમ જાણતો નથી અને નાના પ્રકારના વિષય ભોગ તથા અસદાચરણ રૂપી ખરજે કરીને આખું આયુષ્ય વ્યર્થ કાઢે છે. જેમ દાદર ઉપર ખરજ ઘણી મીઠી લાગે છે તેમ નાના પ્રકારના વિષય ભોગ ભોગવવા અતિ પ્રિય લાગે છે, તેથી મરવા સુધી પણ તે વિષયોમાંથી આસક્તિ મૂકીને પરમેશ્વરમાં પ્રીતિ કરતો નથી. એમ કરતાં પ્રાણ ગયા એટલે મનુષ્ય દેહરૂપી મોક્ષ દ્વાર ગયું અને ચોરાશી લક્ષ યોનિરૂપી કિલ્લો હાથ આવ્યો. તેમાં બેલ, ઘોડા, ગધેડા, આદિ પશુ શરીર ધારણ કરીને મહાદુઃખ ભોગવે છે. પશુ પર ભાર નાંખી લાકડી મારીને ચલાવે છે. તેને કોઇ ઘાસ આપે તો ખાય, પાણી આપે તો પીએ એ રીતે પરતંત્રતા વેઠે છે. અરેરે! એ કેવાં દુઃખી થાય છે. મનુષ્ય દેહ પામીને આત્મજ્ઞાન સંપાદન ન કર્યું તેનું એ ફલ છે, કે ચોરાશી લક્ષ યોનિમાં ફરે છે અને ફરી ફરીને જન્મ મરણ પામે છે. વાસ્તે મનુષ્ય દેહ પ્રાપ્ત થયા છતાં જે પુરૂષ મોક્ષ થવાનું સાધન કરતો નથી ને અધર્મથી કેવળ વિષય ભોગમાંજ સમગ્ર આયુષ્ય વ્યતીત કરે છે તે એવાં મહા કષ્ટો ભોગવે છે.

૬૮ ધર્મો જય પાપે ક્ષય.

પાપસેં ધન હોત હે પાપસેં ધન જાત,
બરસ બારમે સોલમે જડા મૂળસેં જાત.

કોઇ એક સંત પુરૂષ પોતાના શિષ્ય સાથે એક જંગલના રસ્તે થઇને ચાલ્યા જતા હતા. ચાલતાં ચાલતાં રસ્તાપરનું એક ઝાડનું મુળીઉં જે જમીનથી થોડું બહાર રહેલું હતું તેની ઠોકર લાગતાં ગુરૂજી પડી ગયા. ત્યારે તેના મ્હોડામાંથી અનાયાસે શબ્દો નીકળી ગયા કે "તેરા જડા મૂળસેં જાયગા." આ સાંભળી શિષ્ય બોલ્યો-"માહારાજ, એ માત્ર જુની એક અલ્પ જડ તો છે એ હવે જડમૂળથી શું જવાની હતી?" ગુરૂ કહે "બચ્ચા, અમારૂં વચન મિથ્યા જતું નથી. ખાતરી કરવી હોય તો તું અહીંજ રહે અને શું થાય છે તે જોજે." ચેલો એજ સ્થળપર એક ઝુંપડું બનાવી રહ્યો અને ગુરૂજી ચાલ્યા ગયા.

વર્ષા રૂતુ પ્રાપ્ત થતાં પેલા મૂળીઆંમાંથી ફણગા ફૂટી નીકળ્યા અને થોડો વખત જતાં છોડ ઉગી નીકળ્યો અને કાળે કરી તે એક વિશાળ વૃક્ષ થઇ રહ્યું. શિષ્યને વિચાર થયો કે ગુરૂજી જે મુળીઆંને શ્રાપ આપી ગયા છે એ તો ઉલટું વૃદ્ધિ પામ્યું માટે શ્રાપ તો અવશ્ય મિથ્યા ગયો.

એક દિવસ વાવાઝોડાનું સખત તોફાન ઉપડયું તેથી કેટલાંક ઝાડો જમીનદોસ્ત થઇ પડયાં તે સાથે પવનના એક અજાણ્યા આંચકાથી પેલું શાપિત ઝાડ પણ મૂળ સહીત

ઉખડી ગયું, ત્યારે ચેલાએ જાણ્યું કે અરે! આ તો જડમૂળથી ઉખડવા માટેજ પ્રથમ આટલું ફાલીફુલી રહ્યું હતું.

સાર—આપણે ઘણી વખત જોઇએ છીએ કે અનીતિથી વર્તનાર, જુલમો ગુજારનાર દુષ્ટ લોકો મોટા વૈભવ ભોગવે છે. જેથી એવો સંદેહ સહજ ઉદ્ભવે કે આ ઇશ્વરી ન્યાય કેવો! પણ જાણવું જોઇએ કે કુદરતનો ભેદ અકળ કોઇ પુન્યના પ્રતાપે અમુક સમય પાપીઓ પણ ફાવી જાય છે; પરંતુ ઉપરના દ્રષ્ટાંત પ્રમાણે અંતે તેનો જરૂર વિનાશ થાય છેજ કારણ કે "ધર્મો જય અને પાપે ક્ષય" એ શાસ્ત્ર વચન કદી ખોટું નજ પડે.

---

૬૯ એકાગ્ર ભકિત.

માળા તો કરમાં ફરે ફરે જીભ મુખ માંહિ;
મનવો તો ચહુ દિશ ફરે એસો સુમીરન નાંહિ.

એક પટેલ હતો તેને નિત્ય પ્રભાતમાં સૂર્યોદયની પહેલાં થોડી વાર માળા ફેરવવાની ટેવ હતી. તે પ્રમાણે એક દિવસ પરોઢીએ તે ભકિતમાં બેઠા હતો એટલામાં કોઇએ આવી આંગણામાં ઉભી હાંક મારી કે "પટેલ ઘરમાં છે કે?" પટેલ તો હરિ સ્મરણમાં એટલે બોલી શકે નહી પણ તેના દીકરાની વહુએ જવાબ આપ્યો કે "ડોસો ચમારવાડે ગયા છે." આ સાંભળી પેલો માણસ ચાલ્યો ગયો. થોડી વાર થઈ તો બીજા કોઇએ આવી પટેલની પુછા કરી, તો વહુએ કહ્યું "મારા સાસરાજી તો વાડીએ ગયા છે." પટેલ માળામાં બેઠા બેઠા આ બધું સાંભળી રહ્યા હતા અને વહુના આવા જવાબથી ક્રોધે ભરાઇ રહ્યા હતા તેથી જલદી જલદી માળા પૂરી કરી નાંખી ગુસ્સાભેર બોલ્યા કેઃ—"વહુ તમને ખબર છે કે હુ ઘરમાં હરિ સ્મરણમાં બેઠો છું છતાં પુછા કરવા આવનારને સીધો જવાબ આપવાને બદલે ચમારવાડે ગયા છે ને વાડીએ ગયા છે, એમ શા માટે કહ્યું?" વહુ તો મહા તત્વજ્ઞાની ને સિદ્ધીઓ પામેલી હતી. તેણે નમ્રતાથી કહ્યુંઃ—"સસરાજી, માફ કરજો, પણ જ્યારે પહેલો એક માણસ આપની પુછા કરવા આવ્યો ત્યારે તમારા હાથમાં જો કે માળા ફરતી હતી પણ તમારા મનમાં તો કોસ ફાટી ગયો છે તે સંધાવવા ચમારવાડે જવું છે–એ વિચાર હતો. વળી બીજો

માણસ આવ્યો ત્યારે-વાડીએ બાંધેલું વાછરડું છુટું થઇ ગયું હશે તો પાકને નુકસાન કરશે-એ વિચાર તમે કરતા હતા. તેથી મેં એ પ્રમાણે જવાબો આપ્યા છે.” આ સાંભળીને પટેલ તો દિંગ થઇ ગયો અને પોતાના મનની કલ્પના જાણનાર વહુને પગે પડયો એટલુંજ નહિ પણ એ પ્રતાપી બાઇને પોતાનો ઉસ્તાદ માની તેના પાસેથી એકાગ્ર મનથી ભક્તિ કરવાની રીત ભાત શીખ્યો.

સાર—ઇશ્વરની ભકિત કરનારે પ્રથમ મન સ્થિર કરવાં શીખવું જોઇએ. કારણ કે જ્યાંસુધી મન બહાર ભટકતું ફરે ત્યાંસુધી ભક્તિમાં રસ પડતો નથી અને તે ભકિત ઇશ્વર હજુરમાં કબુલ થતી નથી.

૭૦ સમય વિચાર.

ફીકી પે નીકી લગે કહીએ સમય વિચારિ,
સબકે મન હર્ષિત કરે જ્યોં વિવાહ મેં ગારિ.

ઇરાનના શાહ સનમુખ એક પરદેશી ગુનેહગારને ઉભો કરવામાં આવ્યો હતો. તેની તકસીર ધ્યાનમાં લઇ શાહે તેને દેહાંત દંડની શિક્ષા ફરમાવી. આ સાંભળી તે બંધવો નાસીપાસીની હાલતમાં આવી જવાથી પોતાની ભાષામાં પાદશાહને ગાળો દેવા લાગ્યો. કહેવત છે કે " નીશશ થએલી બીલાડી કુતરાને પકડવા દોડે છે." તેમ આશારહિત માણુસ કોઇના પણ ડર વગર ગમે તેમ બોલી શકે છે. એ પ્રમાણે જીવપર આવેલો તે શખસ પાદશાહ પ્રત્યે સખ્ત શબ્દો ઓચરવા લાગ્યો પણ શાહ તેની ભાષા સમજી શકતા ન હતા, તેથી પોતાના એક વજીરને પૂછયું કે " આશું બોલે છે." તે નેક વજીર કેદીની ભાષા સમજતો હતો છતાં સમય વિચારી બોલ્યો કે-" જહાંપનાહ, એ બિચારો આપના પાસે કાલાવાલા કરે છે, દયાની યાચના કરે છે, પોતે કુટુમ્બ કબીલાવાળો છે. પાંચ સાત જણુના પોષણુનો આધાર તેનાપર હોવાં તે બધાં રખડી જશે. વળી જણાવે છે કે આ મારી પહેલીજ તકસીર છે અને તે પણ ઇરાદાપૂર્વકનો ગુનાહ કરેલ નથી, માટે જીંદગીની બક્ષીશ માગે છે.' આ સાંભળી બીજો વજીર જે પેલાનાં કરતાં ઉલટા સ્વભાવનો હતો અને તે પણ પેલા બંધવાની ભાષા સમજતો હતો તે બોલ્યો કે " પાદશાહ સનમુખ સાચુંજ બોલવું જોઇએ. સાહેબ, આ માણુસે આપને ન છાજતી ગાળો આપી છે અને ઘણાજ ખરાબ બોલ બોલ્યો છે."

બીજા વજીરની વાત સાંભળી પાદશાહ તેપર ગુસ્સે થઇ બોલ્યો કે " તું સાચું બોલ્યો તેના કરતાં મારા આ શાણા વજીરનું જુઠું બોલવું મને વધારે પસંદ છે. કેમ કે તેની મતલબ ઉત્તમ છે, અને તારા સાચા બોલવાનો પાયો ખરાબી ઉપર છે. હું આ બંધવાનો ગુનોહ મફ કરૂં છું અને તેને તેને વતન સુખરૂપ પહોચાડી આપવાનો હુકમ ફરમાવું છું."

સાર—વિદ્વાનો કહી ગયા છે કે " દરૂગે મસલહત આમીઝ; બે અઝ રાસ્તે ફીતને અંગીઝ. એટલે જે સચ્ચાઇથી લડાઇ સળગી ઉઠે તેના કરતાં જુઠાઇથી સુલેહ જળવાય એ બહેતર છે.

૭૧ ફરજનું કરજ.

I slept I dreamt that life was beauty
I awake and found that life was duty.

એક બાદશાહ ઘોડેસ્વાર થઇ ફરવા નીકળ્યો હતો. રસ્તામાં એક ખેડુતને ખુશીભરેલી રીતે આનંદથી પોતાનું કામ કરતો જોઇ પુછ્યું; "ભલા માણસ, તું સારી હાલતમાં હશે એમ હું વિચારૂં છું. આ ખેતર જે તું ઘણી મહેનત લઇ ખેડે છે તે તારૂં પોતાનું છે?" તે ખેડુત બાદશાહને ઓળખતો ન હતો. તેણે જવાબ દીધો કે "નહિ સાહેબ, હું એટલો બધો તવંગર નથી પણ મુસારેદાર મજુર છું." બાદશાહને તેની સાથે વધારે વાતચીત કરવાની ઇચ્છા થતાં પુછ્યું: "તમને દરરોજ કેટલું મળે છે?" ખેડુતે કહ્યું "આઠ આના" શાહ બોલ્યો "ફક્ત આઠ આના! એટલા ઉપરજ શું તમારૂં ગુજરાન ચાલી શકે છે?" ખેડુત બોલ્યો: "શું ગુજારો થઇ શકે છે એમ આપ પુછો છો? ગુજારો ચાલે છે અને વળી કાંઇ બાકી પણ રહે છે." શાહે કહ્યું "તે કેમ બને?" ત્યારે ખેડુત બોલ્યો કે "બે આના મારે અને મારી સ્ત્રી માટે, બે આનાથી હું મારૂં અસલી કરજ અદા કરૂં છું. બે આના ઉછીના આપું છું. અને બે આના ખુદાના નામપર ખરચું છું." આ ભેદભર્યા જવાબથી બાદશાહ અજબ થયો અને બોલ્યો કે "તમારા ગુઢાર્થ બોલોનો ખુલાસો સમજાવો." ત્યારે ખેડુતે કહ્યું કે "બે આના અમો ધણીધણીઆણીને બસ થાય છે. મારાં બુઢાં માબાપ છે, જેઓએ અપાર સંકટો વેઠીને નાનપણથી મને પાળીપોષી મોટો

કર્યો છે, તેઓ આજે અશકત થઇ પડયાં છે, મેં તેઓને મારી પાસે રાખ્યાં છે. એ મારા કરજ પેટે બે આના ખરચું છું. જે બે આના હું છુછીના આપું છું તે મારા છોકરાંને કેળવણી આપવામાં ખરચું છું કે, જયારે અમે અશકત થઇ પડીએ ત્યારે તે અમારી બરદાસ કરે. બાકી બે આના ર । તેમાં હું મારી બે બ્હેનોને પાળું છું, જેઓને પાળવાને હું કાંઇ બંધાએલો નથી, પણ તેઓ બિચારી નાવારસ વિધવાઓ છે, તેથી એ બે આના જાણે ખુદાના નામપર ખેરાત કીધેલા કહેવાય. ” આ જવાબ સાંભળી બાદશાહ ઘણો ખુશી થયો અને બોલ્યો કે “ ભલા ખેડુત, તું બહુ ડહાપણથી બોલ્યો અને તારી કોટુમ્બીક ફરજ બજાવવાની રીતથી હું ઘણો પ્રસન્ન થયો છું. શાબાશ છે તને ! હવે હું પણ તને કાંઇક ભેદમાં વાત કહું છું તે સમજી લે. તેં આગળ કોઇ વખત મને દીઠો નહિ હોય પણ હવે પાંચ મિનિટમાં તું મને પચાસ વખત જોશે, એમ કહી પોતાની બાદશાહી તસવીરવાળા પચાસ સિક્કા કાઢી આપ્યા અને કહ્યું કે આ સિક્કા ખરા છે તે ખુદા તરફથી મળ્યા છે અને મને તેનો આપનાર ઠરાવ્યો છે, એમ સમજજે એટલું બોલી તે ત્યાંથી ચાલ્યો ગયો.

સાર—મનુષ્ય માત્રપર ફરજનું કરજ રહેલું છે. માણસ જન્મે છે ત્યારથી કરજ લઇ આવે છે. ડાહ્યા માણસો પોતાપરની હરેક રીતની ફરજનું કરજ અચ્છી રીતે અદા કરે છે. કોટુમ્બીક ફરજનું કરજ ચુકાવવું એ અગત્યનું છે તે આ દૃષ્ટાંતથી સમજાય છે

૭૨ પરાર્થે સ્વાત્મ ભોગ.

પરહિત કારણ મધુ મક્ષિકા કરતી ખંતે,
પરહિત કારણ શશિ રવિ ફરે અનંતે,
પરહિત કારણ જુઓ અરણ્યે તરૂવર ફળતાં,
પરહિત કારણ સરિત સાગરો સરવર ઢળતાં,

પશુ પક્ષીઓ પણ જીવિત ધરતા કૈંક પરહિત કારણે,
ગીરિધર જીવિત છે સફળ જો જીવ જાય પરહિત વારણે.

પારીસ શહેરમાં એક મકાન બંધાતું હતું, તેની ઉંચી પાલખ અકસ્માત તુટવાથી તે ઉપરનાં માણસો પત્થરના બાંધેલા પાકા રસ્તાપર પડી મરણ પામ્યાં. માત્ર બે જણ એક પાતળી વળીને વળગી રહ્યા હતા. તે વળી પણ એ બે જણના ભારથી પડું પડું થઇ રહી હતી, તેથી તેમાંના એકે બીજાને કહ્યું " ભાઇ, આ વળીના આધારથી આપણે બન્ને ઉગરી શકીએ તેમ નથી. મારા ઉપર બહોળા કુટુંબનો આધાર છે નહિ તો તમારાં પ્રાણ બચાવવા ખાતર હું વળીને છોડી આપત, પણ મારા મરણથી એક ગરીબ કુટુંબ નિરાધાર થઇ લોકોનું ઓશિયાળું બનશે એ વિચારજ મને અટકાવે છે, માટે તું વળી મુકી દે." બીજાએ મોટા મનથી ઉત્તર આપ્યો કે " ભાઇ તારૂં કહેવું સાચું છે. મારી પાછળ કોઇ નથી, હું એકલોજ છું એટલે ચિંતા જેવું કાંઇ નથી." એમ કહી તેણે વળી છોડી દીધી અને પોતાની સાથે કામ કરનાર અને તેના કુટુંબની ખાતર પોતાનો જીવ જતો કર્યો. આવી રીતે તેણે મનુષ્યપણાની ઉત્તમ ફરજ બજાવી.

સાર—ધર્મીષ્ટપણાનો દાવો કરનાર ઘણા માણસો ઉપરની વાતમાં કહ્યા પ્રમાણે તો નહિજ પણ પોતાના જ્ઞાતિ ભાઇઓ, કુટુંબીઓ કે મિત્રોની થોડી ઘાસરેસ પણ સહન કરવાને અશક્ત જોવામાં આવે છે. પણ જાણવું જોઇએ કે જે માણસ હંમેશાં તન, મન, ધનથી પરોપકાર કરવા તત્પર રહે છે, તેજ ખરા ધર્મિષ્ટ કહેવાય એમ શાસ્ત્રોની આજ્ઞા છે.

---

૭૩ પાત્રાપાત્ર વિચાર.

મન મંજુસ ગુન રત્ન પર ચૂપક દીજે તાલ;
ગ્રાહક હૈ તબ ખોલીએ કુંચી બચન રસાલ.

એક સોદાગર જે ઘણો તત્વજ્ઞાની હતો તે એક વખત પોતાની સાથે હીરા, માણેક વિગેરે કેટલુંક ઝવેરાત લઇ જંગલમાં થઇ મુસાફરી કરતો હતો. એટલામાં દૈવયોગે લુટારાઓની એક ટોળી આવી લાગી, તેઓએ સોદાગર પાસેનો સઘળો સામાન અને ઝવાહીર લુંટી લીધું, આથી તેને સ્વભાવિક રીતે અલ્પ વખત માટે ઘણો ખેદ થયો, પણ એ નાશવંત ધન માટે અફસોસ ન કરવાની તેનામાં જ્ઞાનશકિત હતી એટલે ધીરજ ધરી, કારણ કે પોતાના ઉત્તમ જ્ઞાનને તે દુનિયાના માલ કરતાં અધિક કિંમતી ગણતો હતો.

લુંટારા માલ લઈ ચાલતા થયા તેને (પોતાના ઉચ્ચ જ્ઞાનનો બોધ આપવાના ઇરાદાથી) સોદાગરે ઉભા રાખી ઉપદેશ કરવા માંડયો કે, "ઓ દુષ્ટ કરણી કરનારા કાફરો, તમોએ મારી ફાની દોલત તો લુંટી લીધી, પણ હજુ સૌથી ઉત્તમ ઝવાહીર જે મારા આ (છાતીપર હાથ મુકી બતાવતાં) દાનેશ દીલમાં હું ધરાવું છું તેને તમે કેવી રીતે લઇ શકવાના છો? માટે આ દુનિયાના તુચ્છ માલ કરતાં આ કિંમતી ઝવાહીર મેળવવાની કોશીશ કરો તો મોટો લાભ પામશો."

પેલા ચોરો તો ભોળા જંગલી તે ફીલોસોફરની ફીલસુફીભર્યા ભાષણમાં શું સમજે! પરંતુ સોદાગરે નસીહત કરવાં છાતીપર હાથ મુકેલ તેપરથી તે એટલું સમજયા કે "અમારી લુંટમાંથી

બચાવવા તે સોદાગર એકાદ જવાહીર ગળી ગયો હશે " તેથી તેઓ તુરત તેના અંગપર તુટી પડયા અને ખંજર વડે તેનું હાનેશ દીલ ચીરી નાખી બોલ્યા કે—" આ રીતે મેળવીશું." બિચારા સોદાગરના શરીરને કાપતાંકુપતાં અંદરથી કાંઇ મળ્યું નહિ એટલે ચોરો ત્યાંથી નાસી ગયા.

સાર—અક્કલમંદોએ પોતાના ઉચ્ચ વિચારોનો ઘટતે ઠેકાણે ઉપયોગ કરવો જોઇએ. અપાત્રે જ્ઞાન દાન વિપરીત પરિણામ લાવનારૂં થાય છે તે આ દૃષ્ટાંતથી સમજાય છે.

૭૪ ભેદી જવાબ.

ગુહાર્થ વાતો જ્ઞાનિની શઠથી નહિ સમજાય;
તજી બીજ બદામનાં ખાંતે છીલટાં ખાય.

એક હોઢ ડાહ્યા માણુસે એક દરવેશને નીચલા ત્રણ પ્રશ્નો પુછયા:-

(૧) ઇશ્વર સર્વ ઠેકાણે છે, એમ કહેવામાં આવે છે, પણ હું તો તેને કોઇ જગાએ જોઇ શકતો નથી માટે તે કયાં છે? તે દેખાડો.

(૨) હરેક કામ માણુસ ઇશ્વરી પ્રેરણાથી કરે છે. ઇશ્વરની મરજી ઉપરાંત માણુસ કાંઇ કરી શકે નહિ. કારણ કે માણુસને કાંઇ આપખુદ સત્તા નથી, અને એવી સત્તા જો હોય તો માણુસ પોતાના સ્વાર્થ અર્થે કંઇ કરવાને કચાશ રાખે નહિ. આમ છે ત્યારે પાપી માણુસને શિક્ષા શા માટે કરવામાં આવે છે?

(૩) નાપાક સેતાન જ્યારે અગ્નિ તત્વમાંથી બનેલો છે ત્યારે તેને દોજકની શિક્ષા નકામી છે. કારણ કે દોજકની અગ્નિ તેને જાણુવાજોગ અસર શું કરી શકે?

આવા પ્રશ્નો સાંભળી તેના જવાબમાં કાંઇ પણ નહિ બોલતાં દરવેશે એક માટીનું ઢેફું ઉંચકી પેલાના માથામાં માર્યું. તેથી તે ભાઇને ઘણો ગુસ્સો લાગ્યો અને લાગલો કાજી સાહેબ પાસે જઇ ફરિયાદ કરી કહેવા લાગ્યો કે "ફલાણા દરવેશને મેં ધર્મ સંબંધી ત્રણ સવાલો પુછયા તો તેણે મને કંઇ જવાબ ન આપતાં માથામાં માર્યું, માટે તેને બોલાવી યોગ્ય શિક્ષા કરશો."

ન્યાયમૂર્તિએ પેલા દરવેશને તેડાવી પુછયું કે "સાંઇ, તમોએ આ માણસના સવાલોનો સીધો જવાબ આપવાને બદલે તેનું માથું ભાગ્યું, તેનું કારણ શું? તમારી દરવેશોની ફરજ એ છે કે કોઇ કાંઇ પુછે તેને ઘટતો ખુલાસો આપવો જોઇએ. નહિ કે સામે લડવા ઉઠવું." દરવેશે જવાબ દીધો કે "સાહેબ, એ માટીનું ઢેકુંજ તેના બેહુદા પ્રશ્નોનો બંધબેસ્તો જવાબ હતો." એમ કહી તેણે ખુલાસો કર્યો કે—

(૧) તે કહે છે કે માથામાં દુઃખાવો થાય છે. તો હું પુછું છું કે એ થતો દુખાવો મને બતાવે, તો હું તેને ઇશ્વર કયાં છે તે બતાવું.

(૨) બીજું એ કે તેને આપના પાસે ફરિયાદ કરવા આવવાનું કંઇ કારણ ન હતું, કેમ કે મેં જે કામ કર્યું છે તે ઇશ્વરી પ્રેરણાથીજ કર્યું છે. તે પવિત્ર પિતાની મરજી ઉપરાંત મેં કંઇ તેને ઢેકું માર્યું નથી. કારણ કે મને કાંઇ આપખુદ સત્તા નથી.

(૩) અને તે જ્યારે એક માટીના તત્વમાંથી બનેલો છે ત્યારે એવું એક તત્વ ઢેકું માથામાં દુઃખકારક જાણવા જોગ અસર શું કરી શકે?

પેલો કહાપણ ડોળનાર માણસ આ ચાનકરૂપી ખુલાસો સાંભળી, પોતાના પ્રશ્નોના ખરેખરા જવાબો મળી ગયા જાણી આદયો ગયો. કાજી સાહેબે આવા રાસ્ત ખુલાસા માટે દરવેશને ધન્યવાદ આપ્યો.

૭૫ અજ્ઞાન દશા વર્ણન.

પાણી મથે ઝુપડાં મુરખ ઉંઝ મરન,
સાખાં ઓડા સી પ્રિંય લુછેંતા ન લોન;
ધમ ન સુજાણુ ન પોએ ધાઉંકન મુકન જીઉં.

ઉત્તર હિંદુસ્તાનના એક ગામડામાં એક ઘણોજ ભોળો માણસ રહેતો હતો. અમેરિકા વિગેરે દેશોમાં એપ્રીલ મહિનામાં એક બીજાને એપ્રીલ ફુલ બનાવવાનો રિવાજ છે, તેમ હિંદુસ્તાનમાં હોળીના દિવસોમાં હિંદુ લોકોમાં એક બીજાની મશ્કરી કરવાનો ચાલ છે. ઉપર જણાવેલા ગામડાના આનંદી યુવાન માણસોને આ ભોળા માણસની મજાક કરવાનું ઠીક લાગ્યું. પહેલાં તો તેઓએ એને દારૂ પાઇને ગાંડો બનાવી દીધો. પછી તેને તેના એક અત્યંત વિશ્વાસુ મિત્ર પાસે મોકલ્યો, જ્યારે એ માણસ પેલા પોતાના સહ્રદય મિત્ર પાસે પહોંચ્યો, ત્યારે તે મિત્રે પોકેપોકે રડવા માંડયું ને આંખમાં આંસુ લાવી પેલા મુર્ખને કહ્યું કે-'ભાઇ, બહુ માઠો બનાવ બન્યો છે, તારી સ્ત્રી રંડાઇ છે." હું હમણાંજ તારે ઘેરથી ચાલ્યો આવું છું ત્યાં તે બિચારી વિધવા થઇ બેઠી છે," એ સાંભળી પેલો મુર્ખ માણસ પણ રડવા લાગ્યો ને પોતાની સ્ત્રીના વિધવાપણા માટે લાગી આવતાં બહુજ વિલાપ કરવા લાગ્યો. કોલાહલ સાંભળી બહારના લોકો આવ્યાં અને તેને છાનો રાખી પુછવા લાગ્યાં કે "ભાઈ, આટલો બધો શા માટે રડે છે?" તો જવાબ આપ્યો કે "મારી સ્ત્રી વિધવા થઇ છે, રડું નહિ તો શું કરૂં?" લોકો કહેવા લાગ્યા કે અરે એવું તે કેમ બને? તમો તેના પતિ જીવતા બેઠા છો ત્યાંસુધી એ વિધવા કેમ થાય?"

પેલો મુર્ખદાસ તો સમજેજ શેનો ! તેણે કહ્યું જતા રહો અહીંથી, તમે કાંઇએ સમજતા નથી. આ મારો મિત્ર હમણાંજ મારે ઘેરથી મારી સ્ત્રીને વિધવા જોઇને આવ્યો છે. એ કહે તે ખોટું હોયજ નહિ. લોકોએ એક બીજા સામુ હસીને કહ્યું, જુઓ તો કેવી અત્યંત અસંભવિત વાત છે, ગમે તેટલું સમજાવતાં છતાં પણ સમજતો નથી કે જયાંસુધી પોતે જીવતો હોય ત્યાંસુધી તેની સ્ત્રી વિધવા ન થાય. આ મુર્ખ સાથે માથાફોડ કરવી વ્યર્થ છે. એમ કહી સૌ ચાલ્યા ગયા.

સાર—આપણે આ મુર્ખની વાર્તા સાંભળીને હસી પડશું પણ જગતના તમામ બાહ્ય ધર્મો અને દંભી અભિમાની તથા વ્યવહારીક લોકો તરફથી પણ આવી અસંભવિત મુર્ખતાજ કરવામાં આવે છે. આપણામાં આપણે સ્વાત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ વિરાજમાન છે છતાં તેનો સાક્ષાતકાર કરવાના જ્ઞાનને અભાવે આપણે રડાકુટ કરીને પુકારીએ છીએ કે-અમને કયારે સુખ મળશે. એ પેલા મુર્ખ માણસના જેવીજ આપણી અજ્ઞાનતા છે. માટે એ પધ્ધતિનો ત્યાગ કરી અંતરમાં રહેલા સ્વર્ગનો—આત્માનો પ્રભુતાનો સાક્ષાત કરી સુખી બનો.

૭૬ ચૈતન્ય શક્તિ.

જાહિ પરાક્રમ સો બડો લઘુ દીરઘ નહિ હાર;
અંકુશ દીપક કુલિ સકિત કિત ગજ તિમિર પહાર.

એક વાર પર્વત અને ખિસકોલી વચ્ચે વાદવિવાદ થયો. પર્વતે ખિસકોલીને કહ્યું "તું કેવું તુચ્છ પ્રાણી છે." ખિસકોલીએ ઉત્તર આપ્યો "પર્વતરાજ, અલબત્ત બહારથી તમે બહુ મોટા દેખાઓ છો, પણ બધી બાબતનો પૂર્ણ વિચાર કરવો જોઈએ, અને તેમ કરી જોતાં મારા શરીરના નાનાપણા માટે મને જરાએ હલકું લાગતું નથી. જેમ હું તમારા જેવડી બહારથી મોટી તો નથી, પણ તેવીજ રીતે તમે મારા જેટલા ચૈતન્યવાળા પણ નથી. હું તમારા માથાપર ચઢીને નાચી કૂદી શકું છું તેમ તમે મારા માથાપર ચઢવાની તાકાત ધરાવતા નથી. મારી પીઠપર એકાદ નાના જંતુને પણ હું ચઢવા દેતી નથી ત્યારે તમારી પીઠપર તો હજારો નાના મોટાં પ્રાણીઓ ફરે છે તેને તમે અટકાવી શકતા નથી. અલબત્ત હું મારી પીઠપર મોટાં અરણ્યો ધારણ કરી શકતી નથી તેમ તમે એક ફળ પણ તોડી શકતા નથી. આવી રીતે હું ચૈતન્ય છું તમે જડ છો. હું મને પોતાને માટે શ્રેષ્ટ સમજું છું."

સાર—યાદ રાખવું કે આપણા નાના શરીરમાં ચૈતન્યરૂપે ઇશ્વર રહ્યા છે, માટે પોતાને નાના, નજીવા, તુચ્છ નહિ સમજતાં આનંદી, ઉત્સાહી અને સુખી બનો.

૭૭ ખાડો ખોદે તે પડે.

કરે તેવું પામે ને વાવે તેવું લણે;
સે સમજે ચિતમે ત ખડકે જીન ખણે.

એક હુશદખોર ઘાંચીની પડોશમાં એક કુંભાર રહેતો હતો. તેનો એક ગધેડો સ્વભાવિક ખાસીયત પ્રમાણે ઘણું ભુંકયા કરતો. આથી ઘાંચીને ઘણો કંટાળો આવતો. એક રાત્રે જ્યારે ઘાંચી બીછાને જઇ સૂતો કે ગધેડાએ પોતાનું મધુર ગાયન શરૂ કરી દીધું. ઘાંચીની ગુલાબી નિંદ્રામાં અંતરાય પડવાથી તે ઘણો ક્રોધિત થયો અને ખુદા પાસે દુવા માગવા લાગ્યો કે "યા પરવરદેગાર, આ ગધેડાને તું આજ રાતમાંજ મારી નાંખજે તો હું મારાપર તારી મોટી મહેરબાની સમજીશ."

જ્ઞાની પુરૂષો કોઇના માટે ખરાબ દુવા માગતાજ નથી. પોતે દુઃખ ખમીને પણ સર્વદા સૌનું ભલુંજ ઇચ્છે છે, પરંતુ અજ્ઞાની માણસો પોતાનોજ સ્વાર્થ ઇચ્છી બધાનું ભુંડું તાકયા કરે છે, જેમાં તે હંમેશાં ફાવતા નથી કેમ કે ઇશ્વરી કાર્યો તો તેના નિયમ પ્રમાણે થયા કરે છે જેમ કહેવત છે કે "સતી શ્રાપે નહિ ને કુત્ડના લાગે નહિ, અને ખાડો ખોદે તે પડે" એ મુજબ તેજ રાતના તે ઘાંચીનો બળદ મરી ગયો કે જેનાપર તેની આજીવિકાનો આધાર હતો. સવારે ઉઠયો ત્યારે આવી ઉલટી સ્થિતિ જોઇ ઘાંચી ગભરાયો અને ખુદા પ્રત્યે બોલ્યો કે "યા અલ્લાહ તું બળદ અને ગધેડાને પણ ઓળખી શકયો નહિ." પાછળથી તેને

પોતાની ભુલ સમજાઇ કે કોઇનું ખરાબ તાકવા જવાં પોતાનુંજ ભુંડું થાય છે.

સાર—ઈર્ષાખોર માણસ બીજાનું ભુંડું ઇચ્છે છે ત્યારે કુદરત તેનેજ તેની શિક્ષા અવશ્ય કરે છે એટલુંજ નહિ પણ એવી કુટેવવાળો માણસ બીજાને સુખી જોઇ વિના અગ્નિએ બળે છે એજ સજા તેને પુરતી છે. માટે સમજુ માણસે કોઇની ઈર્ષા કરવી નહિ.

૭૮ ચતુરની શિક્ષા.

જીસ મુલકકા બાદશાહ અહમક હોવે વો મુલક સીતાબી જાવે;
કોઇ છીન લેવે યા ઉજાડ હોવે હર તરહસે બદી દીખાવે.

એક રાજા પોતાની રૈયત પ્રત્યેની ફરજ બજાવવામાં ઘણો બેદરકાર રહેતો હતો તેથી કારભારીઓ પ્રજાપર અનેક રીતે જુલમ ગુજારતા. પોતાનાં ઘર ભરતા અને મસ્ત થઈ ફરતા. રાજ્યમાં ચોફેર અંધેર ચાલી રહેલું હતું પરંતુ રાજાને કાને એ વાત લઇ જવાની કોઇ હિંમત કરી શકતું નહિ કેમ કે હાકેમોની ઇતરાજીથી સૌ ડરતા હતા.

એક રાત્રે તે રાજાને સ્વપ્નું આવ્યું તેમાં તેણે ત્રણ ઉંદરો દીઠા, જેમાંનો એક માતેલો, બીજો તવાએલો (દુર્બળ) અને ત્રીજો આંધળો હતો. મસ્ત ઉંદર નબળા ઉંદરને દુઃખ આપતો હતો અને આંધળો ઉંદર એક બાજુ ગુપચુપ પડયો હતો. આ સ્વપ્નની મતલબ જાણવા તેણે એક જોષીને પૂછયું કે " આ રીતના સ્વપ્નનો અર્થ શું થાય છે ? "

પંડિતે સ્વપ્નાનો અર્થ બહુ ડહાપણથી અને રાજાની કાંઇ પણ બીક રાખ્યા વગર કહ્યો કે " રાજેંદ્ર, મને માફ કરજો પણ સ્વપ્નનો ખરો મતલબ આપ જાણવા માગો છો તો તે આવી રીતે છે."

" જે ઉંદર માતેલો જોયો તે આપના રાજકર્મચારીઓ છે, જે તવાએલો હતો તે આપની રૈયત, અને જે આંધળો હતો તે

આપ પોતે-એટલે કારભારીઓ પ્રજાને ત્રાસ આપી નાણાં કઢાવી પોતે મસ્ત બન્યા છે તે તરફ આપનું લક્ષ ખેંચાતું નથી."

આ હકીકત સાંભળી શાણો રાજા બીલકુલ. ગુસ્સે નહિ થતાં પંડિતપર પ્રસન્ન થઇ તેને ઇનામ આપી વિદાય કર્યો. ત્યાર પછી તે સાવધાનપણે દરેક કામ જાતે તપાસવા લાગ્યો, જેથી જુલમી ઉમરાવોનો દોર તુટી જતાં રૈયત આબાદ થઇ અને પેલા સત્યવકતા પંડિતને અનેક શુભાશિંવાદો મળ્યા.

સાર—વિદ્વાન પુરૂષો આવી રીતે યુકિતસરના બોધ આપી અવળે રસ્તે ચડેલા મોટા માણસોને રોકે છે. એમ કરતાં વખતે પોતાપર કષ્ટ આવી પડવા સંભવ હોય તો પણ તેની દરકાર નહિ કરતાં તે સમાજનું હિત કરવા તત્પર રહે છે.

૭૯ સર્વનો પ્રભુ એકજ છે.

અંગ્રેજો કહે ઇસુ ખ્રિસ્ત ખરો તારનાર,
પ્રભુનો છે પુત્ર અમે ભાવે તેને ભજીયે,
આર્ય જનો કહે ખરા ઇશ્વરી અંશાવતાર,
રામ કૃષ્ણાદિક અમે તેને કેમ તજીએ,
મહમદીયન કહે મહમદ એજ ખરો,
પારસીઓ કહે અમે પાવકને પુજીએ,
શી રીતે મમત્વ તજી સર્વ એકમત થાય,
સૌને સાચા કહ્યા વિના સંપ કેમ સજીએ?

ઇસમાઇલી મીશનરીઓમાં વર્તમાનકાળમાં મુખી જમાલભાઇ મેઘજી જુનાગઢવાળાનું નામ એક ઉત્તમ વકતા તરીકે મશહુર હતું. તેમણે પોતાની જીંદગીનો મોટો ભાગ ગામોગામ ફરી ઇસમાઇલી ખોજા જ્ઞાતિને ધાર્મિક ઉપદેશ આપવામાં ગુજાર્યો હતો. તે મહાત્માએ અનુભવેલું આ નીચેનું દૃષ્ટાંત તેઓના મુખથી સાંભળ્યું તે મુજબ તેવાજ શબ્દોમાં નીચે લખું છું.

"એક વખત રેલ્વે ટ્રેનમાં મુસાફરી કરતાં મને ધોળા જંકશન સ્ટેશનમાં રાતવાસો રહેવું પડયું હતું. જે વીશીમાં હું ઉતર્યો હતો, તેની બાજુમાં એક મુસલમાનની દુકાન હતી. સવારના ઉઠી હું ઓટલાપર દાતણ કરવા બેઠો તેટલામાં એક હિંદુ તે દુકાનપર કંઇ સોદો લેવા આવ્યો. આ વખતે દુકાને તે દુકાનદારની સ્ત્રી હતી તેણે સામાન તોળી આપ્યો અને પેલા ગ્રાહકના છેડામાં મુકતાં "બિસ્મિલ્લા હિર રહમાનિર

રહીમ." નો ઉચ્ચાર કર્યો. આ વાક્યનો અર્થ "કૃપાળુ અને દયાળુ ખુદાના નામથી શરૂ કરૂં છું." એવો થાય છે, અને દરેક મુસલમાનો એ વાક્ય મુખપાઠ રાખે છે, જેમાં ઘણા તો તેનો વ્યવહારમાં ઉપયોગ પણ કરે છે. તે મુજબ એ બાઇએ તે સવારના પહેલા આવનાર ગ્રાહકને સોદો આપતાં એ બોલોનો ઉચ્ચાર કર્યો હતો, પરંતુ પેલો અજ્ઞાન માણસ જેને મતલબની ખબર ન હતી તેને આ બોલો રૂચ્યા નહિ. તેણે કહ્યું કે "મરે તારો અલ્લા." આ સાંભળી પેલી બાઇ ગુસ્સામાં બોલી "મરે તારો રામ. મુવા કાફર, મારા અલ્લાહને શા માટે મારે છે." આમ બોલતાં તેઓ વચ્ચે વઢવાડ થઇ પડી. માણસો એકઠાં થઇ ગયાં. મેં વચ્ચે પડી પેલા હિંદુને સમજાવ્યું "દીવાના, અલ્લાહને ભગવાન એ એકજ નામ છે. હિંદુઓ જેને ઇશ્વર, હરિ, ભગવાન અને રામ કરી કહે છે તેને મુસલમાનો અલ્લાહ, ખુદા, રહીમાન વગેરે નામે બોલાવે છે. તું કાંઇ અણસમજુ દેખાય છે કે, આવી બાબતમાં નાહક તકરાર કરે છે." ત્યાં મળેલા બીજા માણસો પણ મારી વાતને મળતા થયા તેથી તે તકરાર કરનાર હિંદુ તો શરમાઇ ચાલ્યો ગયો, પણ પેલી બાઇ તો હજીએ કહેતી હતી કે "અલ્લાહ કદી મરેજ નહિ એ તો હિંદુઓના ભગવાન મરે."

સાર—ખેદની વાત એ છે કે આવીજ રીતે આપણા દેશી ભાઇઓ ધર્મના નામે પોતપોતામાં જઘડા કરી દેશને પડતી દશામાં લાવી મૂકે છે, અને ધર્મને કલંકિત કરે છે, કારણ કે કોઇબી ધર્મમાં એકબીજામાં વેરભાવ રાખવાનું ફરમાન હોય એમ સંભવતું નથી.

૮૦ અજ્ઞાન તિમિર.

રાકાપતિ ષોડશ ઉગહિં, તારા ગણ સમુદાય;
સકલ ગિરિ ન દવ લાઇયે, રવિ બિનું રાતિ ન જાય.

અર્વાચીન સમયમાં હિમાલયના એક પ્રદેશમાં એવા જંગલી લોકો રહેતા હતા કે જેઓએ કદી દીવો કે અગ્નિ આદિ રોશનીજ દીઠી ન હતી, એટલુંજ નહિ પણ અગ્નિ વિષેનું તે અરણ્યવાસીઓને ભાનજ ન હતું. સુકી માછલી અને રાંધ્યા વગરનો સૂર્યના તાપે પકાવેલો ખોરાક ખાઇ તેઓ પોતાનો નિર્વાહ કરતા હતા. સાંજ પડયા પહેલાં તેઓ સૂઇ જતા અને સુર્ય ઉગ્યા પછી ઉઠતા, તેથી તેઓને અંધારા સબંધી વિશેષ વિચાર કરવાનો પ્રસંગજ પ્રાપ્ત થતો નહોતો. તેમના સ્થાનની સમીપમાં એક ગુફા હતી જેમાં હંમેશાં ગાઢ અંધારૂં વ્યાપી રહ્યું હતું, પણ એ બિચારાઓને અંધારૂં શું છે, તેની ખબર નહિ હોવાથી, એ અંધારૂં તો એમને મન કોઇ મોટો રાક્ષસ હતો. એ રાક્ષસને હાંકી કાઢી ગુફામાં શું છે તે જોવાની તેઓની બહુ ઇચ્છા હતી, પણ એ કેમ દૂર થાય તે તેઓ જાણતા ન હતા. એ રાક્ષસને ખસેડવાની સૌ જુદી જુદી કલ્પના કરતા હતા. એકે કહ્યું કે "જો આપણે તેની પુજા કરીએ તો તે રાક્ષસ ગુફાનો ત્યાગ કરી જાય." બીજાએ સલાહ આપી કે "અપવાસ કરવાથી જશે." એવીજ રીતે કોઇએ દાન આપવાનો વિચાર દર્શાવ્યો તો કોઇએ કાંઇ બીજી ક્રિયા કરવા કહ્યું અને તે પ્રમાણે તેઓએ એવા અનેક ઉપાયો કર્યા પણ ગરીબ બિચારા જંગલીઓના અગ્નિના અજ્ઞાનને લીધે એ અંધારૂં દૂર થયું નહિ.

છેવટે એક પરદેશી બુદ્ધિશાળી મનુષ્ય ત્યાં નીકળી આવ્યો. તેણે પેલા જંગલીઓની હકીકત સાંભળી તેલની એક મશાલ સળગાવી આપી, તેઓને ગુફામાં મોકલ્યા. દીવો લઇ તેઓ બધે ફરવા માંડયા પણ રાક્ષસ મળેજ કયાંથી કેમ કે પ્રકાશ થતાંજ અંધકારરૂપી રાક્ષસ રહ્યોજ ન હતો.

સાર—આપણી અંતઃકરણરૂપી ગુફામાં અજ્ઞાનતાએ અંધકાર છે, એજ રાક્ષસ સર્વને દુઃખ આપનાર છે. જ્ઞાનરૂપી દીપક સિવાય એ અજ્ઞાનરૂપી તિમિરને દૂર કરવા માટે આપણે અન્ય ગમે તેટલા ઉપાયો કરશું પણ તે સર્વ વ્યર્થ જવાના.

૯૧ મશ્કરીનું માઠું ફળ.

જે જન મશ્કરી કરવા જાય, મોડો વહેલો તે સપડાય;
જુઠાણું જલદી પકડાય, આખર જુઠો જન પસ્તાય.

યુરોપીયન લોકોની એક વાત છે કે એક હોટલમાં રાતને સમયે પાંચ સાત જવાનિયા ખાણું ખાવા બેઠા હતા. દારૂ જોઇએ તેવો ઉંચો ન હોવાથી એક દોસ્તે એવી ઇચ્છા બતાવી કે મારૂ ઘર પાસે છે, તેથી હું થોડા વખતમાં સારા દારૂની બે બાટલીઓ હમણાંજ લઇ આવું છું, એમ કહી તે ગયો.

તેના ગયા પછી તેમાંના એક મિત્રે કહ્યું કે "રાતનો વખત છે જેથી મારા મનમાં એમ આવે છે કે આપણો સાથી જે દારૂ લેવા ગયો છે તે પોતાને ઘેરથી પાછો ફરે ત્યારે રસ્તામાં કોઇક રીતે તેને બહીવડાવી મજાક કરવી." સર્વે મિત્રોએ આ દરખાસ્ત બહાલ રાખી, જેથી એ દરખાસ્ત મુકનાર છોકરાએ એક મુવેલા બળદનું શીંગડાં સાથેનું ચામડું માથે ઓઢયું અને હોટેલથી થોડેક છેટે એક ઝાડીમાં ભરાઇ બેઠો કે, જે રસ્તેથી પેલો મિત્ર પસાર થતાર હતો. બધા મિત્રો આ તમાસો જોવા ઉત્કંઠાથી હોટેલની બહાર આવી ઉભા. થોડી વારમાં પેલો મિત્ર દારૂની બાટલીઓ લઇ આવી પહોંચ્યો. સઘળાઓએ તેને પુછયું કે "ભાઇ, તમને રસ્તામાં કાંઇ અડચણ પડી?" તેણે કહ્યું કે "માર્ગ માંહેની ઝાડી પાસે એક લુંટારાએ બળદનો વેશ ધારણ કરી મારાપર હુમલો કર્યો, પણ મેં તેને મારી તરવારથી મારી નાંખ્યો." આ સાંભળી સઘળા મિત્રો આંગળાં કરડવા લાગ્યા અને ઝાડી પાસે જઇ જુએ છે તો પોતાના

મિત્રને લોહીલુહાણ થઇ પડેલો દીઠો. તે મરણ પામ્યો હતો. મસ્કરી ભારે પડી અને સર્વે પસ્તાવો કરવા લાગ્યા પણ કામ શું આવે.

સાર—મુર્ખાઇભરેલી મશ્કરીનું પરિણામ કેવું ઉપજે છે તે ઉપરના દૃષ્ટાંતથી સમજાય છે. જેઓ બેવકુફ હોય છે તેઓજ આવી મશ્કરી કરે છે. ખુશ મશ્કરી અને ઉપર બતાવેલી મશ્કરીમાં જમીન આસમાન જેટલો તફાવત છે. અઘટીત મશ્કરી કરનાર સામા માણસનો અથવા પોતાનો જીવ જોખમમાં નાંખે છે.

૮૨ પ્રમાણિકપણાની કસોટી.

સજ્જન સબ જુગ સરસ હે, જબ લગ પડયો ન કામ;
હેમ હુતાશન પરખિયે પિત્તલ નીકલ્યો શામ.

કરમસદનો એક પાટીદાર મેટ્રીકની પરિક્ષા પસાર કરી નોકરી શોધવા નડીઆદ ગયો. બહુ ઠેકાણે રખડયો પણ તે ફાવી શકયો નહિ. કેમ કે કોઇકે કહ્યું કે તું હિસાબમાં કાચો છે, અને કોઇકે કહ્યું તને દેશીનામું બરાબર આવડતું નથી. આથી તે નીરાશ થઇ લાયબ્રેરીમાં ગયો અને તેજ દિવસ આવેલાં પત્રોનાં છેવટનાં પાનાં બહુ ધ્યાનથી વાંચવા લાગ્યો; તો અમદાવાદના એક પાદરીએ આપેલી જાહેરખબર તેના જોવામાં આવી. જેમાં એક મહેતાગીરીની નોકરી માટે ઉમેદવારોને રૂબરૂ મળવા જણાવેલું હતું, તેથી તે વગર વિલંબે ત્યાં મુલાકાત માટે રેહવે ટ્રેનમાં ઉપડી ગયો.

પાદરી સાહેબ હજુર પહોંચ્યો તે વખતે તેઓ ચ્હા પીતા હતા. વાતચીત કરતાં સાહેબને જણાયું કે છોકરો હુશિયાર છે તો પણ બીજી સર્વે ખાત્રી કરવા માટે એને કસોટીપર ચડાવવો જોઇએ, એમ ધારી ઉમેદવારને ઉદ્દેશી કહ્યું "કરસનદાસ, ચાહનો કપ જરા લેશો ?" પેલાએ કહ્યું "સાહેબ, અમારા ધર્મ શાસ્ત્ર પ્રમાણે એ થકી મારી કાયા ભ્રષ્ટ થાય માટે હું ક્ષમા ચાહું છું." સાહેબ બોલ્યા "જુઓ, કરસનદાસ, મારે ત્યાં બે જગ્યાઓ ખાલી છે, એક પચાસની ને બીજી પંદરની. પચાસની નોકરી મુનિમની છે. જો તમે ચ્હાનો કપ લો તો એકદમ એ જગા તમને મલી શકે નહિ તો બીજી હલકી નોકરી પંદરની છે તે મલશે. આવતી કાલે

તમે મને વિચાર કરી જવાબ આપજો." કરસનદાસે તો પચાસ કે પંદર નહિ પણ દસ બાર રૂપીઆના પગારની આશા રાખી હતી તેથી પચાસની નોકરીનું નામ સાંભળી તે બહુ હરખાઇ ગયો. ઘેર જઇ વિચાર કરવા લાગ્યો કે "એક કપ ચ્હા પીધાથી શું બગડી જવાનું છે, મને ત્યાં કોણ જોઈ શકનાર છે કે ન્યાત બહાર થવાનો ભય રહે. એથી ઉલટા બે ત્રણ વિચારો પણ તેના મનમાં આવ્યા. અંતે પચાસ રૂપીઆના પગારના લોભ સામે તે ટક્કર ઝોલી શકયો નહિ અને બીજે દહાડે પાદરી સાહેબ પાસે જઇ ચ્હા પીવી કબુલ કરી. પાદરી સાહેબે કહ્યું—"ગઇ કાલે તમે મને કહેતા હતા કે તમારી ચ્હા પીવાથી મારી કાયા ભ્રષ્ટ થાય અને આજે તમે ધર્મની અવગણના કરવા તૈયાર છો, મને એવો વિશ્વાસ આવતો નથી કે સેંકડો રૂપીઆનો વહીવટ તમને સોંપી દઉં જેથી હું તમને નોકરીમાં રાખી શકતો નથી." કરસનદાસે કહ્યું "સાહેબ, પચાસની નહિ તો પંદરની જગા તો આપો." સાહેબે કહ્યું—"તમારામાં માનસિક દૃઢતા નથી માટે તે પણ તમને નહિ મળે." નીરાશ થઇ કરસનદાસ પોતાને ઘેર પાછો ફર્યો અને કચુપચુ વિચારો માટેની શિક્ષા થએલી સમજી નીતિનો ધડો શીખ્યો.

સાર—દુનિયામાં લાલચનો પ્રસંગ એ મનુષ્યની ઇમાનદારીની કસોટી સમજવી. લાલચમાં લપટાઇને જે લોકો ધર્મના ફરમાનોનું ઉલ્લંઘન કરે છે તે પોતાપર આ લોકને પરલોકની હલાકી વહોરી લે છે, પણ એવે પ્રસંગે જે અડગ રહે છે તેજ દીન દુનીયાના ફાયદા મેળવી શકે છે.

૮૩ બંદગીની જરૂર.

રામ નામકો આળસુ ભોજનકો હુશિયાર,
તુલસી એસે જીવકું વાર વાર ધિક્કાર.

એક ચોક્કસ સંપ્રદાયના આચાર્યજી પોતાના શિષ્યોને ધર્મનો ઉપદેશ આપવા નીકળ્યા હતા. એક શહેરમાં આવી પહોંચવાં ત્યાં વસતા કેટલાક ગૃહસ્થ શિષ્યો પોતાના ગુરૂવર્યના દર્શનાર્થે આવ્યા. ગુરૂજીએ તેઓને દુઆ આશિષ આપી ખબરઅંતર પુછ્યા પછી એક આગેવાન શિષ્યને પુછ્યું કે "આ શહેરના સઘળા મારા સેવકો હંમેશાં નિયમિત બંદગી કરવા ધર્મસ્થાને હાજર થાય છે?" જવાબ મળ્યો કે "પ્રભુ, આવે છે ખરા, પણ કેટલાક દુકાનદારો છે તે સાંજના વખતસર દુકાન છોડી બંદગીમાં આવી શકતા નથી." આ સાંભળી ગુરૂજી બોલ્યા કે "જેઓ સાંજના વખતે એક યા બીજા કારણે બંદગી કરવા આવે નહિ તેઓ એ આળસાઈ આદતને લીધે પ્રભાતની બંદગીમાં તો કેમજ આવી શકે? વારૂ, તેઓ દુકાન છોડી જમવા સારૂ ઘરે જાય ખરા? અને દિવસમાં એકાદ વખત કુદરતી હાજતે જવું પડે તો જાય કે નહિ? પેલાએ જવાબ દીધો કે જમવા અને હાજતે ગયા વગર તો ચાલેજ કેમ! તેવે પ્રસંગે તો દુકાન બંધ કરવી જોઈએ અથવા બીજું માણસ બેસાડવું જોઇએ." આ ઉપરથી ગુરૂજીએ કહ્યું કે–"જેવી રીતે ઉપલાં બે કારણથી થોડી વાર ધંધો છોડવો જોઇએ છીએ, તેવીજ રીતે બંદગીના ટાઈમે

પણ દુનિયાની જંજાળોથી મુક્ત થઈ ભક્તિ કરવાની ટેવ દરેક શિષ્યે પાડવી જોઇએ."

સાર—ખુદાની બંદગી કરવાની પુરસદ મળતી નથી એમ કહેવું તે પોતાના ધર્મપર વિશ્વાસ નથી એમ કહેવા બરાબર છે. દુનિયાની અલ્પ કમાણી સારૂ થઇ માણસ રાત દિવસનો ઘણોખરો ભાગ ધંધામાં રોકાય છે તો પેલી દુનિયાના અનંતગણા ફાયદા માટે દરરોજ અમુક વખત બંદગીમાં અવશ્ય ગુજારવો જોઇએ.

૮૪ કાળ ચેતવણી.

બર્ગે દરખ્ત ને સબ્જ દર નજરે હોશિયાર;
હર વર્કે દફતરીસ્ત મઆરફતે કીરદેગાર.

કોઇ મહાત્મા સાધુ એક મહોલ્લામાંથી પસાર થતા હતા ત્યાં રસ્તાપરના એક ઘરની ઓસરીમાં કેટલીક બાઇઓ ઘંટીમાં ઘઉં દળતી હતી, તે જોઇ સાધુ ત્યાં ઉભો રહ્યા અને પેલી બાઇઓની દળવાની ક્રિયા એકી નજરે નીહાળવા લાગ્યો. દળનારીઓ એક હાથે ઘઉં લઇ ઘંટીમાં નાખતી અને બીજે હાથે ઘંટી ફેરવતી એટલે થોડી વારમાં ઘઉં પીસાઇને લોટ નીચે પડતો હતો. આ જોઇ તે સાધુ રોવા લાગ્યો. ઘરનો ધણી તેની પાસે આવી પુછવા લાગ્યો કે "મહારાજ, આપ કેમ રડો છો? શું તમને ભુખ તરસ લાગી છે? તમને કંઇ દરદ થાય છે?" આનો કંઇ ઉત્તર નહિ આપતાં તે તો વધારે વેગથી રોવાજ લાગ્યો. થોડી વારમાં ત્યાં લોકોનું ટોળું ભેગું થઇ ગયું. તે બધા સાધુને રોવાનું કારણ પુછવા લાગ્યા પણ કાઇને કંઇ જવાબ ન આપતાં તેણે તો રોવાનું ચાલુજ રાખ્યું. એટલામાં તે રસ્તે થઇ મહાત્મા કબીર ભગત નીકળ્યા. તેમણે લોકોને પૂછ્યું કે "આ શી ગડબડ છે?" લોકોએ તેમને સર્વ વાત કહી દેખાડી. કબીર તે સાધુ પાસે આવ્યા અને પુછ્યું કે "સંતજી કેમ રડો છો?" ત્યારે સાધુએ પેલી બાઇઓ દળતી હતી તે તરફ આંગળી કરી બતાવ્યું. બસ. આટલાથીજ કબીર તેના રડવાનું રહસ્ય સમજી ગયા, અને તેને તે દળનારીઓ પાસે તેડી ગયા ત્યાં જઇ એક ઘંટીનું ઉપલું પડ ઉંચું કરાવી કાંઇક બતાવ્યું એટલે તે સાધુ એકદમ રોતા બંધ થઇ ગયો અને હસવા લાગ્યો.

આ બનાવથી લોકો આશ્ચર્યચકિત થઇ ગયા. સર્વેએ કબીરજી પાસે અરજ કરી કે "સાહેબ અમે તો આમાં કાંઇ સમજ્યા નહિ, માટે મહેરબાની કરી ખુલાસો કરો." કબીરે કહ્યું "આ સાધુ ઘણા જ્ઞાની પુરૂષ છે તે આવી સ્હેજ બાબતમાં પણ આપણને ઘણો સારો બોધ આપે છે. જુઓ, આ ઘંટીમાં પડતા ઘઉંનો લોટ થતો જોઇ તેમને એમ લાગ્યું કે આપણે સર્વ પણ કાળ-રૂપી ઘંટીમાં દળાઇ જવાના છીએ તેથી તેને રડવું આવ્યું, પણ મેં જ્યારે તેમને બતાવ્યું કે જેમ ખીલડાને આશરે રહેલા ઘઉં પીસાતા નથી તેમ જેઓ પ્રભુને શરણે રહેલા છે તેઓને કાળનો ભય રહેતો નથી, તેથી તે હસવા લાગ્યા." આ ખુલાસાથી સર્વના મનપર ધાર્મિક લાગણી થઇ આવી, અને કાળના મુખ-માંથી બચવું હોય તો પ્રભુને શરણે જવું જોઇએ એવી શિખા-મણ આપનાર ઉકત બંને મહાત્માઓનો ઉપકાર માની લોકો વીખરાઇ ગયા. કબીર ભગત તથા પેલો સાધુ પણ સ્વસ્થાને ચાલ્યા ગયા.

સાર—જ્ઞાની માણસો સ્હેજ બાબતોમાંથી પણ જ્ઞાનનો ઉત્તમ ઉપદેશ ગ્રહણ કરે છે પણ અણસમજુ જડ પ્રકૃતિના માણસો તો રાત દિવસ ઇલમ શ્રવણ કરવા છતાં પણ મતલબ ગ્રહણ કરી શકતા નથી. એવો સમજુ અને અણસમજુ વચ્ચે તફાવત રહેલો છે.

૮૫ કુદરતનો ભેદ અકળ છે.

અનહોની હરિ કર સકે હોવનહાર મિટ જાય;
તુલસી ઐસા સમજ કે મગન રહો મન માંય.

એક સોદાગર પાસેના ગામડામાંથી પોતાની ઉઘરાણીના રૂપીઆની કોથળી છલોછલ ભરી ઘોડેસ્વાર થઇ પોતાને ગામ પાછો આવતો હતો. અર્ધે રસ્તે આવતાં વરસાદ જોસબંધ પડવા લાગ્યો જેથી તે વેપારી ભીંજાઈને તરબોળ થઇ જતાં કુદરત સામે બડબડવા લાગ્યો કે ' ઇશ્વર કેવો નિર્દય છે કે જેણે મને આજ આટલો હેરાન કર્યો. થોડીવાર વરસાદ ન આવતે તો હું સુખરૂપ મારે ઘેર પહોંચી જતે. " આગળ ચાલતાં રસ્તામાં થોડું જંગલ આવ્યું ત્યાં આવતાં વરસાદ પણ પડવો બંધ થયો હતો, પરંતુ એક લુટારો તે વેપારીનો જીવ લેવા પીસતોલ ટાંકતો હતો તે તેણે જોયું. જોતાંજ હોશ ઉડી ગયા. લુટારાની મતલબ સોદાગરને ઠાર કરી તેને લુંટી લેવાની હતી પણ વરસાદના કારણે દારૂગોળો ભીંજાઇ ગયો હતો એટલે પીસતોલ ફુટતી ન હતી. આ તકનો લાભ લઇ સોદાગરે ચારે પગે ઘોડા દોડાવ્યો અને ગામમાં આવી પહોંચ્યો પછી તે પસ્તાવો કરી કહેવા લાગ્યો કે " ખરેખર, કદી પણ કુદરતની ખોડ કાઢવી ન જોઇએ. કારણ કે ઇશ્વર કૃતિ અકળ છે અને જે થાય છે તે કોઇને કોઇ શુભ હેતુ માટે છે.

સાર-ઘણા દોઢ ડાહ્યાને આપણે એમ કહેતાં સાંભળીએ છીએ કે ઇશ્વરે આ આમ કર્યું હતે તો ઠીક થતે ને આનું આમ થવું જોઈતું હતું. પણ જાણવું જોઇએ કે ઇશ્વરી નિયમો હંમેશાં જન હિતકર હોય છે પણ મનુષ્યો તે સમજી શકતાં નથી.

૮૬ બદ દાનતનો બદલો.

શ્રવન સુન્યો નૈનનિ લખ્યો યામેં સંદે નાંહિ;
કુપ જો ખોદે આ નહી પરૈં આપુ તેહિ માંહિ,

એક તાલેવંત માણસે એક દહાડો એક નાણાંની ભરેલી થેલી ખોઇ જેમાં પચાસ સોના મહોરો, પચાસ રૂપીઆ અને હીરાની એક વીંટી હતી. તેણે થાળી પીટાવી કે "જે કોઇ આ થેલી લાવશે તેને પચાસ રૂપીઆ ઇનામ આપવામાં આવશે." એક ગરીબ વિધવાને આ થેલી જડી. બાઇ ઇમાનદાર હતી એટલે તેણે તે થેલી તેના માલીકને આપી. તે વેપારીએ જેવી થેલી મેળવી કે તેની દાનત બગડી. તેણે ત્રીસ રૂપીઆ ડોસીની નજર ચુકાવી ઊંચા કીધા. પછી કહ્યું. કે "ડોસી, આમાં ત્રીસ રૂપીઆ ઘટે છે તે તેં કાઢી લીધા હશે માટે ઇનામના પચાસ રૂપી-આમાંથી ત્રીસ બાદ જતાં વીસ તને મળશે." એમ કહી તેણે વીસ રૂપીઆ ડોસીના હાથમાં આપ્યા. તે લઇ તે ભલી બાઇ ચાલી ગઇ. આ વાત જયારે બીજી ઓરતોએ જાણી ત્યારે તેઓએ હાકેમ પાસે ફરિયાદ કરવા ડોસીને સલાહ આપી. તેણીએ તેમ કર્યું. હાકેમે પેલા વેપારીને બોલાવી મંગાવ્યો. બન્ને પક્ષની હકીકત સાંભળતાં તેની ખાત્રી થઇ કે ડોસી પ્રમાણિક છે. જો તેણીની બદ દાનત હોય તો થેલી વેપારી પાસે રજુ કરેજ નહિ. તેથી તેણે ચુકાદો આપ્યો કે—

"વેપારીની થેલીમાં પચાસ રૂપીઆ હતા પણ આ થેલીમાં તેટલા નથી. અને આ બાઇએ માંહેથી કંઇ કાઢી લીધું હોય એમ

હું માનતો નથી, માટે આ થેલી આ વેપારીની હોવી ન જોઇએ. જેથી ખરા માલીકના અભાવે આ થેલી આ પ્રમાણિક બાઇને સ્વાધિન કરવા હું હુકમ કરૂં છું."

ફેંસલા મુજબ પેલી કીંમતિ થેલી તે ભલી બાઇને મળી. વેપારીની બદદાનતનું ફળ તેને મળ્યું. તે પશ્ચાતાપ કરતો ત્યાંથી ચાલ્યો ગયો.

સાર—આપણામાં કહેવત છે કે 'દાનત તેવી બરકત' અને 'કરે તેવું પામે' માટે અનીતિએ વર્તનારનું કદી કુશળ થતું નથી, એ સમજાવવાનો આ દૃષ્ટાંતનો હેતુ છે.

૮૭ પાખંડ પૂજા.

દુનિયા દિવાની રે બ્રહ્માંડ પાખંડ પુજે
કર્તા વસે ઘટમાં રે મુરખને નવ સુજે-(ધીરો)

એક સન્યાસી જગતને આત્માનો કલ્યાણકારી ઉપદેશ આપવાને ભ્રમણ કરતો હતો. એક વેળા તેણે એક માણસને દિશાઓને નમસ્કાર કરતો જોઇ પુછયું કે "ભાઈ, આ શું કરો છો ?" પેલાએ જવાબ દીધો કે " જે પ્રમાણે કરવાનું મારા બાપે મને કહ્યું છે તેમ હું કરૂં છું." સાધુએ જોયું કે આ માણસ ગાડરિયા પ્રવાહમાં ચાલ્યો જાય છે. એને ખરૂં જ્ઞાન નથી, તેથી તેમણે તેને બોધ આપ્યો કે " તારાં માતપિતા એ તારી પુર્વ દિશા, ગુરૂ તે દક્ષિણ, બૈરાં છોકરા તે પશ્ચિમ, મિત્રો ને સગાં વહાલાં તે ઉત્તર, ધર્માચાર્યો તે ઉપર અને ચાકરનોકર તે નીચે એમ દિશાઓ સમજ."

એમ કહી તેને માબાપ, છોકરાં, ગુરૂ શિષ્ય ઇત્યાદિની પરસ્પર શી ફરજો છે તે સમજાવ્યું અને દિશાઓને નમવામાં કાંઇ સાર નથી પણ ઉપર બતાવ્યા પ્રમાણે સર્વ પ્રત્યે નીતિથી વર્તનાર માણસ ધર્મિષ્ટ થાય છે એ વિગેરે ઉત્તમ બોધ આપ્યો.

સાધુના સદ્બોધથી પેલો પાખંડ પુજનાર પોતાની ભુલ સમજી શકયો. આજ સુધી પોતે અંધારામાં રહ્યો છે એમ તેને જણાયું. એ પવિત્ર પુરૂષનો ઘણો ઉપકાર માની તેનો શિષ્ય બન્યો. ગુરૂએ તેને જ્ઞાનનો ઉત્તમ બોધ આપી એક ઇશ્વરની ભકિત કરવાની વિધિ શીખવી, તેથી આખર તે સદ્ગતિ પામ્યો.

સાર—ઘણા માણસો પત્થર, પાણી કે કબરોની પુજા ભાવથી કરે છે પણ ઇશ્વર જે સ્વયં પ્રકાશમાન ઘટઘટ વ્યાપક છે તે વાતના અજ્ઞાને કરી પોતપોતામાં દુશ્મની ભાવે વર્તે છે. તે ખરા જ્ઞાનથી ઘણા વેગળા છે એમ સમજવું. સર્વ સાથે નીતિથી વર્તવું એ મહાન ધર્મ છે.

૮૮ જાહેલિયતનો ફેજ.

જાહેલ તું મત હોના ભાઇ, જાહેલકું કુછ નહિ નફા ભલાઇ,
વહે ન દુનિયામેં ઇજ્જત પાવે ન આકુબતમે કોઇ ઉસકા સખાઇ.

એક માણસને બંદગી કરવાનો ઘણો શોખ હતો પણ જોઇએ તેવું ઇલ્મ-જ્ઞાન સંપાદન કીધું ન હતું. જાણવું જોઇએ કે એવો અજ્ઞાની આબેદ સેતાનના પંજામાં જલદી સપડાઇ જાય છે. એક વખત રાતના તે બંદગીમાં બેઠો હતો એટલામાં સેતાન ઇન્સાનની સુરતમાં તેના પાસે આવ્યો અને કહેવા લાગ્યો કે હું આસ્માની ફીરસ્તો છું. ખુદાતઆલા તમારી બંદગીથી ઘણા પ્રસન્ન થયા છે તેથી તમને મએેરાજપર તેડાવ્યા છે. બુરાક નીચે હાજર છે તેપર સ્વાર થઇ મારા સાથે આસ્માનોની સહેલ કરવા પધારો.

આ સાંભળી પેલો માણસ ખુશી થયો અને વિચારવા લાગ્યો કે હું હંમેશાં ઘણી બંદગી કરૂ છું તો મને મએેરાજપર આવવાનું તેડુ થાય એ બનવાજોગ છે. તે એટલું સમજી શક્યો નહિ કે ખુદાની મુલાકાતે આ રીતે નથી જવાતું આથી તે પોતાના ભોળાપણામાં સેતાનના ફરેબમાં ફસાઇ ગયો.

સેતાને તેની આંખોપર પાટો બાંધ્યો કેમ કે મુસાફરી ઉંચેની હોતાં ખુલ્લી આંખે ધાસ્તીથી પડી જવાય એમ સેતાને તેને સમજાવ્યું. પછી એક મસ્ત ગધેડો તૈયાર રાખ્યો હતો તેપર બેસાડી, લગામ હાથમાં આપી કિલ્લાની આસપાસની ઉંચી નીચી જગામાં ઘણીવાર સુધી ફેરવી સુર્યોદય થવાને થોડીવાર હતી ત્યારે શહેરના મુખ્ય દરવાજા પાસે લાવી ઉભો રાખ્યો અને બોલ્યો

કે હવે આપણે છેક સાતમા આસ્માનપર આવી પહોંચ્યા છીએ. તમે જરા અહીં થોભો હું હંમણાજ દરવાજાની કુંચી લઇ આવું છું. અહીં સેતાનનો વસવસો ઘણો છે કોઈ આવી તમને કંઇ કહે તો જવાબ આપશો નહિ, આંખના પાટા ખોલશો નહિ, તેમાં ગફલની કરશો તો બધી મહેનત બરબાદ જશે અને ખુદાનો હુકમ ફરી જશે. આમ કહી સેતાન ચાલ્યો ગયો.

સવાર પડતાં હજારો લોકો એ રસ્તે આવજા કરનારા આ વગર પૈસાનો તમાસો જોવા ભેગા થયા અને કહેવા લાગ્યા કે અરે, મિયાંજી, આ શું ફારસ કીધું છે? ગધેડાપર સ્વારી ને આંખે પાટા બાંધ્યા છે. આ શું? એમ ઘણા લોકો પુછવા લાગ્યા. પણ પેલો તો જવાબજ ન આપે. એટલામાં એક માણસે આવી આંખપરનો પાટો તોડી નાંખ્યો. જુએ છે તો પોતાના ગામના દરવાજા પાસેજ હજારો માણસોના ટોળા વચ્ચે પોતે બેઆબરૂથી ગધેડાપર સ્વાર થઇ બેઠો છે. આથી તે ઘણું લજવાણો અને પોતાની અજ્ઞાનતાપર અફસોસ કરતો ઘેર ચાલ્યો ગયો. તે સમજ્યો કે મને સેતાને ફરેબ આપી ફજેત કર્યો છે.

સાર—ભક્તિ કરવી એ ઘણું સારૂં છે, પણ તેનું જ્ઞાન સંપાદન કરવાની કેટલી અગત્ય છે તે ઉપરના દ્રષ્ટાંતથી સારી રીતે સમજાય છે.

૮૯ પ્રમાણિકપણાનું ઇનામ.

સદ્‌વર્તનથી ચાલશે ભજે સદા ભગવાન;
તે પર પ્રભુ રાજી થશે આપે સ્વર્ગ ઇનામ.

ઇટાલીનો રાજા કારડીનલ "ગરીબોનો બાપ" એ નામથી તવારીખમાં યાદગાર રહી ગયો છે. એ દયાળુ રાજાએ એવો ધારો રાખ્યો હતો કે દર અઠવાડીયામાં એક દિવસ હાજતમંદ ગરીબોને પોતાની હજુરમાં આવવા દેતો અને તેઓનાં દુઃખો સાંભળી ઘટતી મદદ કરતો. એક દહાડો એ રીતે તે ગરીબોનો દરબાર ભરી બેઠો હતો. તેટલામાં એક લાચાર વિધવા મદદ મેળવવા આવી. તેણે નમન કરી કહ્યું "દયાળુ પિતા, મારા ઘરના ભાડાના પચાસ રૂપીઆ ચડી ગયા છે તે આપવાની મારી શક્તિ ન હોવાં, ઘરવાળો તકાદો કરે છે, એટલુંજ નહિ પણ તે મારી જુવાન દીકરી પ્રત્યે બુરી નિષ્ટા રાખે છે અગર ઘર ખાલી કરી જવા ધમકી આપે છે." કારડીનલે એક ચેક લખી આપી કહ્યું "મારા ખજાનચી પાસે આ ચીઠી લઇ જાઓ તે તમને પચાસ રૂપીઆ આપશે." બાઈ દુવા દઇ ચાલી ગઇ. ખજાનચીને ચેક આપતાં તેણે તેને પાંચસો રૂપીઆ ગણી આપ્યા. પેલી બાઇએ તેમાંના પચાસ રાખી બીજા રૂપીઆ ખજાનચીને પાછા આપતાં બોલી કે "આમાં કાંઇ ભૂલ છે. મેં પચાસ માગ્યા હતા અને સાહેબે પણ પચાસ લેવા ફરમાવ્યું છે." ખજાનચીએ લેખીત હુકમ મુજબ પાંચસો લેવા હુજ્જત કીધી પણ તે પ્રમાણિક બાઇએ પચાસથી વધારે લેવાની ના કહ્યાથી તે તેણીને રાજા પાસે તેડી લાવ્યો.

ખજાનચીએ રાજા પાસે અરજ કરી કે "નામદાર, આપે આ ચેકમાં આ બાઇને પાંચસો રૂપીઆ આપવા લખ્યું છે પણ તેણી તો પચાસજ લેવા કહે છે." રાજાએ ચેક તપાસ્યો તો ભૂલથી પચાસની સંખ્યાપર એક મીંડું વધારે ચડેલું જોયું. એટલે ગોટાળાનું કારણ તે સમજી ગયો, પણ પેલી બાઇના પ્રમાણિકપણાથી ખુશી થઇ તેણે તે પાંચસોની સંખ્યાપર બીજું એક મીંડું ઉમેરી કહ્યું કે "ભલી બાઇ, તારી ઇમાનદારીના ઇનામ માટે પાંચ હજાર રૂપીઆ લેવા હું ફરમાવું છું. તે તારે લેવા અને તે રૂપીઆ તારી દીકરીના લગ્ન ખર્ચમાં વાપરવા."

બાઇ રાજી થઇ મહારાજાને દુવા આપી પાંચ હજારનું ઇનામ લઇ ઘેર ગઇ. તે રૂપીઆથી પોતાની જુવાન બાળાનાં લગ્ન એક નીતિવાન તરૂણ સાથે કીધાં તેથી તેઓ સર્વ સુખી થયાં.

સાર—પ્રમાણિકપણે વર્તનાર માણસ આ દુનિયામાં તેમજ પેલી દુનિયામાં સદા સુખી થાય છે. જેમ ઉપરના દૃષ્ટાંતમાં ઇમાનદાર બાઇને રાજાએ વધતા ઇનામની નવાજેશ કીધી તેમ હરેક કાર્યમાં હંમેશાં પ્રમાણિકપણે વર્તનાર ઇમાનદાર માણસને રાજાઓનો રાજા ઈશ્વર શું ઇનામ આપવાને સમર્થ નથી?

૯૦ સ્વાર્થની સગાઇ.

સ્વાર્થી સબ સંસાર હે બિનસ્વાર્થી ન કોય;
સબ અપની મતલબ લિયે મિત્ર આમત્ર હિ હોય.

ફ્રાન્સ દેશના લાયન્સ શહેરમાં એક સોદાગર રહેતો હતો, તેને સંતતિમાં માત્ર બે દીકરીઓ હતી. દીકરીઓને સારે ઠેકાણે પરણાવી પિતાએ તેઓને પોતાની મિલ્કત વહેંચી આપી. તે એવી શરતે કે વારા ફરતી અકેક મોસમ તે વૃદ્ધ પિતા દીકરીઓને ત્યાં રહે અને દીકરીઓ તેની આબરૂસહ ખાતરબરદાસ કરે.

એક વરસ વીત્યું એટલે બુઢા બાપે જોઇ લીધું કે મેં મારી અક્કલ વેચી છે. છોકરીઓ અસલનું હેત વીસરી જઇ બેપરવા બની હતી. બાપ સમજ્યો કે પૈસા આપી દઇ હું હલકો પડયો, હવે કંઇ યુકિત શોધવી જોઇએ.

આ સોદાગરને એક સહૃદય મિત્ર હતો તેણે તેની સર્વ હકીકત જાણી લઇ યોગ્ય સલાહ આપી. તે પ્રમાણે તે સોદાગરે એક ઘર ભાડે લીધું અને પેલા મિત્ર પાસેથી પચીસ હજાર રૂપીઆ ઉછીના લઇ ત્રેજુરીમાં રાખ્યા. બીજે દિવસે એ નવા મકાનમાં એક દબદબાભર્યો મેલાવડો ને ખાણું કીધું તેમાં પોતાની બે દીકરીઓ તથા તેના ભરથારોને પણ નોતર્યા હતા. ખાણું પુરૂં થઇ રહ્યું તેટલામાં પેલો મિત્ર દોડતો ને ગભરાતો ત્યાં આવ્યો અને ઘરડા સોદાગર પાસે આજીજી કરી અગત્યના કામ માટે પચીસ હજાર રૂપીઆ ઉછીના માગ્યા. વૃદ્ધ સોદાગરે કહ્યું પ્રિય મિત્ર, ગભરાઓ નહિ. એના કરતાં બમણા જોઇએ તોપણ તૈયાર છે. એમ કહી ઉછીની લીધેલી

તેનીજ રકમ તેને સૌના દેખતાં પાછી આપી. એ જોઇ છોકરી- ઓ તો દીંગ થઇ ગઇ. તેમણે જાણ્યું કે હજુ બાપા પાસે ઘણા પૈસા છે. માટે તેમને નારાજ કરશું તો મોટી દોલત હાથથી જશે.

આ પછી .છોકરીઓએ બાપની બરદાસ લેવા માંડી અને બાપને પોતાને ત્યાં રાખવા માટે અને તેને વધારે સુખી કરવા બન્ને હરીફાઇ કરવા લાગી.

આ વૃદ્ધ સોદાગર ઘણાં વર્ષ સુધી દીકરીઓની ખાતર બર- દાસનું સુખ ભોગવી મરી ગયો. તેના મરણથી છોકરીઓએ તેનું વસીયતનામું ખોલી વાંચ્યું તો તેમાં તેણીઓ માટે એક ફુટી બદામ પણ લખેલી જોઇ નહિ. પણ દીકરીઓની નિમકહરામી માટે સખત ઠપકાના શબ્દો લખેલા હતા તે વાંચ્યા.

સાર—સંસારમાં સઘળે સ્વાર્થની સગાઇ જોવામાં આવે છે. "અર્થ સરેઓ તો વૈદ વેરી." એ કહેવત પ્રમાણે પોતાનો મતલબ પુરો થતાં ખુશામદ કરનાર બેપરવા બની જાય છે. પણ એ તો દુનિયાદાર માણસની આદત છે. દાનદાર એટલે ખરા ધર્મિષ્ટ પુરૂષો કે જેઓ જગતમાં ઉચ્ચ પ્રકારનું જીવન વ્યતિત કરે છે તેઓ સર્વ સાથે નિઃસ્વાર્થ પ્રીતિ ભાવે વર્તે છે. વાંચનાર તમે તેવા થવા પ્રયત્ન કરશો.

૯૧ સ્ત્રીની વફાદારી.

મળે સલુણી નાર તો સ્વર્ગ સંસારે થાય;
કુલટા કંટાળે ઘણું નર્ક પીડા સહેવાય.

એક બાદશાહ પોતાના વજીર સાથે શહેરમાં ફરવા નીકળ્યો હતો. રસ્તાપર એક નવું મકાન ચણાતું હોતાં ત્યાં કામ કરનારાઓની ધમાલ ચાલી રહી હતી તે જોવા તેઓ ઉભા રહ્યા. એક મજુર કડીઆને ઇંટો પહોંચાડતો હતો તે તરફ બાદશાહનું ધ્યાન ખેંચાયું, તેથી તેણે વજીરને કહ્યું કે " આ મજુર કેવી ચાલાકીથી કામ કરી રહ્યો છે. નીચે ઉભે ઉભે પહેલા માળપર કડીઆને બબ્બે ઇંટો સાથે લઇ ફેંકે છે જે બે મળેલીજ કડીયાના હાથમાં જઇ પડે છે. આવી રીતે એક પછી એક તેના નેમ ચુકયા વગરના આબાદ ઘા જોઇ હું હેરત પામું છું. શું તે કોઇ ઇલમના જોરથી એમ કરી શકતો હશે ? " વજીરે અરજ કરી કે " એમાં ઇલમનું કાંઇ કારણ હોય એમ હું માનતો નથી. મને જણાય છે કે તેની સ્ત્રી ઘણી નેક અને તાબેદાર હોવી જોઇએ. પોતાની સ્ત્રી તરફના પુરતા સુખના કારણેજ તે મજુર સ્થિરતાથી ધારેલું કામ કરી શકે છે." બાદશાહે કહ્યું—" એ વાતની મને ખાતરી કેમ થાય ? " વજીરે કહ્યું—"તે હું આપને થોડાજ વખતમાં પુરવાર કરાવી આપીશ."

વજીરે પોતાને ઘેર જઇ એક ડોસીને બોલાવી પેલા મજુરની હકીકત કહી તપાસ કરવા કહ્યું. ડોસી હા કહી ગઇ, અને તે મજુરનું ઘર શોધી કાઢી વેચવા તરીકે રેશમી કપડાંની એક નાની ગાંસડી સાથે લઇ જઇ તે મજુરની સ્ત્રી પાસે આવી બેઠી. ભારે મુલના કપ-

ડાંની ઘણી ઓછી કિંમત કહેવા લાગી તેથી તે મજુરની સ્ત્રીને ખરીદ-વાની મરજી થતાં પોતાનો પતિ તુરત આવનાર હતો તેટલા સુધી ડોસીને બેસાડી.

સાંજના વખતે મજુર ઘેર આવ્યો. દરવાજો જરા હલાવતાં તેની સ્ત્રી ઉભી થઇ ખુશી થતી દરવાજા ભણી દોડી પોતાના ધણીને સલામ કરી આદરસત્કાર કર્યો. પાણી લાવી હાથ પગ ધોવરાવ્યા, જમવાનું કાઢી હાજર કર્યું. પછી ઘણીજ મોકાશથી વાતો કરતી અને આખા દિવસના કામ વિષે પુછતી પંખો લઇ પતિને જમાડવા બેઠી. આવી રીતભાત જોઇ ડોસી તો દંગ થઇ ગઇ.

જમી રહ્યા પછી ડોસી પાસેનાં કપડાં બતાવી તે લેવા અરજ કરતાં મજુરે કહ્યું આપણે ગરીબ માણસ રેશમી કપડાં કયાંથી લઇએ? પણ સસ્તું છે તો એકાદ કપડું પસંદ કરી લે. તેણીએ એક કપડું ખરીદ કર્યું. પૈસા લઇ ડોસી ચાલી ગઇ, વજીર પાસે જઇ મજુરના ઘરની સર્વ હકીકત કહી સંભળાવી અને વજીરે એ વાત બાદશાહ આગળ કહી. બાદશાહે કહ્યું એ ખરૂં હશે પણ તેના કારણથીજ મજુર એવી ચાલાકીથી કામ કરી શકે છે એમ કેમ કહી શકાય? વજીરે કહ્યું તે પણ ખાતરી કરાવી આપીશ.

પેલી ડોસીને વળી તેડાવી વજીરે સમજાવ્યું કે બાદશાહની સંપૂર્ણ ખાતરી કરી આપવા તે દંપતિ વચ્ચે થોડા વખત માટે અણબનાવ કરાવવો જોઇશે.

વારૂ, કહી ડોસી પેલી મજુરણ પાસે ગઇ. તેણીએ તેનો ઘણો આદર કર્યો. બે ઘડી આડીઅવળી વાતો કરી ડોસીએ તે

બાઇનું મન પોતા તરફ આકર્ષાએલું જોઇ વાતોના પ્રસંગમાં કહ્યું કે "બેટા, તારો ધણી રોજ શું કમાતો હશે? અને તેમાં તમારૂં ગુજરાન કેમ ચાલે છે? તારાં કપડાં વગેરેની હાલત કેવી ખરાબ છે?" આવા સવાલોના જવાબમાં કાંઇક શરમથી અને કાંઇક નાઉમેદીથી તે બોલી કે "માતાજી, ખુદા ચલાવે છે, બાકી મજુરીમાં તે કેટલું મળે?" ડોસી તેને પોતાની જાળમાં આવેલી જોઇ બોલી—"દીકરી, તારી હાલત જોઇ હું ઘણીજ દીલગીર છું. તારા જેવી ડાહી ને ખુબસુરત તરૂણી તો બાદશાહના મહેલને શોભાવે. નહિ કે એક મજુરના ઘર માટે સરજેલી હોય, પણ કીસ્મત સાથે કોણ લડી શકે છે?" આવી આવી કેટલીક બેહુદી વાતો કરી ડોસી ચાલી ગઇ.

સ્ત્રીની અક્કલ ટુંકી હોય છે તેથી તે જલદી બીજાના ફંદામાં આવી જાય છે. તે મજુરણ વિચાર કરવા લાગી કે "ડોસીએ સાચું કહ્યું, મારા જેવી ખુબસુરત સ્ત્રી આવી કંગાલ હાલતમાં જીંદગી ગુજારી શકે નહિ, પણ કોઇની મહેલાત શોભાવે." આવા આવા વિચારોમાં બેઠી હતી ત્યાં દરવાજાની સાંકળ હલી, પણ સાંભળે કોણ? બેચાર અવાજ આવ્યા ત્યારે ફફડતી ઉઠી, દરવાજો ઉઘાડી પાછાં બારણાં જોરથી અફાળીને બંધ કર્યાં, અને ધણી તરફ ઘુરકતી બોલી "કેમ! આજે શું બહુ ખાટી આવ્યા છો કે દરવાજો ઠોક ઠોક કરતા હતા, મગજ ઠેકાણે છે કે નહિ?" સલામ કરવી કે પગ ધોવરાવવા તો રહ્યા પણ ખાવાનું એ આપ્યા વિના એક ખુણામાં ભરાઇ બેઠી.

આવો એકાએક ફેરફાર પડએલો જોઇ મજુર અજબ થયો અને થાકીપાકી આવેલો તે પોતાના હાથે ખાવાનું કાઢી ભાવ જેટલું ખાઇ પથારી કરી સુઇ રહ્યો અને સવાર પડતાં પોતાના કામપર ચાલ્યો ગયો, પણ આજે તેનું મન બહુ ખિન્ન હતું.

પેલી ડોસીએ વજીરને સર્વ વાત કહી હતી તેથી તે બીજે દિવસ બાદશાહને લઇ પેલી બિલ્ડીંગ ચણાતી હતી ત્યાં આવ્યો. જુએ છે તો મજુર કામ કરે છે પણ ચહેરો ઉદાસ, ઇંટો બરાબર ઉપર જતી નથી, કોઇ વખતે ઇંટો ભોંયપર પડી જાય છે, વખતે વાંસાપર પડીને વાગે છે, અને કડીઆની ધમકીઓ સાંભળે છે. એ જોઇ બાદશાહે કહ્યું આનો આ હાલ કેમ થયો. વજીરે બધી હકીકત કહી સંભળાવી. બાદશાહે કહ્યું "તમારી વાત ખરી છે મારી ખાતરી થઇ કે સ્ત્રી તરફનું સુખ બાદશાહી કરવાં પણ બહેતર છે. પરંતુ હવે જેમ બને તેમ આ મજુરની અસલ સ્થિતિ કરાવી આપો. કેમ કે એક વાતની ખાતરી કરવા માટે આ મોટા ગુનાહનું કામ થયું છે." વજીરે કહ્યું "હું એજ ડોસીના થકી તેની અસલી હાલત કરાવી આપીશ, આપ બેફીકર રહેજો"

વળી ડોસીને તે મજુર દંપતિ વચ્ચે એખલાસ કરાવી આપવાના કામમાં લગાડી. ડોસી તેજ વખત મજુરને ઘેર ગઇ. પેલી બાઇએ આવકાર આપી તેને બેસાડી. બન્ને વાતોમાં મશગુલ થયાં. પ્રસંગ લાવી ડોસી બોલી, "બેટા, મેં તને કાલે જે વાત કહેલી તે તને અજમાવવા માટેજ કહી હતી. મેં જોયું કે તું તારા ધણીની ખરા યકીનથી સેવા કરે છે અને તેનાપર સારો પ્યાર રાખે છે તેમાં તું દ્રઢ છે કે કાચી છે? પણ બેટા, તું કાચી નીકળી! એમ કોઇના

૧૨

ભમાવ્યાથી ભમાઇ જઇએ નહિ. ખુદાએ જે સ્થિતિમાં મુકયાં હોય તેમાં સંતોષ માનવો. શું પારકી મેડી જોઇ પોતાની ઝુંપડી બાળી નાખવી ? બેટા, મને તારા પર ઘણો પ્યાર આવ્યો તેથી પહેલે જરા અજમાવી હવે પાકી કરવા આવી છું. તારો ધણી નેક છે; ગરીબ છે તો શું થયું ? ગરીબાઇમાં કાંઇ ઓછું સુખ નથી. વળી પતિસેવાના પુન્યે પરલોકનું અખુટ સુખ તો અવશ્ય મળશેજ. દીકરી, ધણીને રાજી રાખવામાં એટલો બધો ફાયદો છે કે તે હું તને કોઇ બીજી વખત કહીશ.” આ સાંભળી પેલી બાઇ પસ્તાવો કરી રડી પડી ખુદા પાસે માફી માગી ડોસી પ્રત્યે બોલી કે “ માતાજી, હું હવે કદી મારા નિશ્ચયમાં ડગીશ નહિ.” ડોસી રાજી થઇ તેને દુવા દઈ ચાલી ગઈ.

સાંજના મજુર ઘેર આવ્યો ત્યારે પહેલાંના કરતાં બેવડી મ્હોબતથી તેનો આદરસત્કાર કરી પોતાની ભૂલની માફી માગી બનેલી હકીકત બતાવી તે બાઇ પોતાના પતિના ચરણમાં પડી. મજુરે તેને સઘળું માફ કરી સાબાશી આપી.

બીજે દિવસે બાદશાહ અને વજીરે પેલા મકાનપર આવી મજુરની હાલત તપાસી તો પ્રથમના જેમ તેને પ્રફુલ્લિત ચહેરે ઉમંગથી કામ કરતો જોઇ તેઓ ખુશી થયા. બાદશાહે વજીરને કહ્યું કે “ આપણે એ બિચારાને એક દિવસ નાહક દુઃખ આપ્યું માટે હવે તેઓ ચીરકાળ ખુશી રહે તેમ કરીએ.” બાદશાહ ને વજીર તે મજુરને ઘેર ગયા. બાદશાહે તે મજુરની સ્ત્રીને પોતાની દીકરી કહી બોલાવી ધન્યવાદ આપી પુષ્કળ નાણાંની નવાજેશ કરી તેઓનું

દરિદ્ર કાપી નાખ્યું. જેથી તે મજુર દંપતિ જીંદગી સુધી સુખમાં રહ્યાં. ખુદાએ તે બાઇને સબર અને નેકીનો બદલો આપ્યો.

સાર—પરણેલી સ્ત્રીની ફરજ છે કે તેણીએ પોતાના પતિને વફાદાર રહી સત્યનિષ્ટાથી અડગપણે તેની સેવા કરવી. તેમાં તેનું આ લોક અને પરલોકનું શ્રેય છે. સ્ત્રીઓના માટે ઉત્તમ ધર્મ, વૃત, ક્રિયા જે કહે તે, પતિસેવાજ છે. જેમ કહ્યું છે કે--

તિર્થ કર્યાની નારીને, જો ઇચ્છા ઉર થાય;
પતિપાદોદક પાનથી, તિર્થ અધિક ફળ થાય.

૯૨ સદ્‌બોધ.

રહ્યા ન રાણા રાજીયા સુરનર મુનિ સમેત
તું તો તરણા તુલ્ય છે ચેત ચેત નર ચેત.

મહાત્મા શેખસાદી કહે છે કે એક વખત મને એક માલદાર સોદાગરની મુલાકાત થઇ. તેણે મારો સારો સત્કાર કરી એક દિવસ પોતાને ત્યાં મને પરોણા તરીકે રાખ્યો. હું તેને જ્ઞાનનો બોધ આપવાનું ધારતો હતો પણ એ તવંગર માણસ પોતાની બડાઇની વાતો એક પછી એક એવા લંબાણથી કરવા લાગ્યો કે મને બોલવાનો વખતજ ન આપે. "ફલાણી મારી મિલ્કત તુર્કસ્તાનમાં છે, ફલાણો માલ હિંદુસ્તાનમાં રાખ્યો છે, ઢોરો અને ગુલામોનો મોટો જથ્થો ધરાવું છું, એ વિગેરે બેહુદી વાતો કરતો." આખરે તે પોતાનું નવું મકાન દેખાડવા મને લઇ ગયો. ઉપરના માળપર ચડી મને બતાવવા લાગ્યો કે "આ મારા મોટા છોકરાના વપરાશનો ઓરડો, તેના પડખામાં આ મારા બીજા બે છોકરાના રૂમ છે, આ જગાએ મારૂં દીવાનખાનું છે, અહીં તિજોરીઓ રહે છે, આ મારો વિઝીટ રૂમ છે; મારા બહોળા કુટુમ્બની સગવડભરી સમાસ થાય એવું આ મકાન મેં ઘણા પૈસા ખરચી બંધાવ્યું છે. કહો સાદી, આ મકાનમાં તમને કંઇ ખોડખામી જણાય છે!" મેં કહ્યું-"શેઠજી મકાન સર્વ વાતે સગવડવાળું ને રમણિય છે, પણ તે બનાવવામાં એક ગંભીર ભૂલ જોઉં છું." પોતાના બેનમુન મહેલમાં આ દરવેશ વળી શું ભૂલ બતાવે છે તે જાણવાની આતુરતાથી તે બોલ્યો કે "શું ખામી છે તે જલદી કહો

જોઇએ." મેં કહ્યું "મોટા મોટા દરવાજો રાખ્યા છે તે મુદ્દલ જોઇતા ન હતા, કેમ કે એ રસ્તેથી આવી અજલનો ફીરસ્તો તમારો જાન લઇ જશે."

સોદાગર બોલ્યો-"હું સમજ્યો તમે મને ધર્મનો બોધ કરો છો. પણ સાદી સાહેબ, ધાર્મિક ફરજો વિષે હું સમજુ છું. અને એક સફર કરી આવ્યા પછી સોદાગરીનો વહીવટ છોકરાઓને સોંપી પાછલી જીંદગી ખુદાની ઇબાદતમાં ગુજારવાનો મેં વિચાર કર્યો છે." મેં પુછ્યું "હજુ કઇ એક સફર કરવાની છે? તો કહે "ઇરાનના પત્થર લઇ ચીન જઇશ, કેમ કે સાંભળવા મુજબ ત્યાં તેનો સારો ભાવ આવે છે. અને ત્યાંનું ચીની કામ રૂમમાં, રૂમનાં બીબાં હિંદુસ્તાનમાં, હિંદુસ્તાનનું પોલાદ એલેપ્પોમાં અને એલેપ્પોનું કાચકામ યમનમાં, પછી યમનથી તરેહવાર કાપડ લઇ પાછો ઇરાન આવીશ."

આ સાંભળી મારાથી કહ્યા વગર રહેવાયું નહિ કે "ઓ અજ્ઞાન માણસ, મોત ઓચીંતુ આવે છે તે જાણવા છતાં તને યકીન થયું નથી એમ જણાય છે. આવડી મોટી મુસાફરી કર્યા બાદ ખુદાની બંદગી કરવા ઇચ્છા રાખે છે પણ તે દરમ્યાન અજલ આવી પહોંચી તો એ આશા મનમાં રહી જવાની, અને અમુલ્ય જીંદગી ખુદાની ઇબાદત અને નેક કામો કર્યા સિવાય અજ્ઞાનતામાં પુરી કર્યાના ગુનાહ બદલ તમને નર્કના અધિકારી થવું પડશે."

સાર—ઇશ્વર સ્મરણ અને દાનપુન્યાદિ સત્કર્મો કરવાં સારાં છે એમ સર્વ મનુષ્યો સમજે છે છતાં હમણાં કયાં ઉતાવળ છે પાછળથી થઇ રહેશે, હમણાં ધંધાનો વખત, છે પાછલી ઉમરમાં કરશું, આવા વિચારોમાં ઉમર વ્યતિત થતાં આખર મરણને શરણ થઇ અધોગતિને પામે છે. માટે સુકૃત્યો કરવામાં ઢીલ ન કરવી.

૯૩ પતિવ્રતાનું પરાક્રમ.

સત્ય ધર્મ સતિઓ તણો, જગે જગ વખણાય,
મહદ મહાત્મ્ય નારનું પાતિવ્રતથીજ જણાય.

કૌશિક નામનો એક વિદ્વાન બ્રાહ્મણ ઘોર તપશ્ચર્યાના પ્રભાવે અલૌકિક શકિતઓ મેળવી શકયો હતો. એક દિવસ તે એક વૃક્ષ નિચે બેઠા હતા તે ઉપરથી બગલા પક્ષીએ તેના પર વિષ્ટા નાખી. બ્રાહ્મણે ક્રોધયુકત ચહેરે તેના ભણી જોતાં, ક્રોપાગ્નિથી તે પક્ષી બળી જઇ નીચે પડયું.

આ જોઇ બ્રાહ્મણને ગર્વ થયો કે હું મોટો તેજસ્વી ને તપસ્વી ખરો. મારી દ્દષ્ટીમાં આટલું સામર્થ આવી ગયું છે કે તેની અગ્નિથી પક્ષી બળી ગયું. તે સાથે પક્ષીની વ્યર્થ હત્યાનો પશ્ચાતાપ પણ થયો. પસ્તાવામાં ડુબતો ને ગર્વથી ફુલાતો તે ભિક્ષા અર્થે વસ્તીમાં આવ્યો અને એક ગૃહસ્થાના દ્વારપર આર્શીવાદ દઇ ઉભો રહ્યો.

ઘરની માલીક પોતાના ગૃહકાર્યમાં રોકાએલી હોતાં અંદરથી જવાબ આપ્યો કે મહારાજ, ઉભજો; ભિક્ષા લાવું છું. તે હજુ પોતાના કામથી પરવારી ન હતી એટલામાં તેનો પતિ આવ્યો તેણે જમવાનું માગ્યું. સ્ત્રી પતિવ્રતા હતી. આજ્ઞા ઉલંઘન પાપ સમજતી હતી તેથી પતિની આજ્ઞા માથે ચડાવી તેને જમાડવાના કામમાં જોડાઇ ગઇ. જમાડી લઇ મુખવાસ આપી નિવૃત થયા પછી બ્રાહ્મણને ભિક્ષા દેવા આવી. પરંતુ એટલો વખત ઉભો રહેલો તપસ્વી ક્રોધાગ્નિથી તપી ગયો હતો. ગુસ્સાથી બોલ્યો, "ભિક્ષા લાવું છું કહી આટલીવાર કેમ લગાડી?"

બાઇએ નમ્રતાથી કહ્યું. "પતિ સેવામાં રોકાઇ હતી, ક્ષમા કરજો ?" બ્રાહ્મણ બોલ્યો "તારો પતિ તપસ્વીઓથી મોટો કે જેના અભિમાનથી તું બ્રાહ્મણનું અપમાન કરે છે, મારૂં પરાક્રમ તું જાણતી નથી. હું ધારૂં તો આખી પૃથ્વીને બાળી ભસ્મ કરી દઉં." સતિ બોલી-"મહારાજ, તમે વૃથા કોપ કરો છો. તમારી ક્રોધાગ્નિથી બગલું પક્ષી બળી ભસ્મ થયું પણ મને તમારા કોપાગ્નિથી કંઇ થઇ શકશે નહિ. તો પણ હું તો ક્ષમાની પ્રાર્થના કરૂં છું. તમારા જેમ કોપ કરવા ચાહતી નથી."

આ સાંભળી બ્રાહ્મણ આશ્ચર્યમાં પડી ગયો. તેનો ક્રોધ તો ક્યાંએ ઉડી ગયો અને નમ્ર ભાવે પુછવા લાગ્યો કે "ભલી બાઇ, બગલાની હકીકત તારા જાણવામાં ક્યાંથી આવી, તે તો મારા સિવાય બીજું કોઇ જાણતું નથી." બાઇએ કહ્યું "પતિ સેવાના પ્રભાવ અને પ્રતાપથી સર્વ સમાચાર મને સ્વયં વિદિત થાય છે. એ સિવાય બીજું જાદુ ઇલમ મારી પાસે કાંઇ નથી."

કૌશીક તો એ સ્ત્રીને પતિવ્રતા જાણી ભય પામ્યો કે રખે એ મને શ્રાપ દે. કેમ કે મેં સતિ પ્રત્યે ક્રોધ કરી તેનો અપરાધ કર્યો છે. તે ડરતો જાણી બાઇએ ધીરજ આપી કહ્યું કે "મહારાજ, તમે ગભરાશો નહિ; મારાથી તમે કિંચિત્ પણ નુકશાન થવાની ધાસ્તી નહિ રાખતા પણ હવે પછી કદી ક્રોધ કરશો નહિ કારણ કે તેથી તમારા તપ ધર્મનો ક્ષય થવા સંભવ છે." બ્રાહ્મણે બાઇનો એ ઉપદેશ માથે ચડાવ્યો.

સાર—પતિવ્રતા સ્ત્રીઓનો પ્રભાવ એવોજ હોય છે માટે અમર ફળની ઇચ્છા રાખનાર સ્ત્રીઓએ સત્યતાપૂર્વક પતિવ્રત ધર્મનું પાલન કરવું.

૯૪ પ્રતિબિમ્બ જ્ઞાન.

પરમેશ્વરની છે પ્રજા આ સઘળો સંસાર;
એક કુટુંમ્બી આપણે એક પિતા પરીવારી.

એક ગૃહસ્થની બેઠકના ઓરડામાં ભીંતપર મોટા મોટા આરીસા મુકેલા હતા. એકવાર એ ઘરમાં એક કુતરો પેસી ગયો. આરીસાપર તેની નજર પડતાં તેને બધે કુતરાજ દેખાવા લાગ્યા. તે બધાને તે પોતાના વિરોધી સમજી ગભરાયો અને આમતેમ દોડવાને કુદવા માંડયો. સામા કુતરા પણ તેને દોડતા અને કુદતા જણાયા. છેવટ ભસીભસીને અને ઉછળી ઉછળીને થાકી જઇ જમીનપર પડી ગયો અને એમ ભસતાંભસતાંજ આખરે પ્રાણ નીકળી ગયા. થોડીક વારે એ ઘરનો માલીક ત્યાં આવ્યો તેણે તે કુતરાના મડદાંને બહાર કઢાવ્યું.

વળી તે મકાનમાં એક દહાડો કોઇ રાજકુમાર આવી ઉતર્યો હતો. તેણે પેલા ટાંગેલા આરીસાઓમાં પોતાનું પ્રતિબિમ્બ જોયું તો કાળા કેશ, સુંદર ચહેરો, ભપકાદાર પોશાક એ બધું જોઇ તેને ઘણો આનંદ થયો. આરીસામાં દેખાતી સર્વ વસ્તુઓ મારી પોતાનીજ છે એવું તેને જ્ઞાન હતું કારણ કે ત્યાં એના સિવાય બીજું કોઇ ન હતું.

સાર—એજ પ્રમાણે આત્મા એક છે અને આ સર્વ નામ રૂપાત્મક, જગત વાસ્તવિક રીતે આપણેજ છીએ. એવો જ્યારે અનુભવ થાય ત્યારેજ સાચી શાન્તિ મળે. એમ ન થાય ત્યાં

સુધી પેલા શ્વાનના જેવી સ્થિતિ સમજવી. આપણને એવી ભિતિ લાગે છે કે અમુક માણસ આપણને હાનિ પહોંચાડશે. આ આપણી પાસેથી કંઈ લઇ જશે, આવી ચિંતાથી મન વ્યગ્ર રહે છે અને આવી કલ્પનાથી આપણે ઘણા સાથે વિરોધ કરીએ છીએ. પરંતુ જો સત્ય જ્ઞાન થાય તોજ પેલા રાજપુત્રની પેઠે આપણે શાન્તપણે બેસી આનંદ માણીએ. જયારે આપણને સમજાઇ જાય કે સર્વમાં એકજ આત્મા નિર્વિકાર છે ત્યારે કોઇનાથી વિરોધ કરવાનું કારણ રહે નહિ.

૯૫ રૂણાનુબંધ.

ચિત્રકેતુ નામે એક રાજા અગાઉના જમાનામાં થઇ ગયો છે, તેને ઘણી રાણીઓ હતી પણ કોઇના પેટે કંઇ સંતાન થયું હતું નહિ. રાજાની મોટી ઉમર થઇ ત્યારે કોઇ મુનિના આશીર્વાદથી સર્વથી નાની રાણીને એક પુત્ર થયો. આથી બીજી રાણીઓને અદેખાઇ થઈ કે હવે આ પુત્રવંતી રાણીના માન વધશે અને એ જ્યારે રાજમાતા થશે ત્યારે આપણા સર્વના તો ભોગ મળ્યા સમજવા. આવા ક્ષુદ્ર વિચારથી રાજકુમાર જ્યારે એક વર્ષની વયનો થયો ત્યારે તેઓએ તેને વિષ આપી મારી નાંખ્યો. પુત્રનું મૃત્યુ થતાં રાજાને અત્યંત શોક થયો. પુત્રનો મૃતકદેહ ખોળામાં લઇ તે વિલાપ કરવા લાગ્યો. રાજાના સંબંધીઓ અને કર્મચારીઓએ તેને ઘણો ઘણો સમજાવ્યો પણ તેનું રડવું બંધ થયું નહિ. એટલામાં ત્યાં નારદ મુનિ આવી ચઢયા. તે જ્ઞાની પુરૂષે રાજાને શોક નહિ કરવા અનેક રીતે ઉપદેશ કર્યો તો પણ રાજાને જ્ઞાન થયું નહિ. આખર નારદ મુનિએ પોતાના યોગબળથી તે બાળકના આત્માને બોલાવી તેના દેહમાં દાખલ કર્યો અને તેને કહ્યું કે “ભાઇ, તેં દેહ ત્યાગ કર્યો તેથી તારો પિતા વ્યાકુળ થઇ ગયો છે, તારા માટે ઘણો શોક કરે છે, તો તું શા માટે તેને છોડી જાય છે?” આ સાંભળી તે બાળક પોતાના પિતા પ્રત્યે બોલ્યો કે “કોણુ કોનો પિતા અને કોણુ કોનો પુત્ર છે, આ સંસાર અસત્ય છે, કર્માનુસાર આવાગમન થાય છે. સાંભળો-પહેલા જન્મમાં હું પણ રાજા હતો. ઉતરાવસ્થામાં સંસારથી વિરક્ત થઇ વનમાં જઇ રહ્યો હતો. હરિ સ્મરણ કરતા ને ભિક્ષા

પર નિર્વાહ ચલાવતો. એક દિવસ એક બાઇએ મને ભિક્ષામાં લોટ આપ્યો, જેમાં ઘણી કીડીઓ હતી પણ તે મારા જોવામાં આવી નહિ. અજાણપણે અગ્નિ સંસ્કારથી એ બધી કીડીઓનો મારા હાથે નાશ થયો. તે કીડીઓ તે આપની બધી રાણીઓ થઇ છે. અને ભિક્ષા આપનાર તે મારી આ જન્મની માતા છે. મેં ઉપરોક્ત પાપ કર્મના યોગે તેના પેટે અવતાર લીધો હતો. બીજી રાણીઓએ મારાથી પૂર્વ જન્મનો બદલો લીધો. અર્થાત મને વિષ પાઇ મારી નાંખ્યો. માટે સમજો કે લેણદેણના સબંધે અવતાર થાય છે ને પતી જતાં સૌ પોતપોતાને માર્ગે પડે છે." આટલું બોલી તે બાળકનો આત્મા પાછો નીકળી ગયો. રાજા ચિત્રકેતુનો અજ્ઞાન મોહ આ સાંભળી ઉડી ગયો અને તે સ્વસ્થ થયો.

૯૬ મોત બધા માથે છે.

જો જન્મત સો મરત હૈ યામેં નહિ સંદેહ;
ચહે આજ ચહે સોબરસ સ્થિર ન રહત યહ દેહ.

સર્વનાશ નગરીમાં ગોમતી કરીને એક યુવાન સ્ત્રી રહેતી હતી તેને એક છોકરો થયો. તે બાળક જ્યારે હરવાફરવા ને થોડું થોડું બોલવા શીખ્યો ત્યારે એકાએક મરણ પામ્યો. સ્નેહાળ માતા પોતાના મૃતક પુત્રને છાતી સાથે લગાડી રોતી રોતી ઘરેઘરે ઔષધિ અર્થે ફરવા લાગી. તે કહેતી હતી કે "જુઓ, મારો પુત્ર કેવો થઇ ગયો છે? કેવું રમતો હતો, કેટલો હસતો હતો. પણ હવે તો રમતોએ નથી, હસતોએ નથી અને દુધ પણ પીતો નથી. તમે દયા કરી મારા પુત્રને કાંઇ ઔષધિ દો કે તેની પૂર્વવત દશા થાય. આપની મારાપર મોટી કૃપા થશે." તેની આવી વાતો સાંભળીને ઘણા તો તેને ઘેલી થએલી સમજતા હતા, પરંતુ એક વૃદ્ધ સ્ત્રીએ તેને ઘણી ભોળી જાણીને કહ્યું કે "બેટા, હું તો તારા પુત્રને સારો નથી કરી શકતી પણ હું એક વૈદને ઓળખું છું તે તેની દવા કરશે, તું બુદ્ધ દેવ પાસે જા." એપરથી ગોમતી બુદ્ધ દેવની પાસે જઇને અતિ નમ્રતાથી બોલી કે આપ કોઇ એવી દવા જાણો છો કે જેથી મારો પુત્ર સારો થાય. બુદ્ધ દેવે કહ્યું કે "હા. મારા પાસે એવી દવા નથી પણ જાણું છું." ગોમતીને આ સાંભળી કાંઇક આશા આવી અને પુછ્યું કે—"તે ઔષધિ શું છે અને કયાંથી મળશે?" બુદ્ધ દેવે કહ્યું કે "તું મને એક મુઠ્ઠી રાઇ કયાંઇથી લાવી દે તેની ઔષધિ હું બનાવી આપીશ, પણ તે રાઇ એવા ઘરેથી લેવી કે જે ઘરમાં અદ્યાપી કોઇ મનુષ્ય મરી ગયું ન હોય.

નહિ તો ઔષધિ થશે નહિ," ગોમતી વારૂ, કહી ઉતાવળી ત્યાંથી ચાલી જાણે જલદી ક્યાંથી રાઇ લાવી દવા કરાવી લઉં. તેણે જયાં જયાં જઇને રાઇ માગી ત્યાંથી તે મલી પણ જ્યારે ગોમતી તેને પુછે કે "આ કુટુંબમાં કોઈ માણસ મર્યું તો નથી ને?" તે સાંભળીને બધે ઠેકાણેથી એ ઉત્તર મલતો કે "આ કુટુંબમાં આજ સુધી એટલાં મરી ગયાં છે કે તેટલાં આજ જીવતાં પણ નથી." એ પ્રમાણે તે બધાં ઘર ફરી આવી પણ એવું ઘર કોઇ ન મળ્યું કે જયાં કોઇ ન મુવું હોય. આખર તે બીચારી નીરાશ થઇને વિચારવા લાગી કે "આ કામ તો અસંભવિત જણાય છે કેમ કે આખા જગતમાં કોઈ ઘર કે કુટુમ્બ એવું નહિ મલે કે જ્યાંથી મને જોઇતી રાઇની મુઠી મલી શકે હવે મને જણાય છે કે મારો પુત્ર રોગગ્રસ્ત નથી પણ તે મર્ણ પામ્યો છે, અને તે મારો એકનો એક પુત્ર મુઓ છે એમ નથી. આ નગરમાં બીજા પણ ઘણા મરી ચુકયાં છે." આવો વિચાર કરતી તે બુદ્ધ દેવ પાસે પાછી આવીને કહેવા લાગી કે—' દેવ, આપે બતાવ્યું તેવું કોઇ ઘર મને મળ્યું નહિ કે ત્યાંથી હું રાઇ લાવી શકું. હવે મને ખાતરી થઇ કે મૃત્યુથી કોઇનો છુટકારો નથી તે બધા ઉપર છે, તે વિચારી મેં પણ મારા પુત્રના માટે સંતોષ કર્યો છે."

સાર—મોત સર્વપર છે, અંતે બધાની એ ગતિ છે. આ વાત નાના, મોટા, ગરીબ, તવંગર અને પાપ કૃત્યો કરનાર પણ જાણે છે. પણ એ સમય માટે દાન પુન્યાદિ સુકૃત્યો કરી તૈયાર થઇ રહેલા થોડા હોય છે, એ અજબ છે.

૯૭ હરિ ઇચ્છા બળવાન.

માણસ જાણે મેં કરૂં કરનાર બીજો કોય;
આદર્યું અધવચ રહે હરિ કરે સો હોય.

મટીલ્ડા નામની એક તરૂણી પોતાની નાની વયે નેપલ્સ દેશના એક પહેલા દરજ્જાના અમીર વેરે પરણેલી હતી. જ્યારે તે અઢાર વર્ષની થઇ ત્યારે તેને એક પુત્રપ્રાપ્તિ થઇ, પણ તેજ વરસમાં તેના પતિએ આ દુનિયાનો ત્યાગ કર્યો એક દિવસ તે વોલટરના નદી ઉપર પડતી પોતાના ઓરડાની બારીમાં બેસી પોતાના બાળકને લાડથી રમાડતી હતી. તેવામાં તે બાળક એ.ચિંતુ છલંગ મારી તેના હાથમાંથી નીકળી નીચેના વહેળામાં જઇ પડયું. તેની મા એકદમ ગાભરી બની જઇ તેને બચાવવાના પ્રયત્નમાં પોતે પણ તેની વાંસે જઇ પડી, પણ તે પોતાના બાળકને પકડી શકી નહિ, અને પોતે પણ ઘણી મુશ્કેલીથી સામે પાર નીકળી. તે વખતે કેટલાક ફ્રેંચ સિપાઇઓ તે તરફના પ્રદેશપર લુટ ચલાવતા હતા તેઓએ તેણીને કેદ કરી લીધી, અને તેમાંના એક યુવાન અમલદારે પોતાની વાંસે ઘોડાપર બેસાડી તેને પોતાના શહેરમાં સહીસલામત લઇ ગયો. તેણીની ખુબસુરતી તથા ગુણો જોઇ તે મોહી પડયો એટલે તેઓ પરણ્યાં. તે અમલદાર ઉંચામાં ઉંચા દરજ્જાપર ચડયો અને તેઓ લાંબા કાળ સુધી શાન્તીમાં સાથે રહ્યાં. પણ લડવૈયાનું સુખ કયારે પણ સ્થાયી કહેવાઈ શકાય નહિ. કેટલાંક વર્ષ વિત્યા બાદ ફ્રેંચ અને ઇટાલી વચ્ચે લડાઇ સળગી. દુશ્મનોએ તેના શહેરપર ઘેરો ઘાલ્યો અને આખરે તે શહેર લીધું. તે વખતમાં ફ્રેંચ તથા ઇટાલ્યન લોકો અરસપરસ બહુ નિર્દયતાથી વર્તતા. આ વખતે વિજયીઓએ

બધા ફ્રેંચ કેદીઓને મોતની શિક્ષા કરવાનો નિશ્ચય કર્યો. તેમાં પણ તેમનો કીનો મટીલ્ડાના ધણીપર વધારે હતો કેમ કે તેણેજ આ ઘેરો લંબાવ્યો હતો. તેને બધા બંધીવાનોની આગળ કરી ઉભો કીધો. શીરચ્છેદ કરનાર પોતાની તરવાર સજ કરી સેનાધિપતિ નિશાની કરે ત્યાંસુધી અટકી રહ્યો હતો. આ વખતે મટીલ્ડા પોતાના પતિને છેલ્લી વખત મળવા આવી. તે પોતાની દુઃખદાયક સ્થિતિ તથા જે ક્રુર દૈવે તેણીને વોલ્ટરના નદીમાં થતા અકાળ મૃત્યુમાંથી આવી ત્રાસદાયક વિપત્તિઓ જોવાને બચાવી તેને માટે વિલાપ કરવા લાગી.

પેલો સેનાધિપતિ જે એક યુવાન પુરૂષ હતો તેને તેણીના દુઃખ ઉપર દયા ઉપજી, પણ જ્યારે તેણે તેણીની આગલી વિપત્તિ સાંભળી ત્યારે તો તેને બહુજ અસર થઇ ગઇ, કેમ કે જે છોકરા માટે તે એટલા બધા જોખમમાં પડી હતી તે છોકરો તે પોતેજ હતો. તેણે તરતજ તેને પોતાની મા કહી બોલાવી અને પગમાં પડયો. બાકીનો હેવાલ સહેલાઇથી ધારી શકાશે કે નદીમાં પડયા પછી તે એક અમલદારને હાથ પડતાં તેનાથી તેનું પાલણપોષણ થયું અને આજે તે વિજય પામેલા સૈન્યનો સેનાધિપતિ હતો. બંધીવાનને છુટો કરવામાં આવ્યો, અને તેઓ બધાં પ્યાર, દોસ્તી અને સંપથી ઉપજતું સઘળું સુખ ભોગવવા લાગ્યાં.

સાર—કુદરત ઇલાહીથી ઇન્સાનની જીંદગીમાં ઘણા વખત અવનવા ફેરફારો જોવામાં આવે છે. રંકમાંથી રાજા અને રાજામાંથી રંક કિસ્મતના યોગે થએલા ઘણા દાખલા અપાય છે. ઉપરના દ્રષ્ટાંતમાં પણ એવોજ એક ચિતાર નજરે આવે છે.

૯૮ ભક્તવત્સલતા.

તાત તીનિ અતિ પ્રબલ ખલ કામ ક્રોધ અરૂ લોભ;
મુનિ વિજ્ઞાન નિધાન મન કરહિં નિમિષ મહં ક્ષોભ.

હિમગીરિની એક રમણિય ખીણમાં મુનિ નારદ તપશ્ચર્યા કરવા હતા તેનું નિશ્ચલ તપ જોઇ ઇંદ્રને ત્રાસ થયો કે મારૂં રાજ્ય પડાવી લેશે તેથી તેણે કામદેવને પોતાના સૈન્ય સહિત મુનિના તપમાં ભંગાણ પાડવા મોકલ્યો. કામદેવે આવી હિમગીરિપર વસંતનો બહાર પ્રસરાવ્યો અને અનેક રીતે મહાત્માના તપનો વિધ્વંસ કરવા પ્રયત્ન કર્યા પણ એ અડગ મુનિ પાસે તેનું કાંઇ વળ્યું નહિ. તેથી તે નીરાશ થઇ પાછો વળી ગયો. તપ પૂરૂં થતાં મુનિ જાગૃત થયા. તપના પ્રભાવે તેણે બનેલી હકીકત જાણી લીધી. આથી તેને સ્હેજ ગર્વ થયો કે કામદેવને પણ મેં જીત્યો. ત્યાંથી ઉઠી તે શંકર ભગવાનના આશ્રમે આવ્યા ને પોતે કામદેવને જીત્યો છે એ વાત તેમના પાસે કહી. શંકરે તેને શિખામણ આપી કે જેમ આ વાત તમે મારા પાસે કરી તેમ વિષ્ણુ પાસે કરશો નહિ. એ વાતપર નારદજીએ કાંઇ લક્ષ આપ્યું નહિ. તે પછી કેટલાક દિવસ વિત્યા કેડે એક વખત તે વિષ્ણુ મહારાજ પાસે ગયા અને કામદેવને જીત્યો હતો એ વાત વિસ્તારીને કહી. વિષ્ણુએ જાણ્યું કે આને આ વાતનો ગર્વ થયો છે તેનું નિવારણ જલદી કરવું જોઇશે નહિ તો એ થકી મારા પરમ ભકતનું અહિત થવા સંભવ છે. નારદ વિષ્ણુને નમી ત્યાંથી સ્વસ્થાનકે આવવા નીકળ્યા.

રસ્તે ચાલતાં એક અપૂર્વ શહેર તેમના જોવામાં આવ્યું. ત્યાંના રાજાની કુંવરી વિશ્વમોહનીના સ્વયંવરની તૈયારીઓ થતી જોઇ અને તે કન્યાના રૂપ ગુણની ખ્યાતિ સાંભળી તેને પરણવાની ઇચ્છા થઇ. પણ સંપૂર્ણ સૌન્દર્ય વિના રાજબાળા કબુલ કરે નહિ એમ જાણી વિષ્ણુ પાસેથી યૌવન અને રૂપ માગવા તે પાછો આવ્યો. વિષ્ણુની હજુરમાં આવી પોતાની અભિલાષા કહી બતાવી અરજ કરી કે "મહારાજ, આપ મારા હિતેચ્છુ છો માટે આપના સરખું રૂપ આપો તો એ કન્યા હું મેળવી શકું સિવાય બીજો ઉપાય નથી. વિષ્ણુએ કહ્યું કે હે નારદજી, જેવી રીતે તમારૂં ભલું થાય તેમ કરવા હું ખુશી છું અને તેમજ કરીશ. મારૂં વચન મિથ્યા જશે નહિ." નારદ રાજી થયા અને સ્વયંવર ભુમીમાં આવી પહોંચ્યા. ઘણા રાજકુમારો બનીઠણી પોતપોતાના આસનપર બેઠા હતા તેના વચ્ચે તે પણ બેઠા અને મનમાં વિચારતા હતા કે મારા જેવો સ્વરૂપવાન આ સભામાં કોઇ નથી માટે કન્યા મનેજ પસંદ કરશે. પણ વિષ્ણુએ તો મુનિના ભલાઅર્થે તદ્દન કદ્રુપા બનાવ્યા હતા.

રાજકન્યાએ વાંદરા જેવી સુરતવાળા મુનિ બેઠા હતા તે તરફ આવવા સખીઓને નાજ કહી કે એ જંગલી માણસ ભણી જતાં હું બીઉં છું. આ સાંભળી નારદજી વિચારવા લાગ્યા કે આ શું ગોટાળો છે પછી તેમણે આરશીમાં પોતાનું મુખ જોયું ત્યારે જાણ્યું કે વિષ્ણુએ મને ઠગ્યો છે તેથી ક્રોધાવેશમાં તે વિષ્ણું પાસે આવી કહેવા લાગ્યા કે "મહારાજ આમ મારી ફજેતી શા માટે કરાવી? વિષ્ણુંએ તેને ઠંડા પાડી કહ્યું કે-તમારૂં હિત કરવા મેં

વચન આપેલ હતું. રોગી ન પચે તેવી વસ્તુ ખાવા માગે પણ વૈદ તો ઘટતુંજ આપે. તમે કામદેવને જીતી ફુલાયા હતા જેથી તમારૂં અહિત થતું જોઇ તમારો ગર્વ ઉતારવા આ ત્રાગડો મેં રચ્યો હતો બાકી તો એ રસ્તાપર એવું શહેર કે રાજકન્યાને તેનો સ્વયંવર એવું કાંઇ નથી." આ સાંભળી નારદજીએ પોતાની ભુલનો પસ્તાવો કરી ક્ષમા માગી. નમ્રભાવે ચાલ્યા ગયા.

સાર—જ્ઞાની પુરૂષો પણ માયાના બંધનમાં લપટાઇ જઇ પસ્તાયા છે માટે કોઇએ પોતાના જ્ઞાન, બળ કે ઈમાનદારપણાનો ગર્વ નહિ કરવાં સદા નમ્ર થઇ ચાલવું. વળી જાણવું જોઇએ કે ઇશ્વર ભક્તવત્સલ છે મનુષ્ય અજ્ઞાન દશામાં અનેક માગણીઓ રજુ કરે છે પરંતુ ઇશ્વર તેઓનો હિતકર હોય ઘટતું બક્ષે છે.

———

૯૯ ગુરૂ ઉપદેશ.

સ્મરણ રાખો ચિત્તમાં મર્ણ અને જગરાય,
ભૂલો ભલાઇ આપણી અન્ય તણી બુરાઇ.

એક શિષ્યે પોતાના ગુરૂ પાસે અરજ કરી કે "હે ગુરૂદેવ, મને કાંઇ ઉત્તમ ઉપદેશ કરો કે જે થકી આત્માનું કલ્યાણ થાય અને મારૂં જીવન સાર્થક થાય." આ સાંભળી ગુરૂજી બોલ્યા– "ભાઇ, ગુરૂ ઉપદેશ ગ્રહણ કરવાની તારી પ્રબળ આકાંક્ષા જોઈ હું અતિ પ્રસન્ન થયો છું. પણ તું મને એ કહે કે તું વાત યાદ રાખી શકે છે કે ભુલી જાય છે? જો વાત યાદ રહેતી હોય તો બધાંથી પહેલાં તો આપણને પેદા કરનાર દયાળુ અને ન્યાયકારી ઇશ્વરને અને મોતને હરવખત યાદ રાખજે. એથી તું હમેશાં સત્ય માર્ગ પર રહી પાપથી બચીશ. અગર જો તને ભુલી જવાની ટેવ હોય તો બે વાત ભુલતો રહેજે, એક તો ઉપકાર કે જે તું બીજા ઉપર કરે, અને બીજી બુરાઇ કે જે બીજા તારા સાથે કરે. આ વાતો વીસારવાથી તું ગર્વ રહિત નિર્મળ સ્વભાવનો અને કલેશ રહિત શાંત રહિ શકીશ."

શિષ્યે પુછયું—"મહારાજ, એ શિવાય બીજું કાંઇ?" ગુરૂએ કહ્યું–"કોઇ વખત કોઇના કનેથી કંઇ લેવાની ઇચ્છા ન રાખવી. બની શકે તો બીજાને કંઇ આપવું." વળી શિષ્યે કહ્યું–"બસ. કે બીજું કાંઇ?" ગુરૂએ ઉત્તર દીધો કે "હમેશાં પોતાના અવગુણો પર દૃષ્ટિ રાખવી. બીજાના અવગુણો નહી જોવા પણ બીજાના ગુણોજ ગ્રહણ કરવા અને પોતાના સદગુણોનો કદી ગર્વ કરવો નહિ.

આ મુમુક્ષોની નિશાની છે. બસ આટલો બોધ યાદ રાખી, મનન કરી, તે પ્રમાણે વર્તિશ તો આ લોક ને પરલોકનાં સુખો મેળવવા તું અધિકારી થઇશ."

સાર—આ દૃષ્ટાંતમાં ગુરૂએ શિષ્ય પ્રતિ કહેલો ઉપદેશ દરેક મુમુક્ષોએ ગ્રહણ, મનન કરી તે મુજબ વર્તન કરવા યોગ્ય છે, તેથી મનુષ્ય જન્મ સફળ થાય છે અને આ લોક પરલોકનું અત્યુત્તમ સુખ મેળવી શકાય છે.

૧૦૦ સાચનો પ્રતાપ.

જુઠું બોલે જે કદી પાપી પૂરો થાય;
દેખો આ દૃષ્ટાંતથી સાચ તણો મહિમાય.

કુસંગતિના યોગે અનીતિના માર્ગપર ચડી ગયેલા એક માણસને મોટા ગુનાહો કરવાની ટેવ પડી ગઇ હતી. એક વખત તેણે કોઇ જગ્યાએ ધર્મનો બોધ થતો સાંભળ્યો, જેમાં માણસો પોતાની અલ્પ આયુષ પૂરી કરી સરજનહારની હજુરમાં પોતાનાં કુકૃત્યોનો હિસાબ આપવા ખડા થાય છે ત્યારે તેઓના ઉપર પડતી વિટંબણા અને તે પછીનાં હંમેશ સુધીનાં ભોગવવાં પડતાં દુઃખોનો અહેવાલ સાંભળી તેને ત્રાસ થયો અને પોતાનાં દુષ્ટ કૃત્યો પ્રતિ તિરસ્કાર ઉપજ્યો. હવે તેને ધર્મિષ્ટ થવાની પ્રબળ ઇચ્છા ઉદ્ભવી, આથી તે પોતાના ધર્મગુરૂ પાસે આવી પોતાનાં પાપનો અંતઃકરણપૂર્વક પશ્ચાતાપ કરી કહેવા લાગ્યો કે "હે ગુરૂદેવ, મેં મારી આટલી જીંદગી ગુનાહો કરવામાંજ વ્યતિત કરી છે. હું હંમેશાં જુઠું બોલું છું, વ્યભિચાર કરૂં છું, શરાબ પીઉં છું અને જુગાર પણ રમું છું. મારી એ બુરી ટેવોનો નાશ થાય અને હું ખરો ધર્મિષ્ટ બનું એવો ઉપાય બતાવો." ગુરૂજીએ તેની નિર્મળ ભાવનામય આરતવાણીની અરજ સ્વીકારી કહ્યું કે "વત્સ, તું મારી એક વાત કબુલ કર કે વારે આજ પછી કોઇ દિવસ જુઠું બોલવું નહિ. કોઇપણ પ્રસંગમાં અને ગમે તેટલી સંકડામણ હોય પણ સત્ય વાત કરવી, બસ. એ નિયમનું પાલન કરીશ તો તું સાચો ધર્મિષ્ટ થઇ શકીશ."

પેલાએ ગુરૂદેવનો હુકમ માથે ચડાવી તે મુજબ વર્તવા પોતાના દૃઢ મનથી ઈકરાર કર્યો.

સાંજના વખતે જ્યારે તેની શરાબ પીવા જવાની વેળા થઇ ત્યારે તેણે વિચાર કર્યો કે રસ્તે મળતાં મને કોઇ પુછશે કે કયાં જાઓ છો ? કે કયાં ગયા હતા ? તો શું હું એમ કહી શકીશ કે દારૂ પીવા જાઉં છું કે ગયો હતો. એમ સાચું તો કહેવાશે નહિ અને જુઠું બોલવું નહિ એવી ગુરૂની આજ્ઞા છે. આમ વિચાર કરી બે ઘડી મુંઝાઇ શરાબ પીવા જવાની વાત માંડી વાળી. થોડી વાર થઇ તો વ્યભિચારપર જવાનો તેનો હંમેશનો ટાઇમ થયો ત્યારે પણ ઉપર પ્રમાણે વિચાર કરી બેસી રહ્યો અને મોડી રાત્રે જુગાર ખાને જવાનું પણ એજ કારણથી બની શકયું નહિ. આવી રીતે જુઠું નહિ બોલવાની ટેક પાળવાથી બધા ગુન્હાનાં કૃત્યોથી તે બચ્યો તેથી તેનાં સર્વ આચરણો શુદ્ધ થતાં અંતે સદ્દગતિ પામ્યો.

સાર—માણસોને જુઠું બોલવાની બુરી ટેવ નાનપણથી લાગુ પડે છે એ ઘણું કરીને તો વડીલો તરફથી મળેલો વારસો કે કુસંગતિનું પરિણામ છે. સર્વ ગુનાહોનું મુળ જુઠાણું છે. દરેક મનુષ્યની ફરજ છે કે સદા સાચું બોલવું એથી દુનિયામાં યશ અને પરલોકમાં શાન્તિ મળવા ઉપરાંત પોતાની સંતતિને એ ગુણ વારસામાં આપતાં તેઓનું પણ હિત સાધી શકાય છે.

૧૦૧ ચંચળ ચિત્ત.

ચંચળ ચિત માયા વિષે ધંધામાં બહુ ધ્યાન;
શાસ્ત્ર કથા કે શીખતે કથન ધરે નહિ કાન.

આશરે પંદર વર્ષની વાત ઉપર યુરોપ ખંડમાં આવેલા સરવીયા દેશના રાજા વિષે ખરી બનેલી હકીકતની એક વાત નીચે પ્રમાણે છે:—

એવું કહેવાય છે કે થાણાના સિપાઇઓએ કોઇ કારણસર રાજા રાણીને મારી નાખવાનો ઠરાવ કર્યો, અને એવી યુકતી રચી કે રાત્રે રાજય મહેલમાં પેસી રાજા રાણીને ઉંઘતાં પલંગપર કાપી નાખવાં. એ દુષ્ટ કૃત્ય કરવામાં રાજય મહેલનો રક્ષક અધિકારી પણ સામેલ હતો.

ઉપલી ભયંકર યોજનાની ખબર રાજાના એક વિશ્વાસુ સિપાઇએ પત્રમાં લખી રાજાના પ્રધાન ઉપર મોકલી અને એ બંધ કવર સાથે પ્રધાન ઉપર એક ચીઠી લખી જણાવ્યું કે "સાથેનો પત્ર એક પળની પણ ઢીલ વગર રાજા સાહેબને આપશો કેમ કે ઘણી અગત્યની ખબર તેમાં લખવામાં આવી છે." પ્રધાનને પત્ર મલતાં તે તરતજ રાજા પાસે ગયો અને બંધ કવર રાજા સાહેબને આપતાં સુચના કરી કે "આમાં કંઇ અગત્યની બીના છે." રાજા સાહેબે પત્ર ફોડયો અને કવરમાંથી અર્ધો બહાર કાઢયો; એવામાં તેમનું મન દેશના બીજાં ઘણાં કામોમાં ગુંથાયેલું હતું તેથી પ્રધાન તરફ ફરી અગત્યની બાબદ યાદ આવવાથી વાતચીત કરવા લાગ્યો અને તે વિષય પર રાજાનું ચિત ખેંચાતાં પેલો આવેલો તાકીદનો પત્ર હાથ

માંથી ગજવામાં મુકયો અને વાંચવો રહી ગયો. પેલા દુષ્ટ સિપાઇઓએ કરેલી યોજના મુજબ તેઓ રાજ્ય મહેલમાં ઠરાવેલી રાત્રે પેસી ગયા અને રાજા રાણીને બહુ ક્રુર રીતે મારી નાખ્યાં. વિશ્વાસુ માણસે ચેતવણી લખી મોકલ્યાં છતાં રાજારાણીનો બચાવ કેમ ન થયો? કારણ માત્ર એટલુંજ હતું કે "પત્ર વાંચવો રહી ગયો." ઘણા કામની ચિંતામાં પત્ર વાંચવો ભૂલી ગયો.

સાર—ભયંકર મોતની શિક્ષા આપણા માથા ઉપર ઝઝુમી રહી છે, અને નકસાની ખયાલોના બંધનમાં ન પડતાં ચેતીને ચાલવા અને સુકૃત્યો કરવા વિષેનો સદ્દગુરૂનો ઉત્તમ બોધ સદ્-શાસ્ત્રદ્વારા આપણને મલ્યો છે એજ ચેતવણીનો પત્ર સમજવો, પણ જો દુનિયાનાં કામોમાં ગુંથાયેલા રહી એ પત્ર વાંચવો વિચારવો રહી જશે તો રાજારાણીની માફક માઠું પરિણામ આવ્યા વગર રહેશે નહિ બલકે એ કરતાં પણ વધારે હાની સમજવી.

સમાપ્ત.

દૃષ્ટાંત સંગ્રહના ગ્રાહકોના મુબારક નામોની વિગતઃ-

દારસલામ.

૩૯ શીઆ ઇમામી ઇસ્માયલીઆ કાઉન્સિલના મેમ્બર સાહેબો.

૫	પ્રેસીડેન્ટ	અલારખ્યાભાઇ ખેરાજ.
૨	મુખી	ફાજલભાઇ જમાલ.
૧	કામડીઆ	રેમતલાભાઇ ગુલામાણી.
૫	અમલદારી	કાનજીભાઇ નાનજી.
૫	,,	કરમાલીભાઇ ડાહ્યા.
૩	,,	અલારખ્યાભાઇ હામાણી.
૫	,,	જમાલભાઇ રવજી.
૩	,,	કાસમભાઇ જેઠા.
૫	,,	જીવરાજભાઇ કચરા.
૫	,,	અલારખ્યાભાઇ જાનમામદ.

૩૯

૫	કામડીઆ	હબીબભાઇ શામજી.
૧	,,	સાલેમામદભાઇ થાવર.
૧	,,	કરમાલીભાઇ મુલજી.
૫	મુખી	અકબરઅલીભાઇ રતનશી ટાંગાવાલા.
૩	,,	જાફરભાઇ હાજી.
૨	ભગત	હીરજીભાઇ અમરસી.
૨	મેસર્સ	કે. હુસેનભાઇ નાસરની કું૦
૩	ભાઇ	જમાલભાઇ જીવરાજ.
૨	ભાઇ	કાસમભાઇ દામજી ખીમાલી.
૨	,,	મહમદઅલીભાઇ હાસમ મુરજી.
૨	મુખી	સલેમાનભાઇ શામજી.
૨	ભાઇ	ફાજલભાઇ એસમાલ.
૨	મુખી	હાસમભાઇ ઝીણા.
૧	ભાઇ	હુસનઅલીભાઇ ઝવેર.
૧	,,	હુસેનભાઇ નાનજી.
૧	મુખી	માવજીભાઇ કચરા.
૧	ભાઇ	મામધભાઇ લાલજી.
૧	કામડીઆ	હસનઅલીભાઇ સાલેમામદ.
૧	ભાઇ	નુરમામદભાઇ વીરજી.
૧	,,	મુરજીભાઇ ડોસા.
૧	કામડીઆ	શરીફભાઇ લધા.
૧	ભાઇ	એસમાલભાઇ રવજી.
૧	,,	ઝવેરભાઇ કરસન.
૧	,,	ઝવેરભાઇ મેઘજી.
૧	,,	મુસાભાઇ કાસમ.

૧	ભાઇ	કરમાલીભાઈ કારા.
૧	,,	અલીભાઇ હરજી પુંજા.
૧	,,	અલીભાઇ જીવરાજ મુરજી.
૧	,,	કરમાલીભાઇ શરીફ.
૧	,,	સલેમાનભાઇ દેવજી.
૧	,,	ધરમસીભાઇ શરીફ.
૧	મુખી	મુરજીભાઇ નથુ.
૧	કામડીઆ	ઝીણાભાઇ પુંજા.
૧		ગુલામહુસેનભાઇ સાલેમામદ.
૧		જીવરાજભાઇ લીલા.
૧		વેલજીભાઇ સુંદરજી.
૧		અલીભાઇ જાનમામદ.
૧		જમાલભાઇ નારાણ.
૧	માસ્તર	માધવજીભાઈ મનજી.
૧		અલીભાઇ એરમાલ ઓધા.
૧		હબીબભાઇ પ્રધાન.
૧		મીઠાભાઇ પુંજા.
૧		વીરજીભાઇ પુંજા.
૧		નથુભાઇ નાનજી.
૧		પુંજાભાઈ ભીમજી.
૧		સલેમાનભાઇ પુંજા.
૧		શરીફભાઇ રવનસી.
૧		હીરજીભાઇ ભીમજી.
૧૦૭		
૪૩		મનજી લાલજી નાઇયણી.
૧૫૦		

૨૫૦		કચ્છની ઇસ્માઇલી સ્કુલોમાં ઇનામ આપવા હસ્તે વારસ મોહેદીનાભાઇ મેઘજી.	કચ્છમુંદ્રા.
૧	શેઠ	હુસેનભાઇ સુલેમાન.	વણાકબારા
૧	,,	જાફરઅલી ભુદરભાઇ	જુવારદ.
૧	,,	રાશીદભાઇ ઇસ્માઇલ	મુંદ્રા.
૧	,,	ગુલામહુસેનભાઇ બંદેઅલી	,,
૧	,,	મોહનભાઇ ધારસી.	ટીકર.
૧	,,	હાસમભાઇ જમાલ.	કણુકા.
૧	,,	મુરાદઅલીભાઇ ગુલામહુસેન.	બસરા.
૧	,,	મહેરઅલીભાઇ ભાણુજી.	,,
૧	,,	ઝવેરભાઈ ગુળજી.	ભોલાદ.
૧	,,	મોલેદીનાભાઇ હીરજી.	મારાંગાલી
૧	,,	અલીદીનાભાઇ કાસમ.	કીલીમાટીન્ડી
૧	,,	અબદલાભાઇ જીવરાજ.	,,
૧	,,	હબીબભાઇ કાસમ.	દારસલામ.
૧	,,	મનજીભાઇ ગાંગજી ખાદુ	કીગોમા.